

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૬૦મું · અંક ૨જો · ફેબ્રુઆરી · ૧૯૮૩
સળંગ અંક
૭૧૦
તંત્રી · બિહારીલાલ ટાંક



વસંતનું આગમન • ફોટો : અશ્વિન મહેતા



કોસીન્દ્રા પાસેનું નિસર્ગ દૃશ્ય

કલાકાર : સ્વ. હરિવદન ભટ્ટ

'કુમાર'ના ૧૯૮૦ અને '૮૧ના બધા અંકો તથા ઈ. ૧૯૭૭ના મેથી ઑક્ટોબર અને '૭૮–'૭૯ના ફેબ્રુઆરીથી ડિસેમ્બર સુધીના પ્રત્યેક અંક પોસ્ટેજ સાથે રૂ. ૧–૨૫ની કિંમતે આપવાની જાહેરાત અગાઉ કરી હતી. હવે તેનું વેચાણ ચાલુ થયું હોઈ ઇચ્છુકો તે અંકો મંગાવી શકે છે. **કિંમત પેટે ટપાલટિકિટો સ્વીકારાશે નહિ.**

આ અંકમાં

ફેબ્રુઆરી ૧૯૮૩
સળંગ અંક ૭૧૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦–૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

'કુમાર'માં વી. ટી. ટ્રમ્પરનો પરિચય વાંચ્યો. લેખક શ્રી ભરત ભટ્ટને અભિનંદન. આ જ રીતે ભારતના મહાન ખેલાડીઓનો પણ પરિચય આપો.

(સૂરત) —અશોકકુમાર વી. પરમાર

'ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ'ની માળામાં બે પરિચયો વાંચ્યા પછી કુતૂહલ વધી ગયું છે. જેના વિશે અમને જાણ પણ નહોતી એવા, પોતાના સમયના આવા વિખ્યાત ક્રિકેટ-ખેલાડીઓ વિશે આ રીતે વિગતે જણાવવા બદલ લેખક અને 'કુમાર' બંનેને અભિનંદન.

જાન્યુઆરીના અંકમાં ગુજરાતનાં બંદરો વિશેના લેખની આશા ફળી નહિ.

(સાન્તાક્રુઝ-પૂર્વ) —રમેશચંદ્ર નાણાવટી

* શ્રી ભરતભાઈની લેખમાળાને આવકારતા બીજા પત્રો પણ મળ્યા છે. આથી આનંદ અને સંતોષ અનુભવીએ છીએ. બંદરો વિશેના લેખોમાં સલાયા અને વાડીનાર વિશેનો લેખ હવે પછીના અંકમાં પ્રકટ થશે. —સં.

જાન્યુઆરી '૮૩ના અંકમાં શ્રી પ્રફુલ્લ રાવલ લિખિત ક્રાંતિકાર કવિ સુબ્રહ્મણ્ય ભારતીનો પરિચયલેખ વાંચી આનંદિત થયો છું. નાની વયમાં અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરનાર કવિશ્રી ભારતી આપણા દેશનું ગૌરવ છે.

(અમદાવાદ-૧૩) —ઈશ્વરલાલ પરમાર

જાન્યુઆરીના અંકમાં 'કલાવાર્તા'માં 'વાન ગોઘે ૬૭ વર્ષની વયે પહોંચ્યા પછી ચિત્રકામ શરૂ કરેલું' એવો ઉલ્લેખ છે.... —વાન ગોઘ માત્ર ૩૭ વર્ષ જીવ્યો હતો એ આપને યાદ દેવડાવવું પડે ?

(?) —એક વાચક

* એ છાપભૂલ બદલ દિલગીર છીએ. ૨૭ વર્ષની વયે તેણે ચિત્રકામ શરૂ કરેલું. —સં

'કુમાર'માં 'ટેસ્ટ ક્રિકેટની શતાબ્દીની વિશ્વ-એકાદશ'માં વી. ટી. ટ્રમ્પર વિશે વાંચી ઘણો આનંદ થયો. લેખકની શૈલી તથા શબ્દોની ચમત્કૃતિ પ્રશંસનીય છે. તેમાં યે 'જેવો સંબંધ પં. રવિશંકરને સિતાર સાથે, ટાગોરને કલમ સાથે તેવો ટ્રમ્પરને બૅટ સાથે' આ સરખામણી દાદ માગી લે તેવી છે. નામ પણ નહિ સાંભળેલું તેવા એક ક્રિકેટર વિશે જાણી આનંદ થયો. આખો લેખ ખૂબ જહેમતથી લખાએલો છે. ક્રીઝ બહાર રહી બૅટિંગ કરવાની ટ્રમ્પરની લાક્ષણિક અદા દાખવતો ફોટો પણ ખૂબ ગમ્યો. ભરતભાઇને હૃદયપૂર્વકના અભિનંદન. આ માળાના બીજા લેખો માટે આતુરતા જાગી છે.

'કાન્તિડો સાયકલવાળો' ચરિત્ર-નિબંધ પણ હળવી મજા કરાવી ગયો. સાથેસાથે લેખકે સચોટતાથી ચાબખા મારી નિખાલસ માનવીની સુંદર બાજુને પણ પ્રકટ કરી દીધી. અભિનંદન.

(માંડલ) —ઇન્દ્રવદન એસ દોશી

...As Shri Narottam Palan has appreciated the coverpage and the layouts of the July-August issue, so, I would like to say that the Nov.-Dec. issue also has very good layouts for the coverpage as well as the inside pages. The layouts for article on 'fossils' are particularly appealing.

The amount of 'editing' (in the most appropriate sense of the term) you are doing, is highly laudable...but, it is also very tragic that not many people know about the efforts you and your team members put in. 'Kumar' is the baby of Shri Ravishanker Rawal and Shri Bachubhai Rawat, but, the credit should go to you for nourishing it extremely well during this period of intellectual lethargy and indifference towards idealism, on the part of our people.

I hope and pray that the period of crisis (will) be over soon, and your efforts are amply rewarded.

(Vile-parle) —Pavankumar Jain

શ્રી પવનકુમાર જૈનનો 'કુંવાર' લેખ નાનકડો પણ રસપ્રદ છે.

પાંચેક દાયકા પહેલાં વતનમાં ઘરની ઓસરી કે ઓરડામાં માખી-મચ્છરના ઉપદ્રવ સામે આ વગડાઉ છોડને લટકાવવામાં આવતો હોવાનું સ્મરણ છે.

રાઈલર, બ્રેડી અને રોબર્સ કૃત 'ફાર્મોકોગ્નોસી' (૧૯૭૬-૭મી આવૃત્તિ, પૃ. ૮૩)માં વિધાન છે: In 1935 the Juice was recommended in treating third degree x-ray burns and, more recently, it has been advocated in treating atomic radiation burns. કુંવારના રસના આ ગુણ વિષે વધુ જાણવા મળી શકે ?

સ્ત્રીઓના અટકાવ અંગેની ફરિયાદોમાં 'કુમારી-આસવ' અકસીર ગણાય છે. ભારત અને ચીન જેવા દેશોમાં વસ્તી-વધારો એ એક મોટી સમસ્યા છે, પરંતુ અમુક દેશોમાં 'વસ્તી કેમ વધારવી' એ પ્રશ્ન છે. કુંવાર એમાં કદાચ ઉમદા ફાળો આપી શકે, 'ઇન્ડિયન કાઉન્સિલ ઑાવ મેડિકલ રિસર્ચ' પ્રકાશિત 'મેડિસિનલ પ્લાન્ટ્સ ઑાવ ઇન્ડિયા' (પુ. ૧ ૧૯૭૬, પૃ. ૪૫)માં જણાવ્યું છે:

Pharmacological and Clinical studies: The fertility rate of female rabbits was found to increase when 60 mg./kg. or more of A. indica powder was given interagastrically. There was also a significant increase in the litter size of the animals. (Sharma etal. 1972).

Aloes compound was found to improve fertility in 85 per cent of 250 cases of sterility. The menstrual functions also improved in in 45.60 percent of cases. It has been concluded that aloes compound is very useful in cases of functional sterility and disturbed menstrual function (Gupta 1972).

ખ્યાતનામ વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈંદ્રજી લખે છે, 'કુંવારનાં ફૂલ કઢીમાં નાખવામાં આવે છે, તથા તેને મીઠું લગાડી કચૂંબર તરીકે તે ખવાય છે. કુંવારના છોડ પાણીના ધોરિયાને કાંઠે કે વાડ પાસે જ્યાં હમેશાં એને પાણી મળતું રહે તેવી જગ્યાએ હોય તો તેની કડવાશ ઓછી થઈ જાય છે. આવી કુંવારને મીઠી કુંવાર કહે છે. મીઠીકુંવાર વિશેષ કરીને અથાણાં કરીને કે બીજી રીતે ખાવામાં વપરાય છે. પોરબંદર સ્વસ્થાનમાં મિયાણીથી માધુપુર સુધી દરિયાકાંઠાના

રેતીના ઢસાઓ ઉપર કુંવારના છોડવાઓ અસંખ્ય ઊગે છે. પોરબંદરના જુરી પ્લાન્ટેશન ઉપર ઊડતી રેતી દબાવવા માટે કુંવારના છોડવાઓનું મોટા વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે.' (વનસ્પતિશાસ્ત્ર-૧૯૧૦, પૃ. ૬૬૯-૬૭૦).

અમેરિકામાં ક્રીમ, લૉશન ઇત્યાદિમાં કુંવારના ઉપયોગવાળાં પ્રસાધનો પણ વેચાય છે. જો કે ત્યાં આયુર્વેદિક ઔષધો સામે પૂર્વગ્રહ ખરો. ખાદ્યપદાર્થ અને ઔષધ-તંત્ર પ્રકાશિત પત્ર (FDA Consumer, જુલાઇ-ઑગસ્ટ, ૧૯૮૧)માં કુંવારના ઔષધીય ગુણો અને પ્રસાધનોમાં તેની ઉપયોગિતા વિષે શંકા દર્શાવતો લેખ પ્રસિદ્ધ થએલો, અને ત્યાંની 'નૅશનલ ઍલો (કુંવાર) સાયન્સ કાઉન્સિલે' તેનો રદિયો પણ આપેલો (નવે.'૮૧). વિવાદ હજી ચાલે છે.

અમેરિકાના હવાઈ ટાપુઓમાં તો કુંવારની રીતસર ખેતી થાય છે, અને ઘરઆંગણે પણ તે ઉગાડાય છે એમ ત્યાંની માર્ગદર્શક પુસ્તિકા (જુલાઈ '૮૨-પૃ. ૪૧)માં દર્શાવ્યું છે. ત્યાંના પાટનગર હોનોલુલુમાંથી અમે રાસાયણિક પરીક્ષણ માટે સ્થાનિક કુંવારનો એક છોડ સાથે લાવેલાં, પણ વચ્ચે થએલાં રોકાણોમાં વધુ સમય વીતતાં એ છોડમાંથી રસ ઝરવા લાગ્યો એટલે તેને ફેંકી દેવો પડેલો.

'કુંવાર' વિષે તો વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે.*

(વડાલા) —લાજવંતી ગણાત્રા,
વી. બી. ગણાત્રા.

(*પત્રલેખકે આ વિષે સત્તર પુસ્તકોની યાદી પણ મોકલી છે, પણ વિસ્તારભયે તે અહીં આપી નથી. —સં.)

અમેરિગો વેસ્પુસીનું વૃત્તાંત વાંચ્યું. સંપાદકીય નોંધમાં અમેરિકાની શોધ વિષેના લખાણના સંદર્ભે થોડું—

ટોમસ જે. ફ્લૅમિંગે ઈ. ૧૯૭૩માં 'હુ રીઅલી ડિસ્કવર્ડ અમેરિકા?' એ નામનો લેખ 'રીડર્સ ડાયજેસ્ટ'માં લખેલો. લગભગ સો વર્ષ પૂર્વે દક્ષિણ આફ્રિકામાં કંઈક લખાણ કોતરેલો એક પથ્થર મળેલો. અમેરિકાના પ્રમાણભૂત વિદ્વાન અર્નેસ્ટ રેનન પાસે તેની વાચના કરાવવામાં આવી, પણ તેમના દ્વારા એ વાચના અને અર્થઘટન ખોટાં થયાં હતાં. એ પછી છેક ૧૯૬૭માં સાયરસ ગૉર્ડને ફરી તેની વાચના કરી, ને એમણે પોતાના પુસ્તક 'બીફૉર કૉલંબસ'માં તેનો ઉલ્લેખ કર્યો, આ વાચના પરથી ઈ. પૂર્વે ૫૩૧ની આસપાસના કાળમાં સિડોનીઅન કૅનાનાઈટ્સ લોકો એ ખંડમાં અકસ્માત પહોંચેલા તેમ લાગે છે. એ સંભવત: શુદ્ધ વાચનાનો અંશ આ સાથે આપું છું. એક સંદેશ રૂપે આ લખાણ કોતરેલું છે.

We are Sidonian Canaanites from the city of the Merchant King. We were cast up on this distant island, a land of mountains. We sacrificed a youth to the celestial gods and goddesses in the nineteenth year of our mighty King Hiram and embarked from Eziongeber into the Red sea.

We voyaged with ten ships and were at sea together for two years round Africa. Then we were separated by the hand of Baal and were no longer with our companions. So we have come here, 12 men and 3 women, in the 'Island of Iron'. Am I, the admiral, a man who would flee? Nay! May the celestial gods and goddesses favour us well,

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

[*વેપારી રાજાની નગરીના અમે સિડોનીઅન કેનાનાઈટ્સ છીએ. દૂરના આ ટાપુ–પહાડોની ભૂમિ પર અમે આવી ચડયાં છીએ. અમારા સમર્થ રાજા હિરમના ઓગણીસમા વર્ષમાં આકાશના દેવ-દેવીઓને બલિ ચડાવીને અમે એઝીઓંગેબરથી વહાણે ચડી રાતા સમુદ્રમાં નીકળેલા.

દસ વહાણોમાં અમે બે વર્ષ સુધી આફ્રિકાને ફરતે સફર કરી. પછી બાલના હસ્તે અમે છૂટા પડી ગયા અને અમારા સાથીઓનો સંગાથ રહ્યો નહિ. આમ, અમે-૧૨ પુરુષો અને ૩ સ્ત્રીઓ અહીં આ 'લોહના ટાપુ' પર આવી ચડ્યાં. શું હું–જલસેનાપતિ નાસી જનારો માણસ છું? નહિ જ. આકાશના દેવ-દેવીઓની અમારા પર કૃપા હો.

આવો કંઈક અર્થ પત્રમાંના અંગ્રેજી અવતરણનો છે. આમાં કેટલાંક નામ અલ્પ પરિચિત લાગશે તે અંગે થોડી વિગતો નીચે આપી છે:

ઈસ્વીસન પૂર્વે ૯૭૪ થી ૯૩૭ દરમિયાન પ્રાચીન ઈઝરાએલમાં સોલોમનનું રાજ હતું ત્યારે તેની ઉત્તરે ફિનિશિયામાં હિરમનું શાસન હતું. સિડોન અને ટાયર તેનાં બે મોટા બંદરો હતાં. (આ સિડોન 'સઈદા', અને ટાયર 'સૂર' નામે પણ ઓળખાય છે.) સિડોનમાં બનેલાં કાચ, લિનન, વિશિષ્ટ પ્રકારનો જાંબલી (પર્પલ) રંગ અને અત્તરોની વ્યાપક ખ્યાતિ હતી. ટાયર બંદરેથી આ બધો માલ, અને ખાસ તો પર્પલ રંગ ભૂમધ્ય સાગરમાં દૂરદૂર સુધી જતો. બાઈબલમાં આ ફિનશિયનોનો સિડોનીઅન્સ તરીકે ઉલ્લેખ છે. આ લોકો અચ્છા વેપારીઓ અને સાહસિક વહાણખેડૂઓ હતા. વેપાર અને વસવાટ માટે તેઓ બહુ દૂરના દેશો સુધી જતા. કાર્થેજની સ્થાપના પણ ફિનિશિયનોએ જ કરેલી. ટાયર પણ મૂળ તો સિડોનીઅનોની એક મોટી વસાહત હતું જે આગળ જતાં વેપારનું મોટું ધામ બન્યું અને હિરમ ટાયરના રાજા તરીકે પણ ઓળખાતો. એની કબર પણ ટાયરમાં જ છે. પ્રાચીન કાળમાં આ બંને નગરીએ ઘણી ચડતી પડતી જોઈ હતી અને ઈ. સ. પૂર્વે ૩૩૨માં સિકંદરે એ જીતી લીધાં બાદ પણ સીરિયનો ઇજિપ્શીઅનો, રોમનો, ક્રિશ્ચિયનો અને મુસલમાનોનાં પણ અનેક આક્રમણો અહીં થએલાં.

કૅનાન એ પ્રાચીન પૅલેસ્ટાઈનનું નામ છે. નોઆહના એક પૌત્રના નામ પરથી એ પડેલું ને ત્યાંની પ્રજા કૅનાનાઈટ્સ તરીકે ઓળખાતી. આગળ જતાં ઈઝરાએલીઓએ આ પ્રજા પર આક્રમણ કરી તેને કચડી નાખી હતી.

'બાલ' એ મૂળ તો પ્રાચીન હીથન લોકોનું દેવતા માટેનું સંબોધન છે. અનેક દેવો આ નામે સંબોધાતા. બૅબીલોનીઅન 'બેલ' પણ આ બાલ પરથી આવેલું સંબોધન છે. નોઆહના સૌથી મોટા પુત્ર શેમના વંશમાંથી ઊતરી આવેલી પ્રજાઓ, યહૂદીઓ, પ્રાચીન અરબો, એસિરીઅનો, ફિનિશીઅનો અને દક્ષિણ-પશ્ચિમ, એશિયાની પ્રાચીન પ્રજાઓમાં વસંતઋતુ, વૃક્ષો, પ્રાણીઓ અને અન્ય અનેક પ્રાકૃતિક સ્વરૂપોના દેવ તરીકે બાલનું માહાત્મ્ય હતું. પ્રકૃતિના પુરુષ સ્વરૂપે તેની પૂજાઅર્ચના થતી. કેટલેક સ્થાને તેને સૂર્યદેવ પણ માનવામાં આવ્યો છે.

એઝીઓંગેબર એ રાતા સમુદ્રની ઉત્તરે અકબાના અખાતના ઉત્તર છેડા પરના એક પ્રાચીન બંદરનું નામ છે. અહીંથી ઊપડેલાં વહાણો રાતા સમુદ્રમાં થઈ પૂર્વ આફ્રિકા, યમન ને હિંદુસ્તાનના કાંઠા સુધી વેપાર અર્થે જતાં. સોલોમનના સમયમાં અહીં તાંબુ ને લોહ ગાળવામાં આવતું જેના અનેક સુંદર નમૂનાઓ પુરાતત્ત્વવિદોને મળ્યા છે. —સં.]

તારે આવ્યે / સ્નેહરશ્મિ

-મનહર-

છે તું કયા પથે તેના નથી સમાચાર,
તારાં પગલાંનો સુણું ઉરે થડકાર!
વ્યાકુળ આ પ્રાણ મારા જુએ ચારે પાસ—
ન પ્રકાશ, ન કો આશ, નયનો ઉદાસ!
પથે તારા હશે પંક, કંટકો અપાર,
બિછાવું હૈયું આ: પાય તેની પરે ધાર!
આજ આ અમાસ રાત ભૂંસે તારો પંથ!
દીપશિખા બની તેને ઢંઢોળું દિગન્ત!
આવ, આવ; વેગે આવ! કરે શાને વાર?
તારે આવ્યે સમી જશે તેજે અંધકાર!

ઝૂલી જતો / દેવેન્દ્ર દવે

વસંતતિલકા-સૉનેટ

—ના, તું મને વઢતી શેં અમથી? સવારે
ચોડી થપાટ! હજી આંગળી-સોળ ઊઠ્યા
લે, જોઈ લે તું મનમાં મલકાતી છોને
ના, ના, હવે તું લગીરે નહિ ફોસલાવી
જીતી શકે સહજમાં! નથી બોલવું, જા,
ટૉફી વડે ન સમજાવી શકીશ. મારે
તારું કશું ય નથી સાંભળવું, ભલે તું
આંખો સુઝાવી રડી લે– નથી માનવાનો!
બેસી જતી પગથિયે પછી એકલી તું,
જોયાં કરે નજર કાતરથી મને; હું
ધીમેકથી અડપલું કરવા જતો ત્યાં–
તારાં સુકોમળ દગો છલકાય...જોતાં
હું ડોકમાં ટચુકડા કરને પરોવી
ઝૂલી જતો; ઝૂલવતી નિજ 'હાર' હોંશે!

કરવું શું ય / હરિકૃષ્ણ પાઠક

-ગઝલ-

ખાલી ફળિયું ઝૂરે વાટ,
ખાલી ખાલી ઝૂલે ખાટ.

અતલસની ગડીઓ અકબંધ,
કોણ હવે તો પૂરે માટ?

ખરખર વળીયું ખરખર મોભ,
ઊભું કોણ અધૂરે ઘાટ?

દદડે નેવાં દદડે નૅણ,
શું થાપી ને શું રે થાટ?

શગ સંકોરી કરવું શું ય,
કોઈ નહીં જ્યાં પૂરે વાટ!

ઘર / રાજેન્દ્ર શાહ

-હાઇકુ-

ઉંબર કને
સાથિયે પૂર્યાં ચોખા
ચકલી ચણે.

*

તડ ભેદીને
તેજ આવિયું; લાગે
રજ લટ્કાળી.

*

નીર ઝિલાયું
નળિયે, દીધા નભને
ઘરની ધૂણી.

*

આભની ભણી
રાતું, ઘરે નળિયું
કાજળકાળું.

*

નીર ઉલેચી
ગઈ ગામની નાર,
વાવ ના ઊણી.

*

ઘરને વ્યોમ
વિશાળ કાળી રાતે
દીપક સોમ.

બધાં શોધજો

અશરફ ડબાવાલા

-ગઝલ-

બધાં શોધજો એક સ્થળમાં રહીને
ભલે એ છુપાયો સકળમાં રહીને.
તમે દૂર ડૂબો ક્ષિતિજે ધરા પર,
અને હું તર્યે જાઉં જળમાં રહીને.
જરા બંધ આંખોની પાછળ વસો તો
બધું જોઈ શકશો પડળમાં રહીને.
હવે ના વિખેરો હવામાંથી પગરવ
મને શ્વાસ લેવા દો છળમાં રહીને.
અમે સાદ સાંભળવા ઊંડે ખૂંપી ગ્યા
પછી કોઈ બોલ્યું કમળમાં રહીને.

ભેખડ પર / નિરંજન યાજ્ઞિક

-ગાન-

ભેખડ પર ઘોડો રોકી હું જોઈ રહું, ને
નદી કિનારે હળવે હળવે સાંજ ઊતરતી હોય...

ચમક ચમક (સૂરજ બેડાં પર)
પતંગિયાંનું ભોળુંભોળું ટોળું રમતું હોય,
લંબાતા પડછાયા ભેળું
ભેખડનું કોરું હૈયું પાણીમાં ભમતું હોય;
પાણીમાં તરવરે માછલી એમ કશું મારામાં તરતું હોય!

ઠાકરનાં મંદિરથી વ્હેતી
ઝાલરના સ્વર મને ભીંજવી જાય,
સાવ અજાણ્યા સીમાડાનું
વ્હાલ ભીંસી દૈ મને મૂંઝવી જાય;
પંખીના કલરવની વચ્ચે કોઈ અજાણી આંખ નીતરતી હોય
ભેખડ પર ઘોડો રોકી હું જોઈ રહું, બસ...

મોસમનો પહેલો વરસાદ / મનોહર ત્રિવેદી

-ગાન-

મોસમનો પ્હેલો વરસાદ પડ્યો હેય હેય...
આળસ મરડી ફટાક છાપરાનાં નળિયેથી
રેલો ફળિયામાં દડ્યો હેય હેય...

હેય હેય આ નેવાંનાં પાણી સમેત
વહે અન્ધારું રે ઝાકમઝોળ
નદીએ તો ઠીક, અહીં છાતીમાં ઊઠે છે
પ્હેલ્લવ્હેલ્લો કોઈ હિલ્લોળ
ગૉખેથી સ્હેજસાજ સૂરજ દેખાય: ભીનો–
ઘરને ઉજાસ જડ્યો હેય હેય...

હેયહેય આ વ્હેલી સવારે લખમીજીનાં
લીલાં પગલાંની જોઉં ભાત
પાંદડીએ પાંદડીએ ઝિલાતી જાય
એની ઘૂઘરીઓ તૂટ્યાની વાત
જાસૂદનાં ફૂલ જેમ તારીયે આંખોમાં
કેવો ઉન્માદ ચડ્યો હેય હેય...

અભિવ્યક્ત કર મને

મનહર જાની

-મુક્તક-

ફૂલની સુગંધ છું પવન-પરસ્ત કર મને
વહેંચાયલો છું વ્યક્તિમાં સમસ્ત કર મને
હું સ્તબ્ધતા છું કોઈ બુલંદી અવાજની
તું આવ આવ આવ અભિવ્યક્ત કર મને!

અમીરખાન

ભાડૂતી સૈનિકમાંથી જે ટોંકનો નવાબ બન્યો અંગ્રેજી હકૂમત સામે જે જીવનભર લડતો રહ્યો અને જેણે મૈત્રીનું એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું

— અશોક હર્ષ —

સૈનિક તરીકે જ જન્મેલા, જીવેલા અને દુનિયાની વિદાય લેનારા પરાક્રમી પઠાણ અમીરખાનને અંગ્રેજ ઇતિહાસકારોએ પિંઢારાઓનો નેતા ઠરાવી તેનું અવમૂલ્યન કર્યું છે. પરંતુ ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીમાં આ દેશમાં ફેલાતી જતી અંગ્રેજ હકૂમતની જાળને છેદીને તેમને આ દેશમાંથી હાંકી કાઢવા કેડ કસનાર એ જમાનાનો એનો બરોબરિયો બીજો કોઈ જડે તેમ નથી.

ડૉ. કાનૂનગો જેને 'ભારતની અંતિમ મહાન લશ્કરી પ્રતિભા' તરીકે ઓળખાવે છે એ અમીરખાને આપબળે આગળ વધી રાજસ્થાન, રોહિલખંડ, બુંદેલખંડ, મધ્ય ભારતથી માંડી છેક દક્ષિણમાં પોતાનું વર્ચસ સ્થાપેલું. અફઘાનિસ્તાનમાં આવેલા બુનેરથી ભારત આવી તેના દાદા તાલીખાને રોહિલા સરદાર અલી મુહમ્મદખાનના હાથ નીચે નોકરી સ્વીકારી. તેના પિતા હયાત મુહમ્મદખાને સરાઈ તરીન મુકામે વસવાટ કર્યો, જ્યાં ઈ. ૧૭૬૮માં અમીરખાનનો જન્મ થયેલો. એ સમય એવો હતો જ્યારે બ્રિટિશોની પ્રપંચજાળ આ દેશમાં વધુ ને વધુ પથરાતી જતી હતી અને પ્રભાવશાળી ગણાતા એક પછી એક રાજ્યને ગળતી જતી હતી. એક સમયનું મહાન મુગલ સામ્રાજ્ય પોતાની સઘળી મહત્તા ગુમાવી દઈ દોદળું બની ગયું હતું, અલીવર્દીખાનના મૃત્યુ પછી બંગાળ, બિહાર અને ઓરિસ્સાનું રાજકીય અવસાન થઈ ચૂક્યું હતું. હૈદરઅલી અને તેના પુત્ર ટીપુએ દક્ષિણમાં અંગ્રેજોને પડકારરૂપ જમાવેલી સત્તા રોળાઈ જવા પામી હતી, હૈદરાબાદના નિઝામને વિવિધ પ્રલોભનોથી પડખામાં લઈને અંગ્રેજોએ પોતાને પડકારરૂપ તમામ સત્તાઓનો અંત આણી દીધો હતો. મરાઠાઓનું જોર પાણીપતના ત્રીજા યુદ્ધ બાદ નરમ પડી જઈ જે કંઈ શેષ રહ્યું હતું તે પ્રથમ અંદરોઅંદર વિભાજિત થઈ પછી અરસપરસ લડવામાં રોકાઈ ગયું હતું, જેમાં સિંધિયા અને હોળકર મુખ્ય હતા. પંજાબમાં રણજીતસિંહે એક બળવાન રાજ્ય ઊભું કરેલું, પરંતુ તે અંગ્રેજો સાથે ઘર્ષણમાં ઊતરવાથી દૂર રહેલો અને એના અવસાન પછી તો પંજાબ પણ બ્રિટિશોની દાઢમાં જઈ પડ્યું હતું.


અંગ્રેજોને આ દેશમાંથી ઉચાળા ભરાવવાની મૈસુરના સિંહ ટીપુ સુલતાનની યોજનાને ધૂળમાં મેળવવા પાછળ જેટલા અંગ્રેજો એટલા જ ખુદ તેના દેશભાઈઓ જવાબદાર હતા. એ પછી અંગ્રેજો સામે માથું ઊંચકવાની જ્યારે કોઈની મગદૂર નહોતી ત્યારે આ પઠાણબચ્ચો તેમને આ દેશની ભૂમિ પરથી હાંકી કાઢવાને મેદાને પડેલો. અલબત્ત, અંગ્રેજો જેટલું સૈન્યબળ કે શસ્ત્રબળ તેની પાસે નહોતું એટલે તેણે પોતાની રીતે યુદ્ધ આપ્યું. ભાડૂતી સૈનિકો તરીકે ગમે તે રાજવીને સાથ આપતા પિંઢારાઓનો એણે સાથ લીધો, પણ એટલા પરથી એને પિંઢારા અને લૂંટારુ તરીકે ઉતારી પાડી અંગ્રેજ ઇતિહાસકારોએ એની રાષ્ટ્રીય પ્રતિભા જ ઊભી થવા નથી દીધી. અલબત્ત, એણે લૂંટ ચલાવેલી, પણ તેની સેનાના અને અન્ય ભાડૂતી સૈનિકોને પગાર ચૂકવવા તેની પાસે બીજો કયો માર્ગ હતો? એને નહોતું એનું પોતાનું કોઈ રાજ્ય કે નહોતી કશી સ્થિર આવક. એમ તો અંગ્રેજ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સે કાશીના રાજા ચેતસિંગ ને અવધની બેગમોને ક્યાં નહોતી લૂંટી? જો એને અંગત વૈભવ જ અપેક્ષિત હોત તો એણે બ્રિટિશોના ભારે લલચામણા પ્રસ્તાવોને તુચ્છકારી કાઢ્યા ન હોત, તેને પોતાનું વિશાળ રાજ્ય જમાવવું હોત તો ટોંક જેવી નાની રિયાસતથી જ તે સંતોષ માનીને બેસી ન રહેત. અંગ્રેજો સામેના યુદ્ધમાં એની સાથે મૈત્રીની ગાંઠે બંધાયેલા હોળકરને એણે ચોખ્ખેચોખ્ખા શબ્દોમાં જણાવેલું કે, 'તમને જાણીને સંતોષ થશે કે હું જે લક્ષ્યને વરેલો છું તેથી અલગ પાડવા મને આખા જગતનું આધિપત્ય સોંપવામાં આવે તોપણ હું એ તુચ્છકારી કાઢવાનો.' તે કોઈ તકસાધુ નહોતો પણ દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં એક કૃતનિશ્ચય અને બિનહરીફ પ્રતિબળ હતો.

પિંઢારાઓની સેવા જેમ સિંધિયા અને હોળકર લેતા તેમ અમીરખાન પણ લેતો, એ પરથી એને પિંઢારો ન ગણાય. ઊલટું પિંઢારાઓના જુલ્મ સામે એણે કોટાના રાજરાણા જાલિમસિંહ ઝાલાને મદદ કરેલી. સિંધિયાના ભાડૂતી પિંઢારાઓએ હોળકરને જામઘાટ મુકામે ઘેરેલો ત્યારે અમીરખાને તેને એ ઘેરામાંથી છોડાવેલો. એણે જે પિંઢારાઓને પોતાની સેનામાં લીધેલા તેમની પાસેથી લૂટફાટનો ધંધો છોડાવી તેમની નીતિમત્તા ઊંચી આણેલી – ખાસ તો પોતાના ગુરુ સૈયદ અહમદ સાહેબના ઉપદેશ દ્વારા. તેની પોતાની નીતિમત્તા એટલી ઉચ્ચ કક્ષાની હતી કે માત્ર જશવંતરાવ હોળકર જ નહિ, પરંતુ જોધપુરના માનસિંહ અને ઉદયપુરના ભીમસિંહ પોતાને અમીરખાનના 'પઘડીબદલ' ભાઈ તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવતા. (સામસામી પાઘડી બદલાવીને એકબીજા સાથે ભાઈચારો સ્થાપનારાને 'પઘડીબદલ ભાઇ' તરીકે ઓળખાવવામાં આવતા.)

સ્વાતંત્ર્ય કાજે ઝૂઝનારો અમીરખાન હિન્દુ-મુસ્લિમ એકતાનો પણ અવ્વલ હિમાયતી હતો. એના લશ્કરી સામર્થ્યના તમામ સ્તંભો હિંદુ હતા — રાજાબહાદુર લાલસિંહ, મોહનસિંહ, ભવાનીપ્રસાદ, લાલા નિરંજન, લાલા નારાયણલાલ, રાય દૌલારામ, વગેરે. નવાબ અમીરખાન અને મહારાજા જશવંતરાય હોળકરની મૈત્રી પણ ભારતીય ઇતિહાસનું એક રોમાંચક પ્રકરણ છે. બંનેનું ઘડતર એમના જીવનસંઘર્ષને આભારી હતું, બંને આ દેશ પરની વિદેશી હકૂમતને હાંકી કાઢવા કૃતનિશ્ચય હોઈ બંને વચ્ચેની મૈત્રીનો વ્યાપ માત્ર અંગત ન રહેતાં બે જાતિઓ — પઠાણ અને મરાઠાને તે એક ગાંઠે બાંધતો હતો.

અમીરખાનને નાનપણથી જ સૈનિકજીવનનું આકર્ષણ જાગેલું અને નાનપણમાં જ ઘેરથી નાસી છૂટી એણે ક્રમશઃ પોતાના જેવા સાહસિક રોહિલાઓની ટોળી જમાવી. જુદાજુદા સેનાપતિઓના હાથ નીચે જુદાંજુદાં રાજ્યોના લશ્કર નીચે એની ટોળી લડતી રહેલી. દોલતરાવ સિંધિયાએ ખીચીઓને તેમના વતનમાંથી હાંકી કાઢ્યા ત્યારે તેમણે અમીરખાનની મદદ માગી. અમીરખાનની ટોળી વધતી જઇને લગભગ એક સેના જેટલું દળ મેળવી ચૂકી હોઈ તેણે સિંધિયા સામે યુદ્ધમાં ઝંપલાવાનું નક્કી કર્યું. નેપોલિયન તો યુદ્ધ દરમિયાન એક અઠવાડિયું ઘોડા પર ને ઘોડા પર રહેલો, પણ અમીરખાન તો સિંધિયાની સેના સામેના આ યુદ્ધમાં મહિના સુધી ઘોડા પરથી નહોતો ઊતર્યો – કુદરતી હાજત સિવાય લોટ પણ તે ઘોડા પર પોતાના હાથે બાંધતો, ભાખરીઓ જાતે ટીપતો, અને જંગલમાંથી લાકડાં ભેગાં કરાવી સળગાવરાવીને ઘોડા પર બેઠાબેઠા જ ભાલા વડે તે શેકીને ખાતો.

નાગપુરની જેલમાં પૂરવામાં આવેલો જશવંતરાવ હોળકર ગમે તે ઉપાયે નાસી છૂટી નિર્વાસિત બની ભટકી રહ્યો હતો ત્યાં તેના એક જૂના નોકર ખંડીએ અમીરખાન સાથે તેનો ભેટો કરાવી આપ્યો. ઈ. ૧૭૯૯માં બંને શુજાઅલપુર મુકામે મળ્યા. સાહે સિંહને ઓળખી



ટોંક એ સ્વાતંત્ર્ય પૂર્વેના રાજપુતાના અને મધ્ય પ્રાંતના પ્રદેશમાં એકબીજાથી દૂર એવા – ટોંક, અલીગઢ (રામપુરા), નિંબહેરા, પિરાવા, છાબરા અને સિરોંજ નામના છ વિભાગોમાં વહેંચાએલું નવાબી રાજ્ય હતું. આ છ યે વિભાગ મળી કુલ ૨૫૫૩ ચો. માઇલનો એ રાજ્યનો વિસ્તાર હતો. એકબીજાથી અલગ હોઈ સ્વાભાવિક રીતે જ તે દરેક વિભાગની ભૌગોલિક લાક્ષણિકતાઓ પણ ભિન્નભિન્ન હતી. ટોંક અને અલીગઢની ભૂમિ આહીંતહીં ઝાડીઝાંખરાથી ઢંકાએલી ખડકાળ ટેકરીઓવાળી ખુલ્લી અને સપાટ હતી. ટોંકની એકમાત્ર મુખ્ય નદી બનાસનો લગભગ ત્રીસેક માઇલ લાંબો પટ તેની પૂર્વ-પશ્ચિમ સીમા કાપતો હતો. શિયાળા-ઉનાળામાં તો નદીમાંથી ચાલીને જઈ શકાય તેટલું જ તેમાં પાણી રહેતું, પણ ચોમાસામાં પૂર આવે ત્યારે વેગ વધવા સાથે લગભગ ત્રીસેક ફૂટ ઊંડા પાણીનો એ પ્રવાહ માર્ગમાંનાં અનેક ગામ ધોઈ નાખતો. નિંબહેરા છૂટીછૂટી ટેકરીઓની હારમાળાઓથી વહેંચાએલો અને નૈઋર્ત્ય તરફ ઉચ્ચ પ્રદેશવાળો હતો. એના ઇશાન પ્રદેશમાં પહોંચતી ચિત્તોડની ટેકરીઓની હારમાં ઊંચાં શિખરો હતાં, જેમાંનું એક સમુદ્રની સપાટીથી ૧૯૮૦ ફૂટ ઊંચું હોઈ નિંબહેરામાં ઉચ્ચોચ્ચ શિખર મનાતું. છાબરાનો ઉત્તર અને મધ્ય વિસ્તાર ખુલ્લો અને બાકીનો જંગલ તથા ટેકરીઓથી છવાએલો હતો. પાર્વતી નદી તેની ઉત્તર અને પૂર્વની સીમા રચતી હતી. પહોળા પટવાળી પાર્વતી નદી ઉનાળામાં સુકાઈ જતી, પણ ચોમાસામાં તેમાં કેટલાંક સ્થળે હોડી ફેરવી શકાય તેટલું પાણી વહેતું.

બુનેર છોડી રોહિલાખંડમાં અલી મહંમદખાન પાસે આવી રહેલા તાલેખાનના પુત્ર હયાતખાને મુરાદાબાદમાં થોડી જમીન મેળવી હતી. આ હયાતખાનનો પુત્ર અમીરખાન વીસેક વર્ષની વયે ઘર છોડી દસેક જેટલા સાથીઓ સાથે લશ્કરમાં નસીબ અજમાવવા નીકળેલો. ાળવામાં પેશ્વાના એક સરદારની પાડૂતી સેનામાં મામૂલી પગારે →

લીધો અને બંને વચ્ચે લેખિત કરારો થયા કે બેઉના સામાન્ય દુશ્મન સામે બંને સાથે રહીને લડશે, અને એમાં જે કાંઈ મળશે તે સમાન હિસ્સે વહેંચી લેશે.

આ ઐતિહાસિક મિલન બાદ બંનેએ સાથે મળી ઇંદોરની પહેલી રાજધાની મેહસિર પર ચડાઈ કરી ને એની સાથે હિન્દિયા (હોશંગાબાદ નજીક, જ્યાં મુલ્લા દોપ્યાજાની કબર આવેલી છે) જીતી લઈ પુષ્કળ જરઝવેરાત હાથ કર્યું. પોતાની સત્તા પુનઃ પ્રાપ્ત થતાં હોળકરે જરઝવેરાતના હિસ્સા સાથે અમીરખાનને અમુરુલમુલ્ક શમશેરજંગ-બહાદુરના ઈલકાબ સાથે સિરોંજની જાગીર બક્ષિશ આપી.

મેહસિર જીત્યા પછી બંને નુસઈ ઊપડ્યા અને ત્યાં ફ્રેન્ચ સેનાપતિ સેવાલિયે દુદ્રાંને હરાવ્યો. બાદ બંને એકબીજાને આપત્તિ સમયે મળવાનો કૉલ કરી છૂટા પડ્યા. વચ્ચે કંવર નામના ગુર્જરે હોળકરના કાન ભંભેરતાં એને અમીરખાનની મિત્રતા વિષે શંકા ઊપજી. અમીરખાનને આની જાણ થતાં તેણે જાતે જઈ હોળકરના હાથમાં ખંજર ધરતાં કહ્યું, 'તમને અવિશ્વાસ હોય તો આ ખંજર વડે મારું માથું ધડ પરથી ઉડાવી દો.' શરમાઈને હોળકરે માફી માગી.

ઈ. ૧૮૦૨માં બંનેએ પૂના પર ચડાઈ કરી, કારણ સિંધિયા અને બ્રિટિશ બંને પેશવાની નબળાઇનો લાભ લઈ રહ્યા હતા. આ યુદ્ધમાં

જોડાવાથી આરંભી જુદાંજુદાં સૈન્યોમાં રહીને ઉત્તરોત્તર પ્રગતિ સાધી રાજપૂત સૈન્યમાં પાંચસો ઘોડેસવારોની સરદારી તથા પાલખીનું માન મેળવેલું. એ પછી યે વિવિધ સૈન્ય સાથે રહી અંતે એ જસવંતરાવ હોળકરની સાથે જોડાયો. સેવ્ય-સેવક તરીકે આરંભાએલો એ સંબંધ આગળ જતાં ગાઢ મૈત્રીમાં પરિણમ્યો હતો. અને અમીરખાને એ મૈત્રી જીવનભર જાળવી રાખી હતી. જસવંતરાવ સાથે એ સિંધિયા, પેશવા અને બ્રિટિશો સામે લડેલો. એની એ સેવાઓ બદલ જસવંતરાવે એને સિરોંજ, ટોંક, પિરાવા અને નિંબહેરા આપેલાં. આગળ જતાં તેમાં છાબરા પણ ઉમેરાયું હતું. દરમિયાન અંગ્રેજોની પકડ વધતી ચાલી, ૧૮૧૧માં ૨૦ ઑક્ટોબરે પાગલ બની ગએલા જસવંતરાવનું અવસાન થયું અને વિધવા તુલસીબાઇએ ચાર વર્ષના દત્તક પુત્ર માધવરાવને ગાદીએ બેસાડી જે રાજવહીવટ સ્થાપ્યો તેમાં પણ અમીરખાને ઘણી સહાય કરી પોતાનો મૈત્રીધર્મ બજાવેલો. ઇતિહાસના ઘણાખરા પુસ્તકોમાં ભાડૂતી લડવૈયા અને લૂંટારા તરીકે બદનામ અમીરખાનની જસવંતરાવ સાથેની મૈત્રી એ એના જીવનનું સૌથી વધુ પ્રશંસનીય પાસું હતું. પણ અંતે વધુ ને વધુ પ્રભાવક બનતા જતા બ્રિટિશો સામે એકલા પડી ગએલા અમીરખાનને પોતાની પાસેના પ્રદેશની સલામતી ખાતર વાટાઘાટો ચલાવવી પડી. હોળકર પાસેથી મળેલા બધા પ્રદેશો અમીરખાન પાસે જ રહે, પોતાના પાયદળ સૈન્યની બાવન ટુકડીઓ અને અશ્વદળનો કેટલોક ભાગ ઘટાડી નાખે, ચાલીસ તોપો અંગ્રેજોને સોંપી દે તથા રાજપૂત રાજ્યો પાસેથી હાથ કરેલો પ્રદેશ પાછો સોંપી દે એ શરતે ઈ. ૧૮૧૭ના નવેમ્બર માસમાં સંધિ થઈ. રામપુરનું અલીગઢ પરગણું બ્રિટિશોએ અમીરખાનને ભેટ આપ્યું.

ઈ. ૧૮૩૪માં અમીરખાનનું અવસાન થયું. અને તેના પુત્ર વઝીર મહંમદખાનને ટોંકની ગાદી મળી. આ વઝીર મહંમદે પોતાના નાના સૈન્ય વડે ૧૮૫૭ના બળવા વખતે બાંદાના નવાબ તથા તાત્યા ટોપેના હુમલાઓ ખાળી અંગ્રેજોને સહાય કરેલી. આના બદલામાં એને ૧૫ના બદલે ૧૭ તોપોની સલામીનું માન મળેલું અને ૧૮૬૨માં તેને, જો એનો કોઈ વારસ ન હોય તો મુસ્લિમ કાયદા પ્રમાણે પોતાનો ગાદીવારસ નીમવાની છૂટ આપતી સનદ અંગ્રેજોએ આપી હતી. ૧૮૬૪માં એના મૃત્યુ પછી ગાદીએ આવેલો એનો પુત્ર મહંમદ અલીખાન પ્રજામાં અળખામણો થઈ પડેલો. પોતાના રાજમાં એણે નવાં હિંદુ મંદિરો બાંધવા તથા જૂનાંની મરામત કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. પૈસા મેળવવા એણે પોતાના જાગીરદારો તથા ખેડૂતો ઉપર પણ અનેક વેરા નાખેલા. ટોંકની વાયવ્ય સરહદે આવેલા લાવાના ઠાકુર રાવતસિંહનું ખૂન કરાવી તેના આશ્રિતોને પણ એણે રંજાડવા માંડેલા. આથી આખરે ૧૮૬૭ની ૧ ઑગસ્ટે બ્રિટિશોએ મહંમદ અલીખાનને પદભ્રષ્ટ કરી બનારસમાં નજરકેદ રાખ્યો, લાવાને ટોંકથી સ્વતંત્ર કર્યું અને ટોંકના નવાબને અપાતું ૧૭ તોપોનું માન ઘટાડી ૧૧નું કરીને ટોંકની નવાબી પ્રત્યેની નારાજગી દાખવી. મહંમદ અલીખાન બનારસમાં જ ૧૮૯૫માં મૃત્યુ પામ્યો હતો. તેને પદભ્રષ્ટ કર્યા પછી તેના પુત્ર મહંમદ ઇબ્રાહિમ અલીખાનને, વહીવટમાં પોતાની દેખરેખ તળે અંગ્રેજોએ ૧૮૬૮ના જાન્યુઆરીમાં ગાદીએ બેસાડેલો. ૧૮૭૦ પછી બ્રિટિશ વર્ચસ્વ હટાવી લેવાયું અને ૧૮૭૭માં નવાબ જીવે ત્યાં સુધી પુનઃ વધારીને ૧૭ તોપની સલામી નક્કી કરી આપી જે બીજા વર્ષે કાયમ કરી આપવામાં આવેલી. ૧૮૯૦માં ટોંકના નવાબને જી. સી. આઈ. ઈ.નો ખિતાબ પણ અપાયો હતો.

ટોંક રાજ્યમાં કુલ ૧૨૯૪ ગામ-કસ્બા હતાં, જેમાં પાટનગર ટોંક એક જ શહેર અને ચાર કસ્બાઓ હતાં. પ્રજા સંખ્યાક્રમ પ્રમાણે હિંદુ, સુન્ની મુસ્લિમ અને જૈન મુખ્ય તથા ચમાર, પઠાણ, બ્રાહ્મણ, મહાજન, મીણા, ગુજર અને શેખ વગેરે જાતિઓ હતી. ટોંક, નિંબહેરા અને અલીગઢ જે રાજપુતાનામાં હતાં ત્યાં મુખ્યત્વે હિન્દી, મેવાડી અને ઉર્દૂ ભાષા તથા મધ્ય પ્રાંતમાં આવેલા પિરાવા, છાબરા અને સિરોંજમાં મોટે ભાગે માળવી ભાષા બોલાતી. મુખ્યત્વે ખેતીપ્રધાન હોઈ રાજ્યમાં અનાજ, કપાસ અને અફીણનું વાવેતર થતું. આ ઉપરાંત ચામડું, શિંગડાં, હાડકાં અને કપાસ પર આધારિત ઉદ્યોગો હતા. અગાઉ અલીગઢ, નિંબહેરા ને સિરોંજમાં લોઢાની ખાણો ચાલતી જે યોગ્ય વળતરના અભાવે બંધ પડેલી. ટોંક અને નિંબહેરામાંથી બાંધકામને યોગ્ય રેતિયો પથ્થર મળતો. સમગ્ર રાજ્યમાં સુતરાઉ કાપડ વણાતું. નિંબહેરામાં વાસણો બનતાં. મધ્ય પ્રાંતમાંનાં પરગણાંમાં હાથીદાંતના જડતરવાળાં વાજિંત્રો તથા અન્ય લક્કડકામનો હુન્નર પણ હતો. ખાંડ, ચોખા, તમાકુ, લોઢું ને ફેન્સી ચીજોની બહારથી આયાત થતી. ૧૮૮૧થી નિંબહેરામાં રાજપુતાના–માળવા રેલવેનો અજમેર-ખંડવા લાઇનનો ૧૬ માઇલ લાંબો રેલમાર્ગ મળેલો. આ સિવાય એકમાત્ર છાબરામાં ૨૨½ મા. લાંબો રેલમાર્ગ હતો જે ૧૮૯૯માં ૧૪,૭૦,૦૦૦ રૂપિયાના ખર્ચે બંધાએલો. સમગ્ર રાજ્યમાં કુલ ૪૮ માઈલ પાકા ને ૪૭ માઇલ કાચા રસ્તા હતા. એમાંનો ટોંક-જયપુરને જોડતો માર્ગ મુખ્ય હતો. ટોંકની હદમાં ૧૩ માઇલ લાંબો એ માર્ગ ૧૮૭૭માં ૫૦,૦૦૦ રૂ.ના ખર્ચે તૈયાર થએલો. ટોંક અને અલીગઢ પ્રદેશમાં અવારનવાર દુકાળ પડતો. ટોંકનું પોતાનું ચલણ હતું, જેમાં ચનવરશાહી અને મહંમદશાહી રૂપિયા મુખ્ય હતા. આ સાથે બ્રિટિશ ચલણ પણ ત્યાં ચાલતું. ટોંકમાં મર્યાદિત અધિકારોવાળી અદાલતો તો હતી, પણ મોતની સજા ફરમાવવાની સત્તા તો એકમાત્ર નવાબને જ હતી.

ટોંક રાજ્યનાં છ યે પરગણાં ને તેનાં મુખ્ય મથકોનાં નામ એક સરખાં જ હતાં. આમાં પાટનગર ટોંક એ રાજ્યનું એકમાત્ર મોટું શહેર હતું. કહે છે કે છેક ૧૬૪૩માં કોઈ ભોલા નામના બ્રાહ્મણે એ વસાવેલું. મૂળ જૂનું ગામ ટેકરીઓના ઢાળ ઉપર ફરતા ગઢવાળું ને ગીચ વસ્તીવાળું હતું. નવું ગામ એની દક્ષિણે નવાબોનાં નામધારી વિસ્તારોમાં વસેલું. જયપુરની દક્ષિણે પાકે રસ્તે ૬૦ માઇલ અને બનાસની દક્ષિણે બેએક માઈલ ટોંક વસ્યું હતું. —સં.

બ્રિટિશ સેનાપતિ વૅાલેસ માર્યો ગયો, સિંધિયાનું લશ્કર વેરવિખેર થઈ ગયું અને પેશવા નાસી છૂટ્યો. પૂનાથી જબરો ખજાનો હાથ લાગ્યો. હોળકરે જરઝવેરાતની પેટી ઉપર એક તલવાર મૂકી અમીરખાનને બેમાંથી એક વસ્તુ પોતાના હિસ્સા રૂપે લઈ લેવા જણાવ્યું. અમીરખાને જરઝવેરાત હોળકરને સોંપી દઈ પોતાના માટે તલવાર પસંદ કરી જે આજે પણ ટોંકમાં મોજૂદ છે અને 'પૂનાઘાટ' તરીકે ઓળખાય છે.

પેશવા નાસીને મુંબઈ પહોંચ્યો અને અંગ્રેજોની મદદ માગી, એટલે વેલેસ્લી લશ્કર લઇને ઊપડ્યો. બીજી બાજુ ગ્વાલિયરથી દોલતરાવ સિંધિયા અને નાગપુરથી રાઘોજી ભોંસલે તથા અંગ્રેજોના ટેકામાં હૈદરાબાદનો નિઝામ પણ પૂના તરફ આગળ વધ્યા. હૈદરાબાદના નિઝામે તેના વકીલ મુશિરુલ મુલ્ક જોડે અમીરખાનને તે હોળકરનો સાથ છોડી દે તો એક કરોડની આમદાની આપતા એક રાજ્ય ઉપરાંત ૧૮ લાખની આમદાનીની જાગીર આપવા જણાવ્યું, અને ૬૦ લાખની હૂંડી પણ તેના વકીલ જોડે મોકલાવી આપી. તેણે પોતાના મિત્રનો વિશ્વાસઘાત કરવાની ચોખ્ખી ના પાડી, હૂંડી ત્યાં જ ફાડીને ફેંકી દીધી.

અમીરખાન અને હોળકરે સિંધિયા અને ભોંસલે સાથે સંધિ કરી લીધી અને સર્વસામાન્ય દુશ્મન બ્રિટિશ અને તેના ટેકેદાર નિઝામ સામે મોરચો માંડ્યો. અમીરખાન અને હોળકરે (અનુ. પૃ. ૪૧)

ચરિત્ર-નિબંધ

બબુ ચાવાળી

'આનંદ શર્મન'

'મારા રોયાઓ, મરોને; શું બાઝબાઝ કરો છો...લે અલા કાન્તિડા...આ બે ચા ચાર નંબરના રૂમમાં લઈ જા' બોલતી બબુને મેં ઘણી વાર સાંભળી છે. કાન્તિડો ચા લઇને જાય પછી પણ બબુની વાક્ધારા ચાલુ જ હોય. બબુના છોકરા એ જ એનાં હોટેલ બૉય. ચા પીવા આવનાર સહુ હાથે જ કપ-રકાબી લઈ લે. હું ચા લેવા ખાલી પ્યાલો ધરું ને પૂછું : 'શું છે વળી?'

'જુઓને શાહેબ! આ ઘરાકીના ટાણે જ નખ્ખોદિયા ઝઘડે છે.'

'હોય એ તો, છોકરા છે ને!'

'શું હોય, શાહેબ. ઘરાકીના ટાણે બાઝશે તો ખાશે શું પીટચા?' એમ કહેતી બબુ હસી પડે.

આ બબુનું જીવન ચાની લારી પર નભે. સહુ એને બબુ ચાવાળી તરીકે ઓળખે. જ્ઞાતિએ કોળી-ઠાકોર, પણ કપાળમાં કંકુનો ચાંદલો જોઇને લાગે કે કોઈ સારા ઘરની સ્ત્રી હશે. અને સાચ્ચે જ એ સારા ઘરની હતી – સાચી આર્ય સ્ત્રી. કદાચ દરરોજ નહાતી નહિ હોય, પરંતુ કપાળમાં સૌભાગ્યવતીના ચિહ્ન રૂપ ચાંદલો અવશ્ય કરતી. પતિ રેલવેમાં એન્જિન ડ્રાઈવર હતો ત્યારે તો સુખી હતી, પણ આંખ જતાં પતિની નોકરી ગઇ, અને ત્યારથી એ કામે લાગી ગઈ. કમાતી થઈ ગઈ, પતિપરાયણ બની ગઈ. હૉસ્પિટલના નાકે ઝૂંપડી બાંધીને એણે ચાની લારી શરૂ કરી. પાસે જ સ્કૂલ-કૉલેજ એટલે સહુ ત્યાં ચા પીવા આવે. સારી ઘરાકી રહેતી. ચા પણ સારી બનાવતી. એનો પતિ દારૂડિયો. બપોરે ચાના ટાઈમે લગભગ તો તે હાજર ન હોય. પરંતુ છતાં ય ક્યારેક એ નજરે ચડી જાય. પીધેલી હાલતમાં ખાટલે પડ્યો-પડ્યો કશુંક બકતો હોય. બબુ ક્યારેક ગુસ્સે થઇ જાય, તોપણ મોટેભાગે એ પતિનું માન રાખતી, પતિ દારૂ પીએ તેનો સંકોચ એ અનુભવતી. એક દિવસ કહે: 'શરમ નથી આવતી સારા માણસોની? બસ પી પી જ કરવાનું? કાળજું તો કાણું થઈ ગયું છે.' એનો સ્વર ઋજુ થઈ જતો. અમને એ સારા માણસો ગણતી. એથી ક્યારેક હું વિચારે ચડી જતો. આત્માને ઢંઢોળી જોતો, મારા સારાપણાને મારી મહીં શોધતો. પણ કશું જ હાથ ન આવે. હું હસતોહસતો પૂછી લેતો :

'શું, દરબાર રેડી છે?'

'આખો દિવસ બીજો ધંધો શું?'

'હવે બંધ થા, બંધ થા રાં...' એનો પતિ અસ્પષ્ટ ભાષામાં બબડતો. મને કહેતો: 'આ તો કો'ક દિવસ થોડુંક લીધું એમાં કકળાટ કરી મૂકે છે. નવઈની કમાય છે તે!'

'કો'ક દિવસ શેનું? દરરોજ તો ઢીંચો છો.'

પતિ-પત્નીનો સંવાદ ચાલતો રહેતો. હું કપરકાબી મૂકીને ચાલવા માંડતો. બીજે દિવસે બપોરે રિસેસમાં ચા પીવા જવાનું જ હોય. જઉં ત્યારે દરબાર ન હોય તો મારાથી પુછાઈ જાય :

'દરબાર કેમ નથી દેખાતા?'

'પીવા ગયા.' 'પૈસા ક્યાંથી લાવ્યા?'

'મેં આપ્યા.' 'કાલ તો ઝઘડતાં'તાં, આજ પૈસા આપ્યા?'

'અગિયાર વાગ્યાના લોહી પીતા'તા. હશે, આપણા ઘરનું માણસ છે ને. એને તો પીવાની આદત પડી. પીધા વગર ચેન પડતું નથી.' એવું બોલતાં બબુના ચહેરા પર કરુણા પથરાઈ જતી. એનો પતિસ્નેહ ચહેરા પર તરવરતો. ભાવ ઊભરાતો. મને થતું કે હિન્દુસંસ્કૃતિ આ જ ભાવના પર ટકી રહી લાગે છે. કેવું આભિજાત્ય!

આ બબુને ત્રણ છોકરા અને એક છોકરી. સાત જન્મેલાં, ચાર જ જીવ્યાં. છોકરી સહુથી મોટી. બારેક વર્ષની થયેલી, છતાં ય મોટી લાગતી'તી. ગરીબનાં છોકરાં આમે ય વહેલાં જ મોટાં થઈ જાય છે!

બબુએ એની સગાઈ નાનપણમાં કરી નાખી હતી. હવે લગનનું પણ ગોઠવ્યું હતું. સરકારના બાળલગ્નના કાયદાઓ એમને સ્પર્શતા નથી. પહેલા ખોળાની છોકરી. જન્મી ત્યારે લીલાલહેર હતી. એથી નામ પાડેલું લીલા. લાડમાં લીલુડી કહીને બોલાવતા. એનાં લગ્નના થોડા દિવસ પહેલાં મને હસતાંહસતાં કહે : 'શાહેબ, એક કામ છે.'

'શું?' મેં પૂછ્યું. 'થોડાક પૈસા જોઇએ છે.'

'શાને માટે?' 'લીલુડીનાં લગન લીધાં છે.'

'સારું કર્યું, કેટલા જોઇએ છે?' 'આપો એટલા.'

'પાંચસો?'

'અરે, હોય શાહેબ, એટલા બધા!' 'લોન તો પાકવાની છે.'

'સો'એક આપો તો બહુ.' 'કાલે આપીશ.'

એ ખુશખુશાલ થઈ ગઈ. સો મારે મન બહુ મોટી રકમ નહિ, પણ એનું તો કામ નીકળે. પ્રસંગમાં ટેકો મળી રહે. એ દિવસોમાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર ચાલતો'તો. બીજે દિવસે એને પૈસા આપતો'તો ત્યાં ચૂંટણી પ્રચારની જીપ નીકળી. જીપમાં કોઈ બરાડી રહ્યું'તું : ઈન્દીરા આયેગી – નયી રોશની લાયેગી. દોડી જતી જીપ તરફ હું જોતો જ રહ્યો. બબુ કહે : 'બધા ય સાલા ચોર છે. પોતાનાં જ ઘર ભરે છે. ગરીબનું કોઈ નથી.'

'ભગવાન તો છે ને!' મેં કહ્યું.

'એ તો છે જ. પરંતુ એ યે ક્યારેક અવળો ઊતરે છે.' બબુના શબ્દોમાં નિરાશા હતી. કદાચ લોન ન પણ પાકી હોય!

'વધારે પૈસા જોઇએ છે?' મેં પૂછ્યું.

'ના...ના...શાહેબ, એ તો બધું થઈ રહેશે. મા જોગણી છે ને!'

એની છોકરીનાં લગ્ન થઈ ગયાં. બે દિવસ ચાની લારી બંધ રહી. ત્રીજે દિવસે લારીએ બપોરે ચા પીવા ગયો ત્યારે મને કહે: 'લો શાહેબ, ચા પીઓ. બળી, લોન ન પાકી, નહિતર મો'નથાળ ખવડાવત.'

ગરીબડી બબુની ભાવનાથી હું ગદ્ગદિત થઈ ગયો. એ સાંજે મારે એક લગ્ન નિમિત્તે જમવા જવાનું હતું. સાંજે ગયો તો આખી થાળી ભરપૂર ભરાઈ ગઈ. માવાની મિષ્ટ મીઠાઈ હતી. મેં ખાધું ખરું પણ દિલથી નહિ. મને બબુનો મો'નથાળ સાંભરી આવ્યો. પીરસનારા ઘણા હતા, પણ ક્યાંય ભાવ ન દેખાયો.

એની ચાનું મોટું ઘરાક હું. દર અઠવાડિયે હું પૈસા આપતો. એણે લેવાના હોય એથી વધુ. કાયમ મારા જ પૈસા જમા રહે. લીલુડીના લગનમાં મારી પાસેથી પૈસા લીધા'તા તેથી હવે માગે કેવી રીતે? એક બપોરે ચા પીતાંપીતાં મારી નજર એના કાન્તિડા પર પડી. કાન્તિડો બબુને ઈશારાથી સમજાવતો'તો કે સાહેબ પાસે પૈસા માગ. બબુ એ બિચારાની સામે ડોળા કાઢતી'તી. ઘડીભર હું એ જોતો રહ્યો. મને થોડુંક હસવું આવ્યું. સાથેસાથે દયા પણ આવી. મેં પૂછ્યું :

'શું છે અલ્યા કાન્તિડા?' 'શાહેબ, પૈસા આપોને!'

'ચૂપ મરને સાલા.' બબુએ એને ધમકાવ્યો અને પછી મારા તરફ જોઇને ભૂલ થઈ ગઈ હોય તેમ બોલી : 'આ સાલા છોકરા જરા ય સમજતા નથી.'

'કશો વાંધો નહિ. બોલો કેટલા જોઇએ છે?'

'પાંચ રૂપિયા.' કાન્તિડો જોશમાં હિંમતપૂર્વક બોલી ગયો. મેં

આપ્યા. પાંચ રૂપિયામાં એમનું જીવન પુલકિત થઈ જતું. હું ઘડીભર ગમગીન થઈ ગયો. ધીમા પગલે સ્કૂલ ભણી ચાલવા માંડ્યો.

એક સાંજે સ્કૂલ છૂટી તે વેળાએ મેં બબુની લારી તરફ નજર કરી તો કંઈક થયું હોય તેવું લાગતું'તું. કુતૂહલથી હું ત્યાં પહોંચી ગયો. કોઈક અજાણ્યો પુરુષ લીલુડીને મારતો'તો. પછી જાણ્યું કે એ એનો ધણી હતો. બન્ને વચ્ચે બબુ ફસાયેલી. પહેલાં તો કશુંક સમજાવતી'તી. પછી તો વાઘણની જેમ કૂદી અને લાકડી લઈને માંડી મારવા. દરરોજ સાલસ લાગતી આ સ્ત્રીનું આજનું રૂપ કંઈક ઓર જ હતું. પહેલાં મેં ક્યારેય એને આટલી ક્રોધિત નહોતી જોઈ. હું વચ્ચે પડ્યો. મેં એમને છોડાવ્યાં. લીલુડીનો ધણી ચાલતો થયો. લીલુડી રોતી રહી. પછીના દિવસે બપોરે મેં પૂછ્યું : 'શું હતું કાલે ?'

'સાલો બાયલો. કમાવવાની પહોંચ નહોતી તો પરણ્યો'તો શું કામ?'

'કશું જ કમાતો નહોતો તો તમે લગન શા માટે કર્યાં ?'

'આ કમજાતે એવું કરી મેલ્યું'તું કે...' બબુ આગળ બોલી નહિ, પણ તેનો ચહેરો તેનો બળાપો સારી રીતે વ્યક્ત કરતો'તો. વળી પાછું કંઈક સમાધાન થતાં લીલુડી સાસરે ગઈ. બે-ચાર મહિના પછી એક દિવસ મેં ઓચિંતી લીલુડીને ઝૂંપડી બહાર ખાટલામાં બેઠેલી જોઈ. મેં સાહજિકતાથી બબુને પૂછ્યું : 'કેમ લીલા પાછી ઘરે આવી કે શું ?'

'ના...ના. શાહેબ, એ તો ભગવાને સારા દા'ડા દેખાડ્યા છે.'

હું ભાવાર્થ પામી ગયો. બબુ ખુશ હતી. એના ચહેરા પર આનંદ વર્તાતો'તો. આનંદ માત્ર ધનિકને જ હોય એમ થોડું છે? ગરીબનો આનંદ ગરીબ જેવો. એમને આનંદિત જોવાનો આનંદ કવિતાના વાચને અનુભવાતા આનંદતુલ્ય હોય છે. એમાં દંભનું દર્શન થતું નથી. પરન્તુ ગરીબનું સુખ ક્ષણિક હોય છે. લીલુડી સુવાવડમાં માંડમાંડ બચી. બબુ દાદીમા તો ન થઈ શકી, પણ બસો રૂપિયાના ખાડામાં ઊતરી ગઈ.

દીવાળીનું વૅકેશન પડતું ત્યારે બબુને હું ચાના પૈસા ચૂકવી દેતો. એક વાર સ્મરણ બહાર જતું રહ્યું તે છેક દીવાળીની સાંજે સાંભરી આવ્યું. હું સાયકલ પર છેક હૉસ્પિટલ સુધી જાતે આપવા ગયો તો તે અને તેના ત્રણ છોકરા ખુશ થઈ ગયા. એમની દીવાળી સુધરી ગઈ. મેં દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું : 'સાવ ભૂલી ગયો'તો'.

'શાહેબ, અમારે ય પૈસાની જરૂર હતી. પણ કંઈ તમારે તાં માંગવા થોડું અવાય?'

'કશો વાંધો નહિ. આવવું'તું ને!'

'ના ના શાહેબ, તમે ક્યાં બીજા જેવા છો!'

પછીથી જાણ્યું કે બુદ્ધિજીવી હોવાનો ગર્વ કરતાં શિક્ષકો-પ્રોફેસરો બિચારી બબુને પૂરતા પૈસા ય નથી આપતા. એટલું જ નહિ, ક્યારેક ભૂલવે પણ ખરા. જેનો સામાજિક મોભો વધે એ સઘળું કરી શકે. એને કોઈ દોષ નહિ. તુલસીએ કહ્યું છે ને કે, 'સમરથ કો નહિ દોષ ગુંસાઈ'. એ જ એની સંસ્કારિતા!

મારે ચા બહુ પીવાની ટેવ એટલે દિવસમાં પાંચ-સાત વાર હું લારી પર જાઉં. હું જ એને મન ટંકશાળ જેવો લાગતો. ક્યારેક મારી પાસે પૈસા ન હોય ને એ માગે તો કોઈની પાસેથી ઉછીના લઈને આપું. એવામાં એકાએક મેં ચા છોડી દીધી. બબુ અને કાન્તિડાએ સાંભળ્યું ત્યારે એમણે નિસાસો નાખ્યો. હું લારીએ જતો બંધ થઈ ગયો. એક શનિવારે રજા જેવું હતું. મારે હૉસ્પિટલમાં કામ હતું તેથી ત્યાં જતો'તો. લારી પર બે-ત્રણ શિક્ષકો ચા પીતા'તા, મને આવતો જોઈને કાન્તિડો એમને કહે : 'આ શાહેબને ચા પીતા કરો ને!'

'શાહેબે તો ચા પીવી બંધ કરી છે.' બબુ હસતીહસતી બોલી. એના ચહેરા પરનું હાસ્ય બોલકું હતું. એ કરુણાની ભાષા બોલતું'તું. હું બબુ અને કાન્તિડા તરફ જોઈને ફિક્કું હસીને ચાલતો થયો.

હજી ઘણી વાર લારી તરફ નજર કરું તો 'આ શાહેબને ચા પીતા કરો ને!' એ વાક્ય સંભળાય છે. એટલી ઘડી હું આંતરસંવાદમાં લીન થઈ જાઉં છું. □

અનુસંધાન] **જ્યૉર્જ ઍલ્ફ્રેન્ઝો હેડલી** [પૃષ્ઠ ૩૧થી

ગોઠવી ને તેમને વારંવાર તે રીતે આઉટ કર્યા, પરંતુ આથી મૂંઝાય તો તે હેડલી નહિ! તેમણે એ સ્ટ્રોક ચાલુ જ રાખ્યો ને એવા દરેક સ્ટ્રૉક વખતે જોતા રહ્યા કે ઑલ્ડફીલ્ડ ક્યાં ઊભા છે અને પછી તેના અનુષંગે સફળ ગ્લાન્સ કરતા રહ્યા.

બૉલના પ્લેસિંગમાં પણ હેડલીનું કૌશલ અદ્ભુત. એમનો એક પણ સ્ટ્રૉક એવો ન હોય જેમાં, બૉલ કઈ દિશામાં જવાનો છે તેની તેમને ખબર ન હોય. વારંવાર બદલાતું ફીલ્ડ પ્લેસિંગ પણ તેમના આ પ્લેસમેન્ટના માનસિક નકશામાં નોંધાતું-દોરાતું જાય.

એક રીતે હેડલીનું ચરિત્ર સંકુલ લાગે. આ મહેરબાન પૅક્ટિસને તો મજાક જ સમજે અને ટેસ્ટમાં કે અન્ય મૅચમાં સદી વટાવ્યા પછી (જો રનની તાતી જરૂર ન હોય તો) નવા-નવા ફટકાઓની અજમાયશ શરૂ કરે! આવા એ નિર્બન્ધ-સ્વછંદ; તો સામે છેડે મૅચની આગલી રાત્રે માત્ર બે કલાક જ સૂએ, અસ્વસ્થતામાં નહિ, પરંતુ આગામી ઇનિંગ્સની સંપૂર્ણ યોજના ઘડવામાં! જેમ નેપોલિયન બોનાપાર્ટ યુદ્ધ લડવા જતા પહેલાં પોતાના મનમાં આખું યુદ્ધ ખેલી લેતો તેમ હેડલી આખો દાવ રમી લે. રાતની બે કલાકની ગાઢ નિદ્રા પછી ભિન્ન-ભિન્ન બોલરોના ભિન્નભિન્ન દડાઓ માટે ભિન્નભિન્ન ફટકાઓની માનસિક રમત શરૂ થાય. વેરિટી ૧૫ પ્રકારના દડા નાખવાના હોય તો હેડલી ૧૬ પ્રકારના દડા કલ્પી તેને અનુરૂપ ફટકાઓની પ્રૅક્ટિસ કરે.

વળી, આમ પોતે થાક લાગવા ન દે, ને બૅટિંગ પહેલાં પૂરેપૂરો આરામ લે. પરંતુ ગમે તેવા કામ પછી પણ બૅટિંગ કરવા જાય ત્યારે તાજા-માજા. બૅટિંગ કરવું આમ તો તેમને માટે આરામ અને પોષણદાયક બની રહે.

વળી, બૅટિંગ એ એમને મન જાણે શૉખ જ. ક્રીઝ તરફ જતાં તેઓ એની યોજના-ચિંતનમાં એવા રમમાણ કે પત્ની તેમની સામે મળે તો તેને પણ ન ઓળખી શકે! અને જેમ મીરાંને બદનામીની ચિંતા નહીં તેમ હેડલીને બમ્પર, ઈજા કરતી બૉલિંગ, ખરાબ પીચ એ કશાની સાડીબાર નહિ! સામા પક્ષનો સુકાની કે બોલર તેમના શૉટ્સને ધ્યાનમાં રાખી ફીલ્ડરો ગોઠવે તો તેમાં હેડલીને પોતાનું અપમાન લાગે! તાકાત અને ટાઇમિંગની અદ્ભુત સંવાદિતા. અસીમ કૌવત, પરંતુ તેનો ભાગ્યે જ ઉપયોગ કરવો પડે તેવું ટાઇમિંગ.

ઝડપી બોલિંગ સામે જેવા આક્રમક એવા જ સ્લો બોલિંગના એ ધ્વંસક. રટફિલ્ડ લખે છે: 'His cuts off the slow bowling were a strange sight to see'.

વેસ્ટ ઇંડિઝના આ ધરખમ બૅટ્સમૅન ક્રીઝ પર ભલે આક્રમક, પણ જીવનમાં શાંત. કોઈ સાથે કશી લપછપ નહિ. પોતાની પ્રતિભાનું અભિમાન નહિ. નમ્રતા અને શાંતિની પ્રતિમા. લોકપ્રિયતા ને આદરના જવાબમાં નિર્દોષ હાસ્ય અને ઋણભાવ તેમના ચહેરા પર દેખાય. કોઈ સત્તા કે યશની ઝંખના નહિ, છતાં જે કાંઈ ફરજ આવે તે દિલથી બજાવે. વેસ્ટ ઇન્ડિઝ બોર્ડ થકી તેમને સહન કરવું પડેલું. પરંતુ એ અંગે એક હરફ ઉચ્ચારે તે બીજા. તેઓ તો મૌન જ રહ્યા છે, બોલ્યું છે તેમનું બૅટ. આપણે તેમને કહીશું, 'આવો હેડલી, પ્રથમ વિકેટ પડે ત્યારે અમારા ક્રિકેટ ગૌરવને તમારામાં સમાવી પ્રયાણ કરજો.' ધવલ ચંદ્રિકાના સૌંદર્ય પછી મેઘલીરાત પોતાનું લાવણ્ય પાથરે તેમ તેઓ નીકળી પડશે. □

મારી આ વિશ્વ-એકાદશ ટીમમાં 'વનડાઉન' બૅટ્સમૅનનું, ગૌરવભર્યું સ્થાન આમ તો બ્રૅડમૅન કે હૅમંડને ફાળે જાય, પરંતુ તે બંને મહારથીઓ પ્રધાનતઃ ઊતરતા ક્રમમાં આવ્યા છે એટલે તેમનો એ ક્રમ યથાવત્ રાખીને હું આ સ્થાન 'બ્લૅક બ્રૅડમૅનનું' હુલામણું નામ પામેલા વેસ્ટ ઇંડિઝના હેડલીને આપું છું. કેટલાકને આથી આશ્ચર્ય થશે અને કેટલાક કદાચ નારાજ પણ થાય, પરંતુ આ લેખને અંતે એનું નિરાકરણ થઈ જશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રમાણમાં અજ્ઞાત એવા હેડલી ટેસ્ટકળાએ રન ખડકવાની ક્ષમતામાં માત્ર બ્રૅડમૅનથી જ પાછળ અને ખરાબ પીચ પર તો તજ્જ્ઞો દ્વારા અદ્વિતીયનું બિરુદ મેળવનારા છે.

જ્યૉર્જ ઍલ્ફ્રેન્ઝો હેડલીનો જન્મ ૩૦-૫-૧૯૦૯ના રોજ મધ્ય અમેરિકાના પનામા ખાતે થયેલો. તેઓ જ્યારે ૮–૧૦ વર્ષના હતા ત્યારે એક દિવસ બેઝ બૉલ રમતા કેટલાક ખેલાડીઓને જોઈ રહ્યા હતા. અચાનક દડો હેડલીની દિશામાં આવ્યો ને જાણે સાહજિક વૃત્તિથી જ હોય તેમ હેડલીએ તે ઝીલી લીધો. બે પળ પછી હેડલીએ જોયું તો તેઓ ખુશખુશાલ ખેલાડીઓથી ઘેરાઈ ગયા હતા. આ પ્રસન્ન ખેલાડીઓએ હેડલીને પોતાની ટીમમાં જોડાવાનો આગ્રહ કર્યો અને એમનાં માતા-પિતા પાસેથી એ માટે મંજૂરી પણ મેળવી આપી.


આ પ્રસંગથી જ હેડલીમાં રહેલી રમત સંદર્ભની બે લાક્ષણિકતાઓ ઊપસી આવે છે: એક સજ્જતા અને બીજી ગમેતેવી પરિસ્થિતિ પર કાબૂ મેળવવાની ક્ષમતા. ભવિષ્યમાં બૅટિંગ ક્રીઝ પર તેમને મૂંઝવી શકે તેવી એક પણ પળ નથી આવી તેના તાંતણા અહીં છે!

આમ તો હેડલીને ક્રિકેટના સંસ્કાર નૈસર્ગિક જ. એ સમયમાં વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓની એ પ્રજામાં એક આગવી ઢબનું ક્રિકેટ નસેનસમાં વહેતું થયેલું, હેડલી પાસે એ વારસો હતો. આમ છતાં, પ્રેરણા, દિશા, ગુરુમંત્ર જેવું કાંઈક હેડલીને મળ્યું તેમ ગણવું હોય તો તેનો પ્રથમ યશ ઇંગ્લૅન્ડના પ્રસિદ્ધ બૅટ્સમૅન અર્નેસ્ટ ટાઈલ્ડ્સ્લેને જાય છે. હેડલી ૧૭ વર્ષના હતા ત્યારે, ૧૯૨૬માં જમૈકામાં, એક મૅચમાં ટાઈલ્ડ્સ્લેએ ૩૦૦ ઉપર રન કર્યા ને હેડલીએ તે નિહાળ્યા. હેડલીએ વર્ષો પછી કહેલું, 'મેં તેમને આખો દિવસ નિહાળેલા' આટલા વાક્યમાં ઘણું આવી ગયું – એક સબળા સુપાત્રનો છલકાતા ગુરુ સાથે સુમેળ.

હેડલીના પિતા બારબેડિયન ને માતા જમૈકન. માતાની ઇચ્છા પુત્રને ડેન્ટિસ્ટ બનાવવાની. (હેડલીની રેખામાં બોલરોના દાંત ખાટા કરવાનું લખ્યું છે તેવી તેને ખબર નહિ!) ૧૯૨૮માં હેડલીનાં માતા-પિતા પનામાથી સ્થળાંતર કરી સીધાં સ્ટેટ્સ ગયાં અને હેડલીને જમૈકા પરીક્ષા આપવા મોકલ્યા, જ્યાંથી તેણે પછી ધંધાર્થી શિક્ષણ માટે સીધા સ્ટેટ્સ જવાનું હતું. માતા-પિતા તેને જમૈકા તેડવા આવવાનાં હતાં, પરંતુ તેઓ ઠીકઠીક મોડાં પડ્યાં. "સરસ્વતીચંદ્ર કુમુદને ન મળી શક્યો તેમાંથી એક કરુણગાથા સર્જાઈ, તેથી ઊલટું આ ઘટના થકી વેસ્ટ ઇંડિઝ ક્રિકેટની એક યશોગાથા આરંભાઈ–આલેખાઈ.

માતા-પિતા મોડાં પડ્યાં એ દરમિયાન ઇંગ્લિશ ટીમ વેસ્ટ ઇંડિઝને કિનારે આવી પહોંચી ને હેડલી હાજર હોવાથી તે ટીમ સામે કાઉન્ટી મૅચ રમ્યા – ૭૮ અને ૨૧૧ રન કર્યા! આ સુખદ અકસ્માતને પરિણામે વેસ્ટ ઇંડિઝના ક્રિકેટરસિકોને લાગ્યું કે હેડલી સ્ટેટ્સ જવા ન જોઇએ. જો કે ત્યારે ત્યાં નોકરી કે કમાણી કશું નહોતું છતાં હેડલી રોકાઈ ગયા.

અલબત્ત, ૧૯૨૮માં ઇંગ્લૅન્ડ ગયેલી વેસ્ટ ઇંડિઝ ટીમમાં હેડલીને સ્થાન ન મળ્યું, પરંતુ ૧૯૨૯-૩૦માં કૅલ્થોર્પની ઇંગ્લિશ ટીમ આવી ત્યારે તેની સામે ટેસ્ટમાં હેડલીનું નામ નિર્વિવાદ હતું. ૧૧ જાન્યુઆરી ૧૯૩૦ના પ્રભાતે કેન્સિંગ્ટન ઓવલ, બ્રિજટાઉન, બારબેડોસ ખાતે, વૉસ અને રૂહોડ્ઝ જેવા બોલરો સામે તેમણે ક્રીઝ લીધી અને ૨૧ ને



જ્યૉર્જ ઍલ્ફ્રેન્ઝો હેડલી

(ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ–૩)

ભરત ના. ભટ્ટ

૧૭૬ રન કર્યા! ત્રીજી ટેસ્ટમાં બંને દાવમાં સદી! અને ચોથીમાં તો ૨૨૩ રન! પોતાની પ્રથમ શ્રેણીમાં જ ચાર ટેસ્ટમાં ૭૦૩ રન! (આશ્ચર્યોની હારમાળા). પોતાની પ્રથમ શ્રેણીમાં આવો અદ્ભુત ટેસ્ટ-પ્રવેશ તે પછી છેક ૧૯૭૧માં ભારતના સુનિલ ગાવસ્કરે કર્યો હતો.

આવી સફળતા પછી ૧૯૩૧ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જ્યૉર્જ માટે એક નવો પડકાર ઊભો કર્યો હતો. એક જ શ્રેણીમાં, ઇંગ્લૅન્ડ જેવા પ્રતિસ્પર્ધી સામે ચાર ટેસ્ટ સદીઓ નોંધાવનાર હેડલી હવે ખ્યાત બન્યા હતા, અને ધુરંધર ઑસ્ટ્રેલિયનો તેમને માપવા–મહાત કરવા આતુર હતા. પ્રવાસની આરંભની કાઉન્ટી મૅચોમાં ૮૨ ને ૧૩૧ જેવા આંકડાઓથી તેમણે મંગલ પ્રારંભ કર્યો. આવામાં ઑસ્ટ્રેલિયન બોલરોમાં એક ગુસપુસ શરૂ થઇ: 'Keep away from his off stump, you will never get him there'. આ યુક્તિનો અમલ શરૂ થયો ને હેડલી માટે સરિયામ નિષ્ફળતા આરંભાઈ. આ પછીની પાંચ મૅચો (એક ટેસ્ટ સાથે)ના કુલ ૯ દાવમાં માત્ર ૧૦૯ રન તેઓ કરી શકેલા.

આનું કારણ શું? શું હેડલીનો અદ્ભુત પ્રવેશ માત્ર અકસ્માત હતો? હકીકત એ હતી કે અત્યાર સુધીની હેડલીની સમગ્ર રમત ઑફ સાઈડના ફટકાઓ પર આધારિત હતી. ચતુર ઑસ્ટ્રેલિયનોએ તેમને લેગસાઈડ પર જ દડા આપવા માંડ્યા અને રનની કટોકટી આરંભાઈ. હેડલી માટે આ પડકાર હતો ને તેમણે તે ઝીલ્યો તેમાં જ તેમની પ્રતિભા. હેડલીએ તુરત જ આ નવી પરિસ્થિતિને પહોંચી વળવા

લેગસાઇડના ફટકા શીખવાનું શરૂ કર્યું ને તેમના સમગ્ર વ્યક્તિત્વે તેનો જવાબ આપ્યો. ઑન સાઇડના ફટકાઓ પર તેઓ પ્રભુત્વ મેળવતા ગયા ને ત્રીજીમાં ૧૦૨ રન; પાંચમીમાં ૧૦૫ રન! આ પછીની કુલ છ મૅચોના બાર દાવમાં ૩ સદીઓ, ૩ અરધી સદીઓ. પ્રવાસને અંતે હેડલીએ ઑન-સાઇડના સ્ટ્રૉક્સ પર એવું પ્રભુત્વ મેળવી લીધું હતું કે ટેસ્ટ ઇતિહાસના અજોડ લેગ સ્પિનર, તે પ્રવાસમાં હેડલીના પ્રતિસ્પર્ધી અને હેડલીની ઉક્ત નબળાઇ પારખી તેનો સૌથી વધુ લાભ લેનાર ચાર્લી ગ્રિમેટે, વેસ્ટ ઇન્ડિયન ટીમને વિદાય આપતાં કહેલું : 'હેડલી ઑન સાઈડના સર્વોત્તમ બૅટ્સમૅન છે.' ગ્રિમેટે બ્રેડમૅન અને હૉબ્સ બંનેની ઑન-સાઇડની રમત જોઈ હતી એ નોંધવું જોઈએ. પ્રતિકૂળ પરિસ્થિતિને પહોંચી વળી પુનઃ પોતાની ઊંચાઈ હાંસલ કરવાની હેડલીની સજ્જતાનું આ ઉદાહરણ છે.

હેડલીની અદ્વિતીયતા કહો કે ક્રિકેટર તરીકેની તેમની પ્રતિભા કહો, તે બે પાસાંમાં; પહેલું એ કે તેઓ નૈસર્ગિક બૉલ-પ્લેયર. ક્રિકેટમાં તેઓ કોઇના કોચિંગ વગર જ આગળ આવ્યા અને જેમજેમ નવી પરિસ્થિતિ આવતી ગઈ તેમતેમ નવું શીખી પ્રભુત્વ સ્થાપતા-વિસ્તારતા ગયા. આમાં તેમની જન્મજાત સત્ત્વશીલતા અને આત્મવિશ્વાસથી છલકતું વ્યક્તિત્વ પાયામાં. પરિસ્થિતિનો ઉકેલ તેઓ કેવી રીતે લાવતા એ મૂલવવા જેવું છે.

હેડલી પોતાની ત્રીજી ટેસ્ટ રમી રહ્યા હતા. ૨૧ વર્ષની એમની ઉમર! સામે હતા અનુભવી રૂહોડ્ઝ અને વૉસ. સદ્નસીબે રોશ અને હેડલીની સદીઓના કારણે વેસ્ટ ઇન્ડિઝને પ્રથમ દાવમાં ૩૨૬ રનની સરસાઈ મળેલી. બીજા દાવમાં જો વેસ્ટ ઇન્ડિઝ સારા રન કરે તો વિજય મળે, અને રન કરવાનું હેડલી માથે જ હતું, એટલે તેઓ કૃતનિશ્ચયી બનેલા. બીજી બાજુ સામે પક્ષે રૂહોડ્ઝ ઑફ-સ્ટમ્પની બહારના એક સ્પૉટ પર પીચ પાડી બૉલને બહારની બાજુ ટર્ન કરે—સાથે ઑફ સાઈડમાં સજ્જડ ફીલ્ડિંગ ગોઠવાયેલી. આમ, પ્રતિકૂળ સંજોગોમાં ઝડપી અને વિપુલ રન કરવાના હતા. હેડલીએ આનો તોડ પોતાની રીતે કાઢ્યો: બૉલ આગળ વધીને મારવા જેવો છે કે નહિ તે જોયા વગર તેઓ આગળ વધી પીચ પડે તે પહેલાં જ બૉલને ઑનસાઇડ બાજુ ફટકારવા લાગ્યા. આ માટે તેમણે રૂહોડ્ઝના હાથને નીરખી તે આધારે જ બૉલની લૅંથ અને લાઈન કલ્પી લઇને ક્રીઝ છોડવાનું આખો બપોર ચાલુ રાખ્યું ને સદી નોંધાવી. હેડલીના આ આત્મ-વિશ્વાસપૂર્ણ અને હિમ્મતસભર અભિગમ દ્વારા વેસ્ટ ઇન્ડિઝે આ ટેસ્ટ ૨૮૯ રને જીતી પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય નોંધાવ્યો.

એક બૅટ્સમૅન તરીકે તેમનું બહુ ઊપસી આવતું બીજું લક્ષણ તે તેમની આક્રમકતા. હેડલી કોણ જાણે કઈ શાળામાં ભણ્યા કે 'સંરક્ષણ' શબ્દથી તેઓ અભિજ્ઞ જ રહ્યા. યુવાનીમાં ક્રીઝ છોડીને રમવા ટેવાયેલા હેડલીની બૅટની પકડ પણ આક્રમકતાને અનુરૂપ. અનુગામીઓને સલાહ આપતાં તેઓ કહેતા કે, 'વિકેટની આગળના ભાગમાં ફટકા મારવા માટે ડાબો હાથ જ ઉપયોગમાં લેવાય. જમણો હાથ વાપરો તો એટલું તમારું આક્રમણ નબળું પડે. જમણો હાથ તો વિકેટની પાછળના ફટકાઓ માટે જ હોય.' આવી તેમની કોઠાસૂઝ અને ડાબા હાથનો ઉપયોગ કરવાની ક્ષમતા.

હેડલીને કદાચ બગડેલી – ખરાબ પીચો પરના તો સમ્રાટ જ ગણવા પડે. જ્યાં સુધી રનના વૈપુલ્યને નિસ્બત છે ત્યાં સુધી તેમની સરખામણી બ્રૅડમૅન અને હૅમંડ સાથે જ થઈ શકે, પરંતુ આ બાબતમાં તો તેઓ ક્રિકેટ-જગતમાં માપદંડ સમા. સી. એલ. આર. જેમ્સે, બ્રૅડમૅન અને હેડલીના ખરાબ પીચો પરના દાવોની સરખામણી કરીને આ સાબિત કર્યું છે. તેમના આંકડા પ્રમાણે હેડલી ખરાબ પીચ પર ૧૩ દાવ રમ્યા જેમાં ૭ અર્ધી સદી અને માત્ર ૩ વાર ૧૦થી ઓછો આંકડો! આથી ઊલટું બ્રૅડમૅનના આવા ૧૫ દાવમાં માત્ર એક જ અર્ધી સદી, ૧૫ ઉપર-ના દાવ તો બીજા ચાર જ. ખરાબ પીચ પરના દાવોની બ્રૅડમૅનની સરાસરી ૧૬·૬૬, હેડલીની ૩૯-૮૫. સ્વ. નેવિલ કાર્ડસે જ કદાચ કહ્યું છે, 'Headley has good claims to be considered on all wickets the finest of Inter-war batsmen.'

ખરાબ પીચ પરની હેડલીની આ સફળતાનું રહસ્ય એમના જ શબ્દોમાં આ રીતે વ્યક્ત થાય છે: 'ખરાબ વિકેટ પર તમે અને બોલર જ સામસામે છો. ઓવર પીચ બૉલને તમારે ડ્રાઈવ કરવો જ પડે, અને શોર્ટપીચને હૂક કરવો જ પડે!–No nonsence.' આ 'નો નોનસેન્સ' એટલે આક્રમણ કરવું કે નહિ તેવી દ્વિધાનો અભાવ. ખરાબ વિકેટ પર આક્રમણ જ કરાય તેવી હેડલીની માન્યતા, તે માટેની ક્ષમતા અને સફળતા. વાસ્તવમાં બ્રૅડમૅનની જેમ હેડલી માટે પણ કોઈ બૉલ ગુડલૅંથ બૉલ હોય જ નહિ.

હેડલીનું 'હેવી સ્કૉરિંગ' પણ તેમને બ્રૅડમૅન-હૅમંડની સાથે જ ઊભા રાખે. ફેર એટલો કે બ્રૅડમૅન-હૅમંડની ટીમ એટલી સધ્ધર હતી કે તેઓને દબાણ નીચે તો ભાગ્યે જ રમવું પડતું, ને તેમને ધરખમ સાથીદારોનો ટેકો હતો, જ્યારે વેસ્ટ ઇન્ડિઝની ટીમ ત્યારે હજી ટેસ્ટ ક્રિકેટમાં સગીર હતી, ને બૅટિંગમાં હેડલી જ સર્વેસર્વા હતા. આવા સંજોગોમાં તેમણે જે ટક્કર ઝીલી છે તે તેમનાં આવડત અને આત્મ-વિશ્વાસ વ્યક્ત કરે છે. આ રહ્યા થોડા આંકડા : ૧૯૩૦ની સીરીઝ : ૪ ટેસ્ટ, ૭૦૩ રન. દ્વિતીય ૪૬૭ રન. ૧૯૩૩ની સીરીઝ : ૩ ટેસ્ટ, ૨૭૭ રન. દ્વિતીય નંબરે ૧૪૩ રન. ૧૯૩૫ની સીરીઝ : ૪ ટેસ્ટ, ૪૮૫ રન. દ્વિતીય નંબરે ૨૭૦ રન. ૧૯૩૯ની સીરીઝ : ૩ ટેસ્ટ, ૩૩૪ રન, દ્વિતીય નંબરે ૧૭૩. સિકન્દર જેવું એકચક્રી સામ્રાજ્ય!

ઈ. ૧૯૩૩માં ઈંગ્લૅન્ડના પ્રવાસ દરમિયાન સમગ્ર ઇંગ્લિશ સીઝન-માં સરાસરીમાં હેડલી (હૅમંડ ૬૭ અને મીડ ૬૭ પછી) ૬૬ રન સાથે ત્રીજા નંબરે રહેલા. ૧૯૩૯માં ૭૨ રનની સરાસરી સાથે પ્રથમ નંબરે અને હૅમંડ (૬૩ રનની સરાસરી સાથે) બીજા નંબરે.

ક્રિકેટના ચુનંદા આંકડાશાસ્ત્રીઓ એ વિગત નોંધવી કદાચ ભૂલી ગયા છે કે ૧૯૨૮થી દ્વિતીય વિશ્વવિગ્રહ સુધીમાં વેસ્ટ ઇન્ડિઝ ૨૨ ટેસ્ટ રમ્યું, જે દરમિયાન તેના બૅટ્સમૅનોએ કુલ ૧૫ સદીઓ નોંધાવી જેમાંની ૧૦ તો માત્ર હેડલીના બૅટમાંથી અવતરેલી.

એ બ્રૅડમૅન યુગ હતો, ને હેડલી ઉચિત રીતે 'બ્લૅક બ્રૅડમૅન' કહેવાયા. જ્યાં સુધી ટેસ્ટ સદીની 'ફ્રિકવન્સી'ને લાગેવળગે છે ત્યાં સુધી બ્રૅડમૅન પછી 'બ્લૅક બ્રૅડમૅન' જ આવે. ૪૦ ટેસ્ટ દાવમાં ૧૦ સદીઓ અને પાંચ (!) અર્ધી સદીઓ! સદી–અર્ધી સદીના પ્રમાણનું આ વૈચિત્ર્ય આટલું મુખર્ માત્ર બ્રૅડમૅન થકી જ થયું છે. (૨૯ સદીઓ; ૧૩ અર્ધી સદીઓ). ૧૯૩૯માં ઓવલ ટેસ્ટમાં તેઓ ૬૫ રને રન-આઉટ થયા ત્યારે ઇંગ્લૅન્ડનાં છાપાંઓએ લખેલું, 'જો તેઓ રન-આઉટ ન થયા હોત તો બીજા દિવસના સૂર્યોદય કરતાં પણ તેમની સદી વધુ નિશ્ચિત હતી.'

સંપૂર્ણ ટેસ્ટ કારકિર્દીની સરેરાશમાં પણ બ્રૅડમૅન (૯૯·૯૪) પછી હેડલી (૬૦·૮૩) આવે. હેડલીની સમગ્ર કારકિર્દી પણ ઈંગ્લૅન્ડ-ઑસ્ટ્રે-લિયા જેવા સબળ સ્પર્ધકો સામે જ વીતી છે એ વિગતને આપણે ભૂલી ન શકીએ કે તેની ઉપેક્ષા ન થઈ શકે.

ઓછાબોલા, સરળ, બેઠી દડીના અને ઘનશ્યામ વર્ણના હેડલી માનસિક અને શારીરિક સજ્જતામાં એક દૃષ્ટાંતરૂપ હતા. એમની માન-સિક તૈયારી પૂરેપૂરી અને જેટલી નૈસર્ગિકતા તેટલી જ સજગતા.

તેઓ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયા ત્યારે બોલર ગ્રિમેટ અને વિકેટ-કીપર ઑલ્ડફીલ્ડે હેડલીના ગ્લાન્સ (શૉટ) સામે યુક્તિ (અનુ. પૃ. ૨૯)

ગંગાધરપંતનું પાણિપત

મૂળ લેખક: પ્રો. જયંત નારળીકર • અનુવાદક: ભરત પાઠક

'કૅટૅસ્ટ્રોફી થીઅરી' નામે ગણિતની એક શાખા છેલ્લા દોઢેક દાયકાથી વિકસી છે. એના સમર્થકોનો દાવો છે કે આ ગણિત વડે 'આકસ્મિક પલટો' લેતી ઘટનાઓનાં લેખાં માંડી શકાય. રેને થૉમ નામનો ફ્રેંચ ગણિતશાસ્ત્રી આ નવી ગણિતશાખાનો જનક ગણાય છે, અને ઝીમૅન નામના એક અંગ્રેજ ગણિતજ્ઞએ તેનો ઠીકઠીક પ્રચાર કર્યો છે.*

અણુ, રેણુ ઈત્યાદિની ચર્ચા કરતા 'ક્વૉન્ટમ થીઅરી'ના શાસ્ત્રનો વિકાસ આ સૈકાની પહેલી પચીસીમાં આરંભાયો હતો, પરંતુ તેના મૂળ સિદ્ધાંતો અંગે આજે યે મતભેદ પ્રવર્તે છે. ન્યૂટનના સમયથી ચાલતા આવેલા ભૌતિકશાસ્ત્ર અનુસાર કોઇ એક કારણને લીધે અમુક ચોક્કસ પરિણામ જ આવે એવો જે ખયાલ દૃઢ થયો હતો તેને ક્વૉન્ટમ થીઅરીએ તોડ્યો. નિશ્ચિત કારણને લીધે નિશ્ચિત પરિણામ જ આવે એવું સૂક્ષ્મકણોના વ્યવહારમાં જોવા મળતું નથી એ પરમાણુશાસ્ત્રે દર્શાવી આપ્યું છે. એક જ કારણના ફળ રૂપે એક કરતાં વધુ પરિણામો ઉદ્ભવી શકે, અને એવા પ્રત્યેક સંભવિત પરિણામનું આગવું વિશ્વ પણ રચાતું હોય, પરંતુ એક દર્શકને નાતે આપણને તો તેમાંનું માત્ર એક જ વિશ્વ દૃષ્ટિગોચર હોય એવી કલ્પના ક્વૉન્ટમ થીઅરીમાં જાણીતી છે.+

— પ્રો. જયંત નારળીકર

તા. ૩૧ ઑગસ્ટ, ૧૯૭૫, સંધ્યાકાળ.

પ્રાધ્યાપક ગંગાધરપંત ગાયતોંડે એક નવતર પરિસંવાદનું અધ્યક્ષસ્થાન શોભાવીને પાછા ફરી રહ્યા હતા. પરિસંવાદનો વિષય હતો 'કૅટૅસ્ટ્રોફી થીઅરી' અથવા મુક્ત અનુવાદ કરવો હોય તો 'આકસ્મિક વિપત્તિનો સિદ્ધાંત'. ખરું જોતાં, અમૂર્ત ગણિતનો આ એક નવો વિષય છે. પરંતુ અમૂર્ત હોવા છતાં જીવનમાં ઘણી વાર તેનાં ઉદાહરણો જોવા મળે છે. દાખલા તરીકે ...પણ થોભો! આ ગણિતશાખાનો પરિચય કરતાં પહેલાં આપણે પ્રથમ ગંગાધરપંતનો પરિચય કરી લેવો જોઇએ.

ઇતિહાસ-સંશોધક અને પ્રાધ્યાપક તરીકે ગંગાધરપંત, પૂનામાં કે મહારાષ્ટ્રમાં તો શું પણ આખા યે ભારતમાં પ્રસિદ્ધ છે. અલબત્ત, તેમનાં વિદ્વત્તાપ્રચુર પુસ્તકો ન વાંચ્યાં હોય કે તેમનાં પ્રભાવી ભાષણો જેમને કાને ન પડ્યાં હોય તેવા લોકો યે હશે—અને તેથી જ આ પ્રસ્તાવના. ગંગાધરપંતની એક ઓળખાણ તે સાર્વજનિક સમારંભોના પ્રમુખ તરીકેની ગણાય. પંચાવન વર્ષની ઉમર થતામાં ગંગાધરપંતે ૯૯૯ વખત પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ આંકડો લાગે છે એટલો મોટો નથી; કારણ હિસાબ સરળ છે. અઠવાડિયામાં એક વખત એ હિસાબે વર્ષમાં બાવન વખત, એમ કરીને ૯૯૯ના આંકડાને આંબી જવામાં વીસ વર્ષ પણ લાગે નહિ! આ હિસાબ ગંગાધરપંતે શરૂઆતથી જ માંડી રાખેલો હતો. ત્રીસીમાં હતા ત્યારથી જ તેમને સમારંભોનાં પ્રમુખસ્થાન સ્વીકારવાનાં નિમંત્રણો આવવા લાગ્યાં. શરૂશરૂમાં તેઓ ફક્ત પોતાના વિષયને લગતા સમારંભોમાં પ્રમુખસ્થાન સ્વીકારતા. પણ આગળ જતાં આ સંયમ ન જાણે ક્યાં ગયો. છેવટે કોઈ પણ સમારંભ માટે સહેલાઈથી મળી જનારા પ્રમુખ તરીકે તેઓ ઓળખાતા થયા. ક્યાંક કોઈક પુસ્તકનું પ્રકાશન, કોઈ શાળાનો વાર્ષિકદિન, સટરપટર પરિસંવાદ, એકસઠમો ઇકોતેરમો કે પછી ગમે તેટલામો જન્મદિવસ—વ્યક્તિનો હોય કે ભલે સંસ્થાનો—ગંગાધરપંત પ્રમુખ તરીકે હાજર! ક્યારેક એકાદા સમારંભના પ્રમુખ ન હોવા છતાં આદત મુજબ એ વ્યાસપીઠ ઉપરની મુખ્ય ખુરશી પચાવી પાડે અને પછી નિમાએલા પ્રમુખે પીછેહઠ કરવી પડે. એટલે પંચાવન વર્ષની વયમાં જ તેમણે ૯૯૯ પ્રમુખપદની મજલ કાપી, તેમાં નવાઈ નથી. માત્ર ૧૦૦૦મા પ્રમુખપદનો પ્રસંગ તેમણે ઇતિહાસ માટે સાચવી રાખ્યો હતો. બે સપ્તાહ પછીના 'પાણિપત' અંગેના પરિસંવાદના તેઓ વરાયેલા અધ્યક્ષ હતા. એ દરમિયાનનાં બીજાં વીસપચીસ નિમંત્રણો તેમણે ભારે સંયમપૂર્વક નકાર્યાં હતાં.

'કૅટૅસ્ટ્રોફી થીઅરી' એટલે શું? આ સવાલનો જવાબ ખબર ન હોવા છતાં, તેમનું ૯૯૯મું પ્રમુખપદ એ વિષય અંગેના પરિસંવાદમાં હતું. પણ પ્રસ્તુત કથાનક માટે આપણને તો તે વિષયની થોડી માહિતી -કંઈક સહેજ ખયાલ હોવો જરૂરી છે; કારણ કે ગંગાધરપંતને થએલા વિલક્ષણ અનુભવ સાથે તેને સંબંધ છે.

ન્યૂટનના વખતથી ચાલતા આવેલા ગણિતનો વિજ્ઞાનીઓએ પુષ્કળ ઉપયોગ કર્યો છે. સૃષ્ટિમાં ઘડાતી ઘટનાઓની કાર્ય-કારણ મીમાંસા કરવા માટે વિજ્ઞાનીઓએ કેટલાક મૂળભૂત નિયમો તૈયાર કર્યા હતા તેમાં પાયાનો ખયાલ એ જ કે, કોઈ પણ પરિણામની પાછળ કંઈક કારણ રહેલું હોય છે, અને આ કારણમાં થોડો ફેરફાર થાય તો તેના ફળસ્વરૂપ પરિણામમાં પણ ફેરફાર થશે. આપણે ચોક્કસ વેગથી ઊંચે ફેંકેલો દડો ચોક્કસ ઊંચાઈને આંબે છે. તે વેગમાં વધારોઘટાડો કરવાથી દડાની ઊંચાઈમાં તદનુસાર વધારોઘટાડો થાય છે. આ બધામાં ગુરુત્વાકર્ષણ અને ગતિશાસ્ત્રના ન્યૂટને શોધેલા સિદ્ધાંતો ભાગ ભજવતા હોય છે. આ સિદ્ધાંતોનું ગણિત ગણિતજ્ઞો સરળતાથી માંડી શકે છે.

પરંતુ સૃષ્ટિના સઘળા વ્યવહાર આ પ્રકારના ગણિતને અનુસરતા નથી. દા. ત. બે કૂતરા ઝગડે છે. તેમાંનો એક કૂતરો ભાગી જાય અને લડાઈનો અંત આવી જાય. હવે લડાઈ ચાલુ હોય તે દરમિયાન તો બેઉ કૂતરામાં ભય અને ક્રોધ એમ બન્ને પ્રકારના ભાવ હોય-ફક્ત બન્નેમાં તેનો પ્રમાણફેર હોઈ શકે છે. ત્યાર પછી એકાએક બેમાંથી એક કૂતરામાં ભયનું પ્રમાણ નિશ્ચિત મર્યાદા વટાવી જાય અને તે દોટ મૂકે! આ પરિવર્તન તદ્દન અચાનક જ આવતું હોય છે. આવું જ કેટલીક રમતમાં બનતું હોય છે. ક્રિકેટમાં બૅટિંગ કરનાર ટીમનો ધબડકો થાય છે. ત્યારે, પહેલી એક-બે વિકેટ પડે ત્યાં સુધી હજુ દાવ બચશે એવો આત્મવિશ્વાસ હોય છે. પણ પછી કેટલીક વિકેટ ઝપાટાબંધ ખડી

*જુઓ E. C. Zeeman: Classification of Elementary Catastrophes of Codimension ($\leq$ 5, Coventry, U. K.—1974)

+જુઓ H. Everett III: Relative State Formulation of Quantum Michanics. (Review of Modern Physics, 29, 454—1957)

જાય એટલે ટીમના ખેલાડી નર્વસ થઈ જાય અને પરિણામે ધબડકો.

આ પ્રકારના બનાવોની કારણ-મીમાંસા જૂની પદ્ધતિના ગણિત-માં માંડી શકાતી નથી. એટલે વિદ્વાનોને લાગતું કે આ બનાવો ગણિતની કક્ષા બહારના છે. પરંતુ ગયા દાયકા દરમિયાન, આવા બનાવોને આવરી લે તેવું નવું ગણિત નિર્માણ થયું છે—એ ગણિત એટલે 'કૅટસ્ટ્રોફી થીઅરી.'

શાંત જનસમુદાય એકાએક ખળભળી ઊઠે; શેરબજારમાં અચાનક ગભરાટ ફેલાય અને ભાવ ગગડે; યુદ્ધમાં એકદમ બાજી પલટાઈ જાય, આવા બધા બનાવો પાછળ આ નવું ગણિત સમાયું હોય છે. કોઈ પણ ઘટના એક વિશિષ્ટ સ્થિતિએ પહોંચે ત્યારે કારણમાં થએલા જરાશા ફેરફારથી પરિણામમાં ઘણા મોટા અને વિલક્ષણ ફેરફારો જોવા મળે, એ પ્રકારની પરિસ્થિતિનું યથાતથ વર્ણન કરવામાં આ નવી ગણિત-શાખા સમર્થ મનાય છે.

'કૅટસ્ટ્રોફી થીઅરી' પરના પરિસંવાદમાં અનેક ભાષણો થયાં હતાં. તે સૌમાં રાજેન્દ્ર દેશપાંડેનું સહુથી વધારે પ્રભાવી થયું. રાજેન્દ્ર એક તરુણ પણ પ્રતિભાશાળી વિદ્વાન છે અને તેની કીર્તિ ભારત બહાર પણ પ્રસરેલી છે. તેની અને ગંગાધરપંતની ઘનિષ્ઠ મૈત્રિ હતી. 'કૅટસ્ટ્રોફી થીઅરી'નો ઉપયોગ કેવી ભિન્નભિન્ન પરિસ્થિતિઓમાં થઈ શકે છે તે આજના ભાષણમાં રાજેન્દ્રે ખૂબ સુંદર રીતે દર્શાવ્યું હતું.

પરિસંવાદ પત્યા પછી પણ ગંગાધરપંત તે ભાષણો પર વિચાર કરતા હતા. તેમનું ઇતિહાસ-સંશોધક મન આગવી જ દિશામાં દોડવા લાગ્યું. ઇતિહાસ કેવી રીતે ઘડાતો હોય છે? એક-બીજામાં ગૂંથાએલા તાણાવાણાથી ઇતિહાસનો પટ તૈયાર થાય! અનેક વાર એવું જોવા મળે કે ઘટનાક્રમની સાંકળ એકાદ વિશિષ્ટ મૂળ સૂત્રમાંથી ઉદ્ભવતી હોય-એ મૂળ જ જો બદલાઈ જાય તો આ સાંકળ ક્યાંની ક્યાં જઈ પહોંચે! 'કૅટસ્ટ્રોફીનું' અહીં કેટલું બધું મહત્ત્વ છે! ગંગાધરપંતને પોતાના ૧૦૦૦માં પ્રમુખસ્થાનીય ભાષણનો વિષય સાંપડ્યો હતો...

'અરે, બાજુ હટ બે!'

હૉર્નના કર્કશ અવાજમાં ટ્રકડ્રાઈવરની બૂમ દબાઈ ગઈ અને ગંગાધરપંતને જબ્બર ધક્કો વાગ્યો. તેમનું ભાન હરાઈ ગયું.

ડ્રાઈવર અને ક્લિનર ટ્રક થોભાવીને નીચે ઊતર્યા. સેનાપતિ બાપટ માર્ગ ઉપર રાહદારીઓ ઓછા હોય જાણીને ટ્રક ડ્રાઈવરે ગાડી પૂરપાટ હાંકેલી. તેને શી ખબર કે માણસ વિચાર કરી શકે છે અને વિચાર-તંદ્રામાં ખોવાઇ જઈ શકે છે? અચાનક જ આ સૂટ-બૂટ ધારી પ્રા૦ ગાયતોંડે સામે દેખાયાથી તેણે બ્રેક તો મારી, પણ તો યે પંતને ધક્કો વાગ્યો જ. પોતે કોઈક પ્રતિષ્ઠિત વ્યક્તિને અકસ્માત કર્યો એનો ટ્રક-વાળાને ખયાલ આવ્યો. એણે અને ક્લિનરે ગભરાતાંગભરાતાં ટ્રકની આગળના ભાગમાં જઈ નજર કરી.

ટ્રક આગળ કોઈ જ નહોતું.

ડ્રાઈવર-ક્લિનર બેઉએ ટ્રકની ચારે બાજુ, ઉપર નીચે બધી બાજુ જોઈ જોયું. પણ પંતનો પત્તો જ નહોતો, રસ્તો નિર્જન હતો. કશોક ભૂતાવળનો પ્રકાર છે એમ લાગવાથી બંને જણ ઝટપટ ટ્રકમાં બેસી પોબારા ગણી ત્યાંથી નાસી ગયા.

ઉપરની ઘટના પછી સાઠ કલાકે પ્રાધ્યાપક ગાયતોંડે મુંબઈના આઝાદ મેદાનમાં 'અવતીર્ણ' થયા. પરોઢના પાંચ વાગ્યે અસ્તવ્યસ્ત પોશાકમાં, કોટનાં તૂટેલાં બટન, કૉલર ફાટેલો, ખિસ્સાં ખાલી, પણ ખાસ ઈજા નહિ પામેલા એવા તેમને આસપાસના લોકોએ ઊંઘમાંથી જગાડ્યા.

'સાહેબ, કોણ છો તમે? અને અહીં કેમ સૂધા છો?' એક પોલીસ કૉન્સ્ટેબલે પૂછ્યું. આ પ્રતિષ્ઠિત અને રૂઆબદાર દેખાતા ગૃહસ્થને મુંબઈના એકાદા મવાલીનો પ્રસાદ તો નહિ મળ્યો હોય?

'હું ગંગાધરપંત ગાયતોંડે. ઇતિહાસનો પ્રોફેસર, પૂનામાં રહું છું -પણ હું અહીં ક્યાં આવી ચડ્યો છું?' પંતે કણસતાં પૂછ્યું. એમની વિચારશક્તિ અને સ્મરણશક્તિ સરખું કામ નહોતી આપતી.

'અરે પેલા પરમ દિવસથી ખોવાઈ ગએલા ઇતિહાસકાર ગાયતોંડે!' પોલીસ કૉન્સ્ટેબલ કંઈ બોલે તે પહેલાં જ ટોળામાંના કોઇકે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

ગાયતોંડેને પોલીસ સ્ટેશન પર લાવવામાં આવ્યા. મુંબઈમાં કામ કરતા તેમના એકના એક પુત્ર વિનયને ખબર પહોંચાડ્યા.

વિનય ગાયતોંડે પિતાને ઘેર લઈ આવ્યો. પોતે છેલ્લા કેટલાય કલાકો ક્યાં હતા તે તેઓને બિલકુલ યાદ આવતું ન હતું. દાક્તરી તપાસમાં તેમના શરીરમાં કોઈ બગાડ જણાયો નહિ. થોડો માનસિક આઘાત થવાથી તેમની સ્મરણશક્તિનો કેટલોક અંશ થોડા સમય પૂરતો લુપ્ત થયો હશે તેવું મુંબઈના એક પ્રખ્યાત મનોવૈજ્ઞાનિકે નિદાન કર્યું.

ગાયતોંડેને પોતાને આ રહસ્ય સમજાતું ન હતું. સ્મરણશક્તિ ગુમાવવા જેવું પોતાને કશું જ થયું નથી તેવો તેમનો દૃઢ મત હતો. બેત્રણ દિવસ મુંબઈમાં કાઢ્યા પછી તેમણે પૂના પાછા ફરવા આગ્રહ રાખ્યો, કારણ કે થોડા જ વખતમાં તેમને પાણિપત અંગેના પરિ-સંવાદનું પ્રમુખસ્થાન શોભાવવાનું હતું. આખરે વિનયે તેમને પૂના જતી ડેક્કન ક્વીનમાં બેસાડી દીધા.

ગાડીમાં બેઠાબેઠા ગંગાધરપંત વિચાર કરવા લાગ્યા. પોતે પૂનાથી મુંબઈ સુધી આવ્યા કઈ રીતે? જો પોતાને સ્મૃતિભ્રંશ થયો હોય તો આ સો માઈલથી યે લાંબો પ્રવાસ પોતે કર્યો કેવી રીતે? મુંબઈ જવા માટેનું કોઈ કારણ જ તેમને યાદ આવતું નહોતું....અને સાઠ કલાક પોતે ક્યાં ફર્યા? ક્યાં જમ્યા? શું ખાધું? ક્યાં સૂતા? આનો ક્યાંય કોઈ પુરાવો હશે ખરો કે?

અંગ ઉપર પોતાનાં નિત્યનાં વસ્ત્રો જ હતાં. પેલા સાઠ કલાકના અનુભવમાંથી આ વસ્ત્રો પણ પસાર થયાં હતાં. વસ્ત્રો પર થોડા આઘાત અને અત્યાચાર પણ થયા હતા; ખિસ્સામાંનું પાકીટ ગુમ થયું હતું... આજે ફરી એ જ સૂટ પહેરીને તેઓ મુસાફરી કરતા હતા.

લોણાવલા સ્ટેશન ગયા પછી વેઈટરે તેમની આગળ ચા-પાણીનું બિલ ધર્યું. તે ચૂકવવા તેમણે ખિસ્સામાં હાથ નાખ્યો...અને કોટના અસ્તરમાં કોઈ ગડીબંધ કાગળ ભરાઈ રહ્યાનો ખયાલ આવ્યો. વેઈટર-નું બિલ ચૂકવીને તેમણે વળી પાછો ખિસ્સામાં હાથ નાખ્યો અને અસ્તરની ફાટમાં સરકી ગએલો કાગળ બહાર કાઢ્યો.

તે એક જૂના પુસ્તકના પાનાનો ટુકડો હતો. તેમાંનું લખાણ નજરે પડતા વેંત ગંગાધરપંતની બધી સુષુપ્ત સ્મૃતિ સપાટામાં જાગી ઊઠી અને પેલા સાઠ કલાક દરમિયાન જે જે બન્યું હતું તે સઘળું તેમનાં મનઃચક્ષુ સમક્ષ આવી ઊભું—અને એ ધ્રૂજી ઊઠયા.

'કોણ માનશે આ?' પોતાની જાત સાથે જ એ બબડી ઊઠયા, 'આ કાગળિયો પુરાવો!! છટ્ છટ્, ભલે ને તે મારી સ્મૃતિ પાછી લાવવામાં કારણભૂત બન્યો, પણ એ છતાં કાંઇ લોકોને ગળે એ વાત થોડી જ ઊતરવાની છે?'

છેવટે, ખૂબ વિચાર કર્યા પછી તેમણે રાજેન્દ્ર દેશપાંડેને મળવાનું નક્કી કર્યું. સાથેસાથે જ તેમણે એક બીજો મહત્ત્વનો નિર્ણય પણ લીધો : 'હવે પછી હું કોઈ પણ સભાનું પ્રમુખસ્થાન સ્વીકારીશ નહિ.'

શાને આવી ભીષ્મપ્રતિજ્ઞા? અમથા તર્કવિતર્ક કરવાને બદલે, પંતે જે વાત રાજેન્દ્રને કહી તે જ સાંભળીએ. અલબત્ત, ગંગાધરપંતને વાતમાં મોણ ઘાલવાની ટેવ હોવાથી તે વાત ટૂંકાણમાં ત્રીજા પુરુષમાં કહેવી જ સારી પડશે.

ટ્રકના ધક્કાથી ગંગાધરપંતે ભાન ગુમાવ્યું. પાછું આવ્યું ત્યારે તેઓ એક હૉસ્પિટલના ખાનગી વૉર્ડના ખાટલામાં હતા. તેમની પડખે એક સફેદ સાડી પહેરેલી નર્સ અને ગળામાં સ્ટેથોસ્કોપ ભેરવેલા એક ડૉક્ટર એમ બે જણ ઊભાં હતાં.

'તમે હવે ભાનમાં આવશો એમ લાગતું હતું એટલે હું રોકાયો હતો. હમણાં જરા વારમાં પાછો આવીશ; થોડા પ્રશ્નો પૂછવા છે. ત્યાં સુધીમાં, મને લાગે છે, તમે થોડા કલાક આરામ લો.' ડૉક્ટરે સ્મિત કરતાં કહ્યું.

'મને સારું લાગે છે. માત્ર થોડો થાક કળાય છે. તમે તમારે પ્રશ્નો પૂછો. જો કે પહેલાં હું જ તમને પૂછું છું : હું ક્યાં છું?'

'અદ્દલ હિંદી ફિલ્મના નાયકનો પ્રશ્ન પૂછ્યો તમે! મૈં કહાં હું?' ડૉક્ટર બોલ્યા. 'તમે વિશ્વાસરાવ રુગ્ણાલયમાં છો.'

પંતને પૂનાનાં બધાં પ્રખ્યાત દવાખાનાંઓની ખબર હતી. પણ આ તો નવું જ નામ હતું. આના ખાતમુહૂર્તમાં કે ઉદ્‌ઘાટનમાં અથવા જો જૂનું હોય તો તેના નવા નામકરણના સમારંભમાં પોતે પ્રમુખ કેમ નહોતા તેની તેમને નવાઈ લાગી. તેમણે પૂછ્યું, 'ક્યાં આવ્યું આ દવાખાનું?'

'વિશ્વાસરાવ પેશ્વા માર્ગ ઉપર!' ડૉક્ટરે ખુલાસો કર્યો. 'રુગ્ણાલય અને માર્ગ બંને સો વર્ષ જૂનાં છે. હવે માર્ગ પરથી રુગ્ણાલયનું નામ પડ્યું કે રુગ્ણાલય પરથી માર્ગનું, તે કોયડો મારાથી હજુ ઉકેલાયો નથી. મરઘી પહેલી કે ઈંડું પહેલું એટલો જ ગહન પ્રશ્ન આ પણ છે! હા...હા...હા...' પોતે વિનોદ કર્યો એમ જાણીને ડૉક્ટર હસ્યા.

'એટલે કે હું પૂનામાં નથી શું?' પંતે વિશ્વાસરાવ માર્ગ એ નામ પણ સાંભળેલું નહોતું.

'હા, હા, પૂનામાં જ છો તમે! અને તમે ત્યાં ગણેશખિંડીના જંગલમાં શું કરતા હતા? નસીબ પાધરાં તે તમે હાઈકર્સને હાથ લાગ્યા, નહિ તો રુગ્ણાલયને બદલે...'

'જંગલ-બંગલમાં ક્યાંય હતો નહિ!' ડૉક્ટરની વાત અધવચ્ચેથી કાપતાં પંત બોલ્યા, 'મજાનો બાપટ માર્ગ પર ચાલ્યો જતો' તો હું તો!'

'બાપટ માર્ગ?' નર્સે આશ્ચર્યથી પૂછ્યું; પણ તેને ઈશારાથી જ ચૂપ કરતાં વિષય બદલીને ડૉક્ટર બોલ્યા, 'ભલે ભલે; તમારું નામ, કામધંધો, સરનામું વગેરે...?'

'હું ગંગાધરપંત ગાયતોંડે. ઇતિહાસનો સંશોધક અને પ્રાધ્યાપક.' પોતાનું નામ ડૉક્ટરને ખબર નહોતી તે હિસાબે તેઓ પૂનાના નહીં હોય તેમ ધારીને પંતે પૂછ્યું, 'તમે પૂનામાં નવા લાગો છો.'

'અરે ના રે, હું તો અસ્સલ પૂનાનો—સદાશિવ પેઠનો નિવાસી છું. ફક્ત પાંચ વર્ષ હિંદુસ્તાન બહાર હતો, વિલાયતમાં.' પછી ડૉક્ટરે પૂછ્યું, 'પણ તમે રહો છો ક્યાં?'

'ફર્ગ્યુસન કૉલેજ પાછળ વરુણ હાઉસિંગ કૉલોનીમાં.' ગંગાધર પંતે પોતાનું સરનામું જણાવ્યું.

'એટલે ત્યારે તમે બૉંબે બાજુના છો.'

'અરે, એ શું બોલ્યા? ફર્ગ્યુસન કૉલેજ પૂનામાં છે, મુંબઇમાં નહિ.' પંતથી રહેવાયું નહિ.

નર્સ વળી કાંઈક બોલવા જતી હતી. પણ ડૉક્ટરે આંખો કાઢી અને ખૂણામાં લઈ જઈને ધીમા અવાજે તેને કશીક સૂચનાઓ આપી. તો ય, 'માનસિક આઘાત...વાદવિવાદ નહિ...સાંભળી લેવાનું વગેરે' કેટલાક શબ્દો પંતના સરવા કાને પડ્યા જ. ડૉક્ટર પાછા આવીને બોલ્યા, 'સૉરી, મારી ભૂલ થઈ.' પણ તેમનો સ્વર નાનાં છોકરાંને પટાવતા હોય તેવો હતો. વળી કહેવા લાગ્યા, 'તમારો આ ઇતિહાસ-વિષય સત્તર પેશવાઓ અને વીસ મોગલ બાદશાહોનાં નામ મોઢે કરતાં નાકે દમ આવતો! અને પેલી સંધિની કલમોને તો દૂરથી જ નમસ્કાર!'

સત્તર પેશવાઓ? વીસ મોગલ બાદશાહો? આ બેટાનો ઇતિહાસ કાચો છે કે ગણિત?—પંતને પ્રશ્ન થયો. પરંતુ તેમણે પણ આ ચક્રમ ગૃહસ્થ સાથે વાદવિવાદમાં ન ઊતરવાનું નક્કી કર્યું. માત્ર પોતાને મૂંઝવનારો એક પ્રશ્ન તેમણે પૂછ્યો, 'આજે તારીખ કઈ છે?'

'આજ શ્રાવણ વદ દશમ, શકે ૧૮૯૭ – તમારે બૉબેની તારીખ જોઈતી હોય તો—૧ સપ્ટેમ્બર, ૧૯૭૫.' ડૉક્ટરે તરત જ કહ્યું.

પૂના અને મુંબઈ—બે ઠેકાણે અલગ કૅલેન્ડર! આ શી વાત છે? કે પછી હું ઇતિહાસ-સંશોધક છું એટલે ડૉક્ટરે ચટ દઈને ભારતીય કૅલેન્ડર પ્રમાણેની તારીખ કહી? પણ ડૉક્ટરના ચહેરા પર ગમ્મતનો ભાવ ન હતો અને હિસાબ કરી જોતાં તિથિ પણ બરાબર નીકળી.

તેમને ટ્રકનો ધક્કો વાગ્યાને ફક્ત એક રાત વીતી હતી.

ડૉક્ટર તેમની ખબર કાઢીને ગયા તે બીજા દિવસે સવારે સાત વાગ્યે દેખાયા. દરમિયાન તેમણે ગંગાધર પંતને શાંત પડી રહેવાનું કહ્યું હતું. વાંચવાની સંપૂર્ણ મનાઈ કરી હતી એટલે પંતને માત્ર વિચારો કર્યા સિવાય બીજો આરો ન હતો. પરંતુ વિચારો કરવા છતાં ડૉક્ટરનાં અસંબદ્ધ વિધાનોનો કોઈ અર્થ બેસતો ન હતો.

ડૉક્ટરે ચોકસાઈપૂર્વક પંતની વૈદ્યકીય જાંચ-તપાસ આદરી. દરમિયાન તેમની લવરી તો ચાલુ જ હતી. પંદર મિનિટમાં પંદર જોક્સ દર્દીના કાને પડવી જ જોઈએ એવું તેઓ માનતા હતા. છેવટે તે બોલ્યા 'પ્રાધ્યાપકસાહેબ, તમારે હવે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. તમારું નસીબ બળવાન એટલે જ તમે અમને સવેળા મળી આવ્યા; નહીંતર તમે ઇતિહાસના પાને જમા થઈ ગયા હોત! હા હા હા! ઠીક ત્યારે. હું રાત આખી ડ્યુટી પર જ હતો—હવે ઘેર જઉં છું. તમને ક્યાંય ઉતારતો જઉં કે?'

ગંગાધરપંતે તેમનો આભાર માન્યો. હૉસ્પિટલનો ગણવેશ ઉતાર્યો અને પોતાનો હંમેશનો સૂટ ચઢાવીને ડૉક્ટર સાથે નીકળ્યા. બીજા અર્ધા કલાક સુધી જોક્સ સાંભળવા માટે મન મજબૂત કર્યું. હૉસ્પિટલમાંથી બહાર આવતાંઆવતાં ત્યાંનું વાતાવરણ, કર્મચારીઓનો ગણવેશ, જુદાજુદા વિભાગોને આપવામાં આવેલાં નામ, એ બધું તેમને અપરિચિત લાગ્યું. ઉર્દૂ, અંગ્રેજી અને મરાઠીમાં અલગ અલગ સૂચનાઓ લખેલી હતી. કેટલેક ઠેકાણે 'હિંદુસ્તાની'નો ઉપયોગ પણ થયો હતો. આ બધું શું છે તેનો તેઓ વિચાર કરતા હતા ત્યાં જ ડૉક્ટર કાર લઇને દરવાજે આવ્યા. કારનું મૉડેલ પણ પંતને જુદું લાગ્યું. સરસ, ભભકદાર હતી, પણ નામ હતું 'ચક્રવર્તી'. આ મૉડેલ નવું છે કે શું એવું તેમણે પૂછી જોયું.

'હોય કાંઈ! છે તો જૂની—ભાગે છે ખરી, પણ ભાંગે ક્યારે એ કહેવાય નહિ. ખાસ્સાં પાંચ વર્ષ થયાં ખરીદ્યાને!' હોશિયારી ભરી નજરે ડૉક્ટર આગળ બોલ્યા, 'ગાયતોંડે સાહેબ, માફ કરજો. મેં હજુ તમને મારી ઓળખાણ આપી નથી. હું અરવિંદ મોડક. સ્વારગેટ પાસે રહું છું.'

'એસ.ટી. સ્ટૅન્ડનો ખૂબ ત્રાસ રહેતો હશે.'

'એસ.ટી. સ્ટૅન્ડ એટલે શું?' ડૉક્ટરે સામો પ્રશ્ન પૂછ્યો. વળી પાછી પંતને મૂંઝવણ થવા લાગી. પોતે પૂછેલો ઔપચારિક પ્રશ્ન પણ ડૉક્ટરને કેમ વિચિત્ર લાગતો હશે? તો યે તેમણે જેમતેમ ખુલાસો કર્યો. 'એસ.ટી. એટલે સ્ટેટ ટ્રાન્સપોર્ટ – સ્વારગેટથી બસો દોડે છે ને!'

'તમે કહો છો તેવી બસો રેલવે સ્ટેશન પાસેથી જ દોડે છે, પણ તે સરકારી નથી; ખાનગી કંપનીની છે. સ્વારગેટ આગળ નામ પ્રમાણે ગેટ છે અને ત્યાં સ્વારો પણ છે. પરંતુ તમને ક્યાં ઉતારું?' હૉસ્પિટલના પ્રાંગણમાંથી કાર બહાર કાઢતાં ડૉક્ટર બોલ્યા.

પંતને આ વિસ્તાર અપરિચિત લાગતો હતો. એટલે તેમને રસ્તો કહેવાનું ફાવતું ન હતું. છેવટે તે બોલ્યા 'મને શનિવાર-વાડા પાસે લઈ જાઓ—ત્યાંથી હું તમને રસ્તો બતાવીશ.' શનિવાર-વાડા બાબત પણ તેમની અને ડૉક્ટર વચ્ચે કોઈ ગેરસમજ ન થાય તો સારું! પણ ડૉક્ટરે તેમની અપેક્ષા પ્રમાણે શનિવારવાડો એટલે શું? એમ પૂછ્યું નહિ અને તેમને હાશ થઇ.

'હું ગઇ કાલે ઇતિહાસ બાબતે થોડું ઘસાતું બોલ્યો તે બદલ માફ કરજો, પણ શું કહું? નાનપણમાં અમને કોઈ તમારા જ નામેરી વિદ્વાનનું લખેલું પુસ્તક ભણવામાં આવતું હતું. વિદ્વત્તાપ્રચુર, પણ અમારા નિશાળીઆઓનાં ભેજાં ઉપરથી પસાર થઈ જાય તેવું!' રેલવેપુલ નીચેથી ગાડી કાઢતાં ડૉક્ટર બોલ્યા, 'પછી એ ગાયતોંડે અકાળે અવસાન પામ્યા અને તેમની પાછળપાછળ તે પુસ્તકની ઝંઝટ પણ ટળી. એમાંના પાંચ ભાગમાંથી ત્રણ મેં માંડમાંડ પચાવ્યા હતા!'

ગંગાધરપંતે દસ વર્ષ પહેલાં જ પાંચ ભાગમાં શાળાઓ માટે ઇતિહાસ લખ્યો હતો: 'ભારતનો સંક્ષિપ્ત ઇતિહાસ'. તેમણે બીતાં-બીતાં જ પૂછ્યું, 'શું નામ હતું તે પુસ્તકનું? અને એ ગાયતોંડે ક્યારે ગયા?'

'નામ મને ચોક્કસ યાદ નથી આવતું પણ હિંદુસ્તાનનો સંક્ષિપ્ત ઇતિહાસ કે એવું જ કાંઈક હતું. અમે વિદ્યાર્થીઓ ખૂબ કંટાળેલા. એવા દળદાર થોથાને જો સંક્ષિપ્ત કહેવાય તો વિસ્તારથી લખેલો ઇતિહાસ કેવડો મોટો હોય એ વિષે અમે અનુમાન કરતા. મારો અંગત અંદાજ એવો હતો કે એવા એકાદ 'વિસ્તૃત' ઇતિહાસ લખવાના પ્રયત્નમાં જ ગાયતોંડે કામ આવી ગયા હશે.' મનોમન થોડો હિસાબ કરીને ડૉક્ટર બોલ્યા, 'મને લાગે છે, સુમારે પંદર વર્ષ પહેલાં તેમનું મૃત્યુ થએલું. પણ તમને તેની જાણ નથી તેની મને નવાઈ લાગે છે.' પોતે કોઈ 'ટૅક્ટલેસ' વિધાન કર્યું હોવાની ડૉક્ટરને લગારે કલ્પના ન હતી.

ગંગાધરપંતે જવાબ ન વાળ્યો. પોતાના જ નામધારી ઇતિહાસકાર પોતાના જ જેવું પુસ્તક લખી જાય તે કેવું? તેઓને બીજા ગાયતોંડે ઇતિહાસકારની ખબર ન હતી. ક્ષણભર તેમને એક વિચિત્ર કલ્પના આવી. પોતે જ એ ગાયતોંડે તો ન હોય ક્યાંક? અને ભૂલભૂલમાં કોઈ અજ્ઞાત કારણસર ભવિષ્યકાળમાં પચ્ચીસ-ત્રીસ વર્ષ આગળ આવી ગયો તો નહિ હોઉં ને? ફરી તેમણે ડૉક્ટરને તારીખ પૂછી. ઘડિયાળમાં નજર નાખતાં ડૉક્ટરે કહ્યું, 'શ્રાવણ વદ એકાદશી, શકે અઢારસો સત્તાણું.'

મતલબ કે ૨ સપ્ટેમ્બર, ૧૯૭૫! તેઓ વર્તમાનકાળમાં જ હતા. હજુ કશાનો જ મેળ બેસતો નહોતો. ગંગાધરપંતે આ વિષે તર્ક કરવાના મોકૂફ રાખ્યા. એટલામાં જ દૂરથી શનિવારવાડાનો વિસ્તાર દેખાવા લાગ્યો.

'આજે વાડા પાસે પહેરેગીરો ક્યાંથી આવ્યા? કોઈ ઓપન-એર-પ્લે વગેરેની તૈયારી ચાલે છે કે શું?' દૂરથી દેખાતા ડગલાવાળાઓને જોઈ તેમણે પૂછ્યું.

'આ તો હમેશાં હોય છે. તે દ્વારપાળો છે. આજે કાંઈ નવા નથી.' ડૉક્ટરે આમ કહેતામાં તો ગાડી વાડા પાસે આવીને ઊભી. અને પંતને આશ્ચર્યનો જબરદસ્ત ધક્કો લાગ્યો.

શનિવારવાડાની સઘળી ઇમારતો અખંડ સ્થિતિમાં પેશવાકાલીન રૂપમાં—તેમની સામે ખડી હતી.

ચક્કર-ચક્કર ફરતા માથાને સંભાળતાં પંતે ડૉક્ટરને થોડી વાર રોકાવા કહ્યું. જેમતેમ કરી કારમાંથી બહાર આવ્યા અને તેમણે મુખ્ય દરવાજા પર લગાવેલી નોટિસ વાંચી:

પેશવાનો આ ઐતિહાસિક વાડો આમજનતા માટે બપોરે ત્રણથી પાંચ ખુલ્લો રહેશે. પ્રવેશશુલ્ક રૂ. ૧. બાર વર્ષની નીચેનાં બાળકોને મફત પ્રવેશ. ત્ર્યંબકજી નાયક, કોતવાલ, પૂણે.

એની એ જ નોટિસ ઉર્દૂમાં પણ હતી.

ઐતિહાસિક કાગળપત્રોના અધ્યયનથી જેનું ચિત્ર તેમણે આજલગી દૃષ્ટિ સમક્ષ કલ્પી રાખેલું તે આ શનિવારવાડો અંદરથી જોવાની અનિવાર્ય ઇચ્છા તેમણે દબાવી મૂકવી પડી, કારણ હજુ સવારનો વખત હતો.

'હવે ક્યાં જવાનું છે?' ડૉક્ટરના પ્રશ્નથી તેઓ ભાનમાં આવ્યા અને પાછા કારમાં જઇને બેઠા. પોતાના ઘરની દિશાનો રસ્તો બતાવવાની શરૂઆત તેમણે કરી, પરંતુ પોતાના પરિચયનું પૂના થોડી જ વારમાં જાણે પાછળ રહી ગયું. ડેક્કન જીમખાના આવતાં સુધીમાં તો તેમને લાગ્યું હું જુદા જ શહેરમાં આવી ચડ્યો છું. ફર્ગ્યુસન કૉલેજ હોવી જોઇએ ત્યાં તો જંગલ જ હતું. એ વિસ્તારમાં આવતાં સુધીમાં કાર જઈ શકે તેવો રસ્તો પૂરો થઈ ગયો અને ડૉક્ટરે પોતાની કાર નાછૂટકે થોભાવી. આ ભુલકણા પ્રાધ્યાપક મને કયા ભળતા જ ઠેકાણે લાવ્યા? કે પછી એમના મગજ પર તો અસર નહિ થઈ હોય?

પંતને ઘડીભર શું કરવું તે સૂઝ ન પડી. આ ભાગમાં આવેલી મનુષ્યવસ્તી, ઈમારતો, ઘરો, દુકાનો—એકાએક ગયાં ક્યાં? મારા ઘરનું શું થયું? હવે હું ક્યાં જઈશ?...તે બહાવરા બન્યા.

પણ તે પળવાર જ! પછી પાછો તરત જ તેમના ચહેરા પર એક નિશ્ચય ઊપસી આવ્યો, 'ડૉક્ટર તમે મને ભુલકણો, ચક્રમ કે પછી ભેજાંગેપ સમજતા હશો, પણ ખરી વસ્તુસ્થિતિ તેવી નથી. ખરી પરિસ્થિતિ શું છે તે મને પોતાને જ કહેતાં આવડતું નથી. છેક પરમદિવસ સુધી આ વિસ્તાર મેં ભર્યોભર્યો દીઠેલો છે. મારું ઘર અહીંથી દૂર નહોતું. મારા મિત્રો અહીં રહેતા હતા. આ વિસ્તાર નિર્જન કેવી રીતે થઈ ગયો? આ જંગલ ક્યારે આવ્યું? કે પછી હું સ્વપ્ન જોઉં છું? મને કાંઈ સમજાતું નથી.'

ડૉક્ટર સહાનુભૂતિપૂર્વક સાંભળી રહ્યા. પંત આગળ બોલ્યા, 'મારો દીકરો મુંબઈમાં ફાર્બસ, ફાર્બસ ઍન્ડ કૅમ્પબેલ કંપનીમાં કામ કરતો – ના, કરે જ છે એમ હું કહીશ. તે જ એક મારો એકનો એક નજીકનો સગો છે. મને લાગે છે હું આજે જ એની પાસે મુંબઈ જઈશ પણ તે કંપની તો છે ને?'


'હા, એ નામની એક મોટી કંપની મુંબઇમાં છે, અને તમારો નિર્ણય પણ વાજબી જ છે.' ઘડિયાળ જોતાં ડૉક્ટર બોલ્યા, 'એક કલાકમાં જિજામાતા એક્સપ્રેસ મુંબઈ જવા રવાના થશે. ચાલો, હું તમને તાબડતોબ સ્ટેશન પર લઈ જઉં. પણ ટિકિટના પૈસાબૈસા છે ખરા તમારી પાસે?'

પંતે ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. તેમાં દસદસની પંદર નોટો હતી. પણ તે જોઇને ડૉક્ટર કહે, 'આ ક્યાંની વિચિત્ર નોટો તમે લઈ આવ્યા? આ તમે 'વ્યાપાર' રમવામાં વાપરજો. લ્યો, આ થોડી

ઔષધીય વનસ્પતિ–૭

ગળો

પવનકુમાર જૈન



ઔષધોમાં ગળોનું મોટું માહાત્મ્ય છે, એટલે એનું નામ તો અજાણ્યું ન લાગે, પરંતુ શહેરવાસીઓમાંના ઘણાએ કદાચ ગળોનો વેલો જોયો નહિ હોય. આમ તો ગળોના વેલા બારે માસ ઊગે છે, પણ ચોમાસામાં એ વિશેષ ખીલે છે. ઝાડનો ટેકો મળે તો તેના ઉપર બહુ ઊંચે સુધી ગળો ફેલાય છે, અને નહિતર જમીન ઉપર પણ એ પથરાય તથા એની ડાંડીમાંથી ફૂટતા દોરી જેવા તંતુઓ જમીનમાં ઊતરી જઈ તેમાંથી નવાનવા વેલા ઊગતા જાય. વાડ, વાડી ને વગડાની ગીચ ઝાડીમાં ગળો સારી પેઠે ઊગે છે. લીમડાના વૃક્ષ પર ચડેલી ગળો વધુ ગુણકારી ગણાય છે.

ગુલવેલ, અંબારવેલ, ગરુડવેલ વગેરે એનાં મરાઠી નામ છે. હિંદીમાં ગિલોય, ગુરચ, ગુડંચા, ગુલવેલ, અને સંસ્કૃતમાં ગુડૂચી, અમૃતા, છિન્નરુહા ને છિન્નોદ્ભવા વગેરે નામે તે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને ગુલવેલ (Gulvel) અને શાસ્ત્રીય ભાષામાં Tinospora cordifolia (willd.) Miers કહે છે.

સારી રીતે ફાલે તો તેનાં પાન ૧૦ થી ૧૫ સે. મી. લાંબાં અને ૮ થી ૧૨ સે. મી. પહોળાં તથા આંતરેઆંતરે ઊગે છે. સાધારણ ખુલ્લી જગ્યામાં હોય તો પાનનું કદ ૫ થી ૧૦ સે. મી. લાંબુંપહોળું હોય છે. એનો આકાર પારસપીપળાનાં પાનની જેમ નીચલે છેડે ડાંડલી પાસે ખાંચ પાડી બંને બાજુ ગોળાઈ લઈ ટોચે અણિયાળાં હોય છે. આ પાનની વાસ ઉગ્ર અને તેનો સ્વાદ કડવો હોય છે.

ગળોનાં ફૂલ નર અને માદા બંને અલગઅલગ વેલા ઉપર આવે છે. ડિસેમ્બરથી મે માસ દરમિયાન ગળોનાં ફૂલ ખીલે તે પહેલાં ડાળ પર ઝીણી ઘૂઘરીઓના ઝૂમખા જેવાં કળીઓનાં ઝૂમખાં જોવા મળે છે. ગળોનાં ફૂલ પીળચટ્ટાં લીલાં ને કદમાં નાનાં હોય છે. એની છ પાંખડીઓ બે હારમાં ઊગે છે, જેમાં બહારની ત્રણ પાંખડી અંદરની પાંખડી કરતાં કદમાં જરા મોટી હોય છે.

આ ઝૂમખાબંધ ફૂલો ખરી પડે ત્યારે તે દરેક ફૂલને સ્થાને મરીના દાણાથી જરા મોટાં અને એક તરફ જરા વંકાતાં ગોળ ફળ બેસે છે, જે પાકે ત્યારે રાતો રંગ ધારણ કરે છે. આ ફળ ચીકણાં અને કડવાં હોય છે.

ગળોના અનેક ઔષધીય ઉપયોગ છે. થોડા જોઈએ :

૧. જીર્ણ જ્વરમાં ગળોનું હિમ પીવું. ગળોના વેલાનો બેએક વેંત લાંબો ટુકડો લઈ તેને ટાચીને બેએક કપ જેટલા પાણીમાં રાતભર પલાળી રાખવો, અને સવારે કાપડથી ગાળીને એ પાણી પી જવું. આ પાણીને ગળોનું હિમ કહે છે. આ પીધા પછી આખા શરીરે સરસિયા તેલનું માલિશ કરી, થોડી વાર પછી ગરમ પાણીથી નહાવું. એક-બે અઠવાડિયામાં જીર્ણ તાવ મટી જશે, પરંતુ એ પછી યે એકાદ માસ આ પ્રયોગ જારી રાખવો. શરીરની અંદર કે બહાર દાહ અનુભવાતી હોય તો તેમાં પણ આ હિમ ટાઢક લાવે છે.

૨. ધાવણ ઓછું આવતું હોય તો દસ ગ્રામ જેટલો ગળોનાં પાનનો ભૂકો તેનાથી સોળ ગણા પાણીમાં નાખી, ઢાંક્યા વિના ધીમા તાપે એ પાણી ઉકાળવું. લગભગ પોણા ભાગનું પાણી બળી જાય એટલે ઉતારી લેવું. ઠર્યા પછી વસ્ત્રગાળ કરી એ પાણીમાં એક કપ દૂધ નાખી પી જવું.

૩. શીળસ, શીળવા કે શીતપિત્તમાં ઉપર મુજબ ઉકાળો બનાવી દૂધ ઉમેર્યા વિના જ સવાર-સાંજ બે વખત પીવો. સવારે એ પીધા પછી સરસિયા તેલનું માલિશ કરી ગરમ પાણીથી નહાવું.

૪. અરુચિના કારણે કશું ખાવાની ઇચ્છા થતી ન હોય તો ગળોની લીલી ડાંખળીઓને લસોટીને રસ કાઢી, બે ચમચી રસમાં ચપટી જેટલું લીંડીપીપરનું ચૂર્ણ તથા એક ચમચી મધ મેળવીને સવાર-સાંજ પીવો

૫. આમવાતમાં ગળો તથા સૂંઠનું પાંચ-પાંચ ગ્રામ ચૂર્ણ લઈ તેનો ક્વાથ બનાવવો, અને દીવેલ મેળવીને સવાર-સાંજ પીવો.

૬. કૃશતા એટલે કે શરીર દૂબળું રહેતું હોય તો ગળોના ઘનની બનાવેલી 'સંશમની' નામની ગોળીઓ સારો ફાયદો કરે છે અને દૂબળા શરીર સાથે બાળકોમાં આવેલું સ્વભાવનું ચીડિયાપણું પણ દૂર કરે છે. શુદ્ધ ગળોઘનવટી ('સંશમની નં. ૩' નામે એ ઓળખાય છે) બાળકોને વય અનુસાર ૪ થી ૮ ગોળી પાણી સાથે આપી શકાય. મોટેરાંઓ રોજની બારેક ગોળી લઈ શકે. સવારે ખાલી પેટે તથા બપોરે અને સાંજે જમવા અગાઉ એક કલાક પહેલાં સંશમની લેવી. આ પ્રયોગ ૩ થી ૬ માસ સુધી કરવાથી લોહીનો તપારો મટી સ્વભાવ સુધરવા સાથે શરીર વળશે. □

સાચી નોટો તમે રાખો અને તમારી મને આપો. તમારી નોટો જોઈ મારાં છોકરાં રાજી થશે.'

કાંઈ જ બોલ્યા વગર પંતે નોટોની અદલબદલ કરી. ડૉક્ટરે આપેલી સોની નોટ પર કુતુબમિનારનું ચિત્ર હતું ને 'મૈં હિંદુસ્તાનકે શહેનશાહ કે ખજાન્ચી કી હૈસિયતસે ઈસકે લાનેવાલે કો સો રૂપયે દેનેકા વાદા કરતા હૂં'' એવા હિંદી અને ઉર્દૂ લખાણ નીચે સહી હતી. દસની નોટ પર દક્ષિણમાંના એક મોટા મંદિરનું ચિત્ર હતું.

પૂના સ્ટેશન પર કાર થોભાવીને ડૉક્ટર પંતને ટિકિટ ઑફિસે લઇ ગયા. મુંબઈ માટે અલાયદી બારી હતી અને ત્યાં નોટિસ હતી: 'પરવાના વગર ટિકિટ મળશે નહિ.' પરવાનો શાનો? પંતને પ્રશ્ન થયો.

'અરે, સાહેબોના રાજ્યમાં જવા માટે પરવાનો હોવો જોઇએ એ તમે ભૂલી ગયા કે શું? તમારી પાસે ન જ હોય તો આવો મારી સંગાથે.' ડૉક્ટર તેમને નજીકની એક ઑફિસમાં લઈ ગયા.

એ ઑફિસમાં એક ફૉર્મ પર તેમનું નામ, ઠામ, મુંબઇમાંની ઓળખાણનું ઠેકાણું ને તેમની સહી એ બધી માહિતી તેમના પોતાના હસ્તાક્ષરમાં લેવામાં આવી. એક પોલરૉઇડ કૅમેરા વડે તેમનો રંગીન ફોટો લેવામાં આવ્યો. કૅમેરા સાથેના મશીનનું એક બટન દાબતાં જ તેમાંથી બે ઇંચ પહોળાઈ અને ત્રણ ઇંચ લંબાઇનું કાર્ડ બહાર આવ્યું. તેના પર એક બાજુ તેમનો આબેહૂબ ફોટો અને બીજી બાજુ ફૉર્મમાંની બાકીની માહિતી હતી. કાર્ડ પ્લાસ્ટિકના એક કવરમાં વ્યવસ્થિત બીડેલું હતું. આ પરવાના માટે તેમને ફી લાગી દસ રૂપિયા.

પરવાનો બતાવીને, મુંબઇની ફર્સ્ટક્લાસની ટિકિટ લેવાઈ ગયા પછી ડૉક્ટરે તેમને પ્લૅટફૉર્મ નંબર એક પર જિન્નામાતા એક્સ્પ્રેસમાં બેસાડ્યા. ડૉક્ટરસાહેબનો અંતઃકરણથી આભાર માનીને પંતે તેમને વિદાય આપી.

જિન્નામાતા એક્સપ્રેસના ડબા બહારથી ભગવા રંગના હતા. અને તેમના પર 'મરાઠા રેલવે' એવું લખેલું હતું. પંતનો ડબો બ્રિટિશ અમલવાળા ફર્સ્ટક્લાસ જેવો સુસજ્જિત હતો. તેમના બે સહપ્રવાસી હતા: એક ગોરાસાહેબ અને બીજા પોશાક પરથી મુસલમાન લાગતા ગૃહસ્થ. સાહેબ વર્તમાનપત્રમાં માથું ઘાલીને મગ્ન હતા ને મિયાંભાઈ સાથે આણેલું ખાવામાં ગૂંથાએલા હતા. 'આપ કિધર જા રહે હૈં જનાબ?' પંતે પૂછ્યું.

'જી, મૈં તો બંબઇ હોતે હુએ પેશાવર જાઉંગા'

'પેશાવર? વહાં જાનેકે લિયે પાસપોર્ટકી જરૂરત પડતી હૈ?' પંતે ડરતાંડરતાં પૂછ્યું અને મિયાંભાઇનું મોં જોઇને તેમને થયું કે આ પ્રશ્ન વળી ક્યાં પૂછ્યો!

'અજીબ સવાલ પૂછા આપને, ભાઇસાહબ! અપને હી વતનમેં જાનેકે લિયે પાસપોર્ટકી ક્યા જરૂરત? હાં, જોનેકે લિયે પરમિટ ચાહીએ.'

મતલબ કે પેશાવર ભારતમાં અને મુંબઇ સાહેબોના રાજ્યમાં! ઇતિહાસ-સંશોધક હતા એટલે ગંગાધરપંત હતબુદ્ધ બન્યા! નોટપર લખેલું 'હિંદુસ્તાનકા શાહેનશાહ' એ કેવી વાત? શનિવારવાડો કેમ હજુ પેશ્વાકાલીન ઐશ્વર્ય ધરાવે છે? પોતે ભૂતકાળમાં ચાલ્યા ગયા હોય એમ ધારીએ તો મોટરકાર, ટ્રેઇન, સ્ટેશન પરનું ફોટોનું મશીન વગેરે આધુનિક બાબતો તે અનુમાન ભૂલભરેલું ઠેરવતી હતી. ભવિષ્ય કાળમાં ગયા કહીએ તો બ્રિટિશ રાજ, બ્રિટિશ બાદશાહ, શનિવાર-વાડાએ બધું હજુ હયાતીમાં ક્યાંથી? ઉપરાંત, તારીખ બીજી સપ્ટેમ્બર ૧૯૭૫ હતી. મતલબ કે ટ્રકના હડસેલાથી પોતાનું ભાન ગયા પછી પૂરા બે દિવસ પણ વીત્યા ન હતા.

તેમને પરિચિત હતો તે પૂના-મુંબઇ રસ્તે ગાડી પૂરપાટ જતી હતી. પૂનાની આસપાસ ઔદ્યોગીકરણ થયું ન હતું. ખડકી પાસે લશ્કરી છાવણી ન હતી. લોણાવળા સ્ટેશન નાનું અમથું હતું. ખંડાળાથી કર્જત એ તેમનો પરિચિત ઘાટમાર્ગ હતો. આ બધા નાનામોટા ફેર-ફારો જોવા તેમનું મન હવે ટેવાયું હતું. જે દેખાય તે મૂગામૂગા જોવાનું, સાવ જરૂરી હોય તેવા જ પ્રશ્નો બીજાઓને પૂછવાના અને શક્ય તેટલું મૌન પાળવાનું એમણે નક્કી કર્યું. આ પરિસ્થિતિનો તાગ પામવાનો એક રસ્તો તેમને સૂઝ્યો: હું જેને જોઉં છું તે દેશ ગમે તેટલો બદલાએલો હશે તોપણ તેનો અલાયદો ઇતિહાસ જરૂર લખાયો હશે. મુંબઇના એકાદા પ્રસિદ્ધ પુસ્તકાલયમાં તે ઇતિહાસ તપાસી જોવો પડશે.

તેમને રાજેન્દ્ર દેશપાંડેએ રજૂ કરેલી કલ્પનાઓ યાદ આવી. થોડાં અઠવાડિયાં પહેલાં તેની સાથે થએલી એ ચર્ચાનો પોતાના આ અનુભવ સાથે મેળ બેસે ખરો કે? રાજેન્દ્રની કલ્પનાઓ ભલે સાવ ચમત્કારિક લાગતી હોય. પણ ધ્યાનમાં લેવા જેવી હોય છે. તેને પૂનામાં મળવાનું તેમણે નક્કી કર્યું.

પણ આ જે સૃષ્ટિ હું જોઉં છું તેમાં રાજેન્દ્ર જ નહીં હોય તો?... અને તેની સાથોસાથ જ બીજા એક વિચારે તેમને અસ્વસ્થ કરી મૂક્યા. મારો વિનય તો અસ્તિત્વ ધરાવતો હશે ને? નીકળતાં પહેલાં મારે ફોન પર તપાસ કરવી જોઇતી હતી.

કલ્યાણ સ્ટેશન આવી ગયું. પારશિકનો બોગદો વટાવ્યા પછી એક નાનકડું સ્ટેશન આવ્યું: 'સરહદ'. ટ્રેનમાં એક ઍંગ્લો-ઇન્ડિયન વર્દી-ધારી ચડ્યો અને વારા પ્રમાણે તેમના કમ્પાર્ટમેન્ટમાં આવ્યો. 'પરમિટ પ્લીઝ'. ડબામાંના ઉતારુઓએ પોતપોતાનાં કાર્ડ બતાવ્યાં. 'ક્યુ' એવું થેન્કયુનું ટૂંકું રૂપ કરતાં એણે પરમિટો તપાસીને પાછી આપી.

'અબ યહાંસે અંગરેજી રાજ શુરુ હો ગયા,' મિયાંભાઇએ માહિતી પૂરી પાડી. 'આપ, જાન પડતા હૈ, પહલી બાર બંબઇ જા રહે હૈ?'

'જી હાં.' આ તેમનો જવાબ ખાસ ખોટો ન હતો. નહીંતરે ય તેઓ આ મુંબઇમાં પહેલાં ક્યાં આવ્યા હતા?' આપ પેશાવર કૈસે જાયેંગે?' તેમણે વળતો પ્રશ્ન કર્યો.

'મૈં તો ફ્રન્ટીયર મેલસે જાઉંગા. આજ રાતકો બંબઇ સેન્ટ્રલ સે પરસો તક પહુંચ જાઉંગા.'

તે પછી બે વચ્ચે ઘણી વાતો થઇ – મતલબ કે બોલવાનું કામ મિયાંભાઇ કરતા હતા અને સાંભળવાનું ગંગાધરપંત. ખરી રીતે પંતને માટે આ નવો અનુભવ હતો, પણ વધારે બોલીને હું પોતાની જ હાંસી કરાવીશ એવા ડરથી તેમની વાચા જ હરાઇ ગઇ હતી.

મુંબઇનાં પરાંઓ વટાવીને, અને પરાંની ટ્રેનો સાથે પકડા-પકડી રમતીરમતી તેમની ગાડી વિક્ટોરિયા ટર્મિનસ પર પહોંચી. સ્ટેશન-સ્ટાફમાં ગોરાસાહેબો પારસીઓ અને ઍંગ્લોઇન્ડિયનોનું પ્રમાણ વધારે દેખાઇ આવતું હતું. જુદીજુદી સૂચનાઓ અંગ્રેજીમાં હતી. સ્ટેશન પર સ્વચ્છતા અને ટાપટીપ આંખ ઠારે તેવાં હતાં. સ્ટેશનના ચોગાનમાંથી બહાર નીકળતાં જ સામે એક છ માળની ઇમારત મોટા દમામથી ઊભેલી દેખાઈ. તેના ઉપર ચોખ્ખા અક્ષરે નામ હતું:

East India House

The head quarters of East India Company

ઇસ્ટ ઇન્ડિયા કંપની? ૧૮૫૭ના આંદોલન પછી જેનો અસ્ત થએલો તે ફરી પાછી ક્યાંથી?...પરંતુ ખરેખર તેનો અસ્ત થએલો કે? પંતનું મન દ્વિધામાં પડ્યું. પોતાને દેખાતા અન્ય ફેરફારો ધ્યાનમાં લેતાં, ઇતિહાસમાંનો આટલો અમથો ફરક કાંઇ ઝાઝો ન ગણાય. ઇતિહાસ કેમ અને ક્યાં બદલાયો?...તેમનું મન વેગથી દોડવા લાગ્યું. પણ તેમના પગ તેમને હમેશની ગતિએ ફાર્બસ કંપની તરફ લઇ જતા હતા. આ ધોરીમાર્ગ પરિચિત હતો, પણ દુકાનો અને ઑફિસો જુદાં હતાં. હૅન્ડલૂમ હાઉસ ન હતું, પાછળ વિદેશ સંચાર ભવન દેખાતું ન હતું...હા, ખૂદ્સનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર, લોઇડ્સ ઍન્ડ બાર્કલે ઍંકની શાખા, વગેરે બ્રિટિશછાપ જગ્યાઓ હતી.

હોમસ્ટ્રીટમાં વળીને તેઓ ફાર્બસ બિલ્ડિંગમાં દાખલ થયા. 'મારે વિનયે ગાયતોંડેને મળવું છે.' તેમણે ઇન્ક્વાયરી ઑફિસમાંની ગૌરાંગનાને કહ્યું. તેણે સ્ટાફ લિસ્ટ, ટેલિફોન લિસ્ટ વગેરે જોઈને, બેત્રણ જણાને ફોન કરીને છેવટે જણાવ્યું, 'વિનય ગાયતોંડે નામના કોઇ

કર્મચારી અહીં કામ કરતા નથી. એટલું જ નહિ, તેઓ કંપનીની કોઈ પણ શાખામાં નથી.'

આ આઘાત પંતને અપેક્ષિત જ લાગ્યો; એટલું તેમનું મન તૈયાર થયું હતું. દીકરાનો પત્તો મળતો નથી તો પછી હું મુંબઈમાં ક્યાં રહીશ ? પૂના પાછા ફરવાની સગવડ ન હતી. કારણ ત્યાં પણ એમનું ઘર ક્યાં હતું ? અને તેમના કોઇ મિત્ર હયાત હશે તો તેઓ પણ ગંગાધરપંત ગાયતોંડે અનેક વર્ષો પૂર્વે સ્વર્ગવાસી થયા હોવાના ખયાલમાં જ હોવાના, મનને અસ્વસ્થ બનાવનારા આવા વિચારો બાજુએ ઠેલીને પણ તેમની ઇતિહાસ-સંશોધકની વૃત્તિ તેમને સતત સતાવતી હતી. હવે તો ક્યાંક પુસ્તકાલયમાં જઈને, આ પ્રકરણનો દોર પકડવાનો છે...ફોર્ટમાં આવેલા એક રેસ્ટોરાંમાં ખાવાનું પતાવીને તેમણે રૉયલ એશિયાટિક સોસાયટી ભણી પગ વાળ્યા.

ત્યાંની લાઈબ્રેરીમાં જઈને તેમણે ભારતીય ઇતિહાસનાં થોકબંધ પુસ્તકો વાંચવા કાઢયાં. તેમાં તેમની પોતાની ગ્રંથમાળા પણ ખરી. એમણે તે જોવાની શરૂઆત કરી.

ખંડ પહેલો ઇસ્વીસન પૂર્વેનો, બીજો સમુદ્રગુપ્ત સુધીનો, ત્રીજો મહંમદ ઘોરી સુધી અને ચોથો ઔરંગઝેબના મૃત્યુ સુધીનો. આ બધા ખંડ પોતાને જાણીતો ઇતિહાસ જ કહેતા હતા. ફક્ત પાંચમો ખંડ બદલાયેલો લાગ્યો....આ ખંડની શરૂઆત તેમને પરિચિત હતી પરંતુ અંત જુદો હતો. એ ખંડના આદિ અને અંત એમ બેઉ ઠેકાણેથી વાંચતાંવાંચતાં છેવટે તેઓ એવા ઠેકાણે આવી પહોંચ્યા—જ્યાંથી ઇતિહાસને વળાંક મળતો હતો.

તે પાના પરની મહત્ત્વની ઘટના એટલે પાણિપતનું યુદ્ધ. તે બદલાએલો ઇતિહાસ બોલતો હતો કે પાણિપતના યુદ્ધમાં મરાઠાઓ જીત્યા. સંપૂર્ણ પરાભવ પામી સારી એવી માલમત્તા ગુમાવીને અને મનુષ્યહાનિ ભોગવીને અબ્દાલીએ ઉત્તર ભણી નાસી જવું પડયું અને છેક સરહદ સુધી પીછો કરીને તેને કાબૂલના રસ્તે ચઢાવીને સદાશિવરાવ ભાઉ અને વિશ્વાસરાવ પાછા ફર્યા.

ખુદ પાણિપતના યુદ્ધની વિગતવાર માહિતી તેમના પુસ્તકમાં ન હતી, પણ તેનાં પરિણામ શાં આવ્યાં તેની લાંબી ચર્ચા હતી. પંતે પુસ્તકનો બાકીનો ભાગ ઉપરટપકે ઝપાટાબંધ વાંચી કાઢયો. લખવાની શૈલી પોતાની જ હતી અને છતાં અંદરના મુદ્દા પોતે પહેલી જ વાર વાંચતા હતા !

પાણિપતમાં મળેલા વિજયને પરિણામે હિંદુસ્તાન પર મરાઠાઓનું ભારે વર્ચસ્વ જામ્યું. ઉત્તરના નવાબો, સૂબાઓ વગેરે તેમ જ ઈસ્ટ ઇન્ડિયા કંપની ઉપર તેમની ધાક બેસી ગઈ. બળની સાથે સમયસર મુત્સદ્દીગીરી પણ આવી મળવાથી પેશવાઓએ અંગ્રેજોની દાળ ગળવા દીધી નહિ. ફ્રેંચ અને પોર્તુગીઝ વસાહતોની જેમ કંપનીનો અધિકાર મુંબઈ કલકત્તા અને મદ્રાસ એટલા વિસ્તારોમાં જ મર્યાદિત રહ્યો. ભારતીય રાજ્યકર્તાઓએ અંગ્રેજોની યંત્રવિદ્યાનો અને શિસ્તબદ્ધ કાર્યપદ્ધતિનો લાભ લીધો. પણ તે પોતાનું સાર્વભૌમત્વ સાચવીને. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પણ હિંદુસ્તાનમાં વસાહતો વધારી શકાતી નથી તે જોઈને વ્યાપારવૃત્તિથી પોતાના જ્ઞાનનું વેચાણ શરૂ કર્યું. રેલવે, ટેલિગ્રાફ ઈત્યાદિ યાંત્રિક શોધખોળનો પ્રચાર કંપનીએ શરૂ કર્યો-કૉન્ટ્રેક્ટ બેઝીસ પર. આ વિદ્યા આ રીતે મોંઘી પડશે એમ દેખાઈ આવ્યા પછી રાજ્યકર્તાઓએ ભારતીઓને તેમાં શિક્ષણ આપવાની શરૂઆત કરી, અને કંપનીનું મહત્ત્વ ઘટતું ગયું. ધીમેધીમે કંપનીને પોતાના હક્ક જતા કરવા પડયા. વીસમી સદીની શરૂઆત પહેલાં જ સાર્વભૌમ હિંદુસ્તાન સરકારને મદ્રાસ અને કલકત્તા પાછાં મળ્યાં.

લઘુકથા

દ્વિદલ

રમેશ ત્રિવેદી

રાતના દસ વાગવા આવ્યા હતા.

ટિકલાના હાથમાં ચોપડી હતી, પણ એનું ચિત્ત તેમાં નહોતું. એ એના બાપ વિશે વિચારી રહ્યો હતો. બાપને બીચારાને ટી. બી. છે. અને એટલે તો મા એમને વારંવાર ઓવરટાઈમ કરવાની ના પાડયા કરે છે, પણ એ માનતા જ નથી. એમનો સ્વભાવ જાણે સાવ બદલાઈ ગયો છે. વાતવાતમાં એ ચિડાઈ જાય છે. ઉશ્કેરાઈ જાય છે. ઓછામાં પૂરું પોતે એસ. એસ.સી.માં બીજી વાર નાપાસ થયો હતો.

એકાએક એ ઝબકી ગયો. બાપનો ખાંસવાનો અવાજ ઘરનો ખખડી ગએલો દાદરો ચડી છેક બારણા સુધી આવી પહોંચ્યો હતો. ટિકલાએ ચોપડી સરખી કરી. ને એની મા સામે જોયું. ટૂંટિયું વાળીને એ સૂતી હતી, એકદમ આંખો ચોળી ઊભી થઈ બારણું ખોલવા ગઈ.

'આજે ય પાછા ઓવરટેમ કરવા રોકાયા ને...'

પણ એ વાકય પૂરું કરે ત્યાં તો ટિકલાએ જોયું કે એના બાપે હાથમાંનું ટિફિન માના કપાળ પર ઝીંકી દીધું.

ટિકલો સફાળો ઊભો થઈ બાપને વારવા દોડી ગયો ત્યાં એને ય એક અડબોથ પડી. 'એક તો કારખાનામાં તમારો બાપ લોહી પી જાય, ને ઘેર આવીએ તો...' પણ એટલું બોલતાં તો બાપને પાછી હાંફ ચડી.

માના કપાળમાંથી નીકળતા લોહીનો રંગ ટિકલાની આંખમાં ઊતરી આવ્યો. દાંત ભીંસતો એ ખૂણામાં પડેલી લાકડી ઉપાડી લાવ્યો ને બાપ સામે ઉગામી. બીજી જ પળે મા કપાળમાંથી વહેતા લોહીની પરવા કર્યા વિના આડી ફરી ને ટિકલાના હાથમાંથી લાકડી આંચકી લેતા બરાડી, 'બાયલા, મરી જા...બાપ સામે લાકડી ઉગામતાં લાજતો નથી ?'

માની એ ત્રાડ અને વાઘણ જેવી આંખો જોઈ ટિકલો ડઘાઈ ગયો. મોડી રાત સુધી તેને ઊંઘ આવી નહિ. લાકડીની ખેંચાખેંચમાં એના હાથમાં પડેલો ઉઝરડો ચચરતો હતો. પારાં ઘસતો એ ધૂંધવાતો પડયો રહ્યો. મા પર એને બહુ ગુસ્સો ચડયો હતો. આખરે તો માર ખાધા છતાં એણે બાપનો જ પક્ષ લીધો ને!

સવારે ટિકલાની આંખ ઊઘડી ત્યારે રોજની જેમ એ બારણા પાસે ઊભી હતી. કપાળે જૂના સાડલાનો પાટો વીંટયો હતો. નોકરીએ જતા પતિને એ મૃદુ અવાજે કહી રહી હતી, 'જો જો હોં, આજે પાછા ઓવરટેમ કરતા નહિ. શરીર તો જુઓ તમારું, સાવ કેવું કરી નાખ્યું છે!'

ઘણી વાર ટિકલાને માનું વર્તન સમજાતું નહિ, આજે યે ન સમજાયું. જાણી જોઇને એ પડખું ફરી ગયો. એકાએક પોતાના હાથ પર નજર પડી. રાતે થએલા ઉઝરડા ઉપર પાટો બંધાએલો હતો. □

બ્રિટિશ સરકાર સાથે થએલા એક કરાર મુજબ મુંબઈ શહેર સન ૨૦૦૦ સુધી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રક્ષણ હેઠળ રહીને પછી ભારતમાં વિલિન થવાનું હતું.

પાણિપત પછી ભાઉસાહેબ અને વિશ્વાસરાવને પુષ્કળ પ્રતિષ્ઠા મળી અને પેશવા દરબારમાં દાદાસાહેબનું વજન ઘણું ઓછું થઇ ગયું. ખુદ નાનાસાહેબ પેશવા ઇસ્વી સન ૧૭૮૦ સુધી મરાઠાશાહીની ધુરા સંભાળતા હતા. તેમના વહીવટ દરમિયાન વિશ્વાસરાવ અને માધવરાવ એ બે ભાઈઓએ બાજીરાવ-ચીમાજી અપ્પાની યાદ અપાવનારં પરાક્રમ કરી બતાવ્યાં. હૈદરાબાદના નિઝામને એક કરાર દ્વારા તેમણે એક મર્યાદિત સીમાની બહાર લશ્કરની હેરફેરની મનાઈ

કરીને શક્તિહીન બનાવી દીધો. ઉત્તરે અફઘાનિસ્તાનની સીમા સુધી અને પૂર્વે બંગાળ સુધી વખતોવખત ચઢાઈઓ કરીને અને વિશ્વાસુ સૂબેદારો નીમીને પેશવાઓએ દિલ્હીના બાદશાહને પત્તાના રાજા જેટલો નિઃસત્ત્વ કરી મૂક્યો. નાનાસાહેબ પછી વિશ્વાસરાવ, તેના પછી તેના વંશજો, એમ ઓગણીસમી સદીની આખર સુધી પરંપરા ચાલી. પરંતુ ત્યાં સુધીમાં પેશવાઈ પણ પ્રભાવહીન થઈ હતી. અમેરિકન સિવિલ વૉરને લીધે નિર્માણ થએલા વાયરા હિંદુસ્તાનમાં પણ પહોંચ્યા. પાશ્ચાત્ય દેશોમાં પ્રચલિત થતી ગએલી લોકશાહી ભારતમાં પણ આવે એવી ઇચ્છા ધરાવનારા અને તે સાકાર કરવા મથનારા રાષ્ટ્રપુરુષો જન્મ્યા. એટલે જ સત્તરમા પેશ્વાના જમાનામાં પેદા થઈ બેઠેલી અરાજકતાને જુદો જ વળાંક મળ્યો અને તેમાંથી લોકસત્તાક રાજ્યનું નિર્માણ થયું. બ્રિટિશ પ્રણાલિની જેમ દિલ્હીનો બાદશાહ આ રાજ્યનો નામમાત્રનો 'શહેનશાહ' હતો. ઐતિહાસિક કારણોસર દેશનું નામ હિંદુસ્તાન રહેવા છતાં તેનું બંધારણ ધર્મનિરપેક્ષ હતું.

આ બધું વાંચવાથી ગંગાધરપંતના અનેક પ્રશ્નો ઊકલ્યા. પોતે જોતા હતા તે 'હિંદુસ્તાન' એક અલાયદો જ ઇતિહાસ ધરાવતો દેશ હતો. તેને પાશ્ચાત્ય રાષ્ટ્રો હેઠળની ગુલામીની ખબર જ ન હતી. તેના ઘડતર પછવાડે એક પ્રકારનો આત્મવિશ્વાસ હતો, લઘુતાગ્રંથિ ન હતી. ભારતીય બનાવટનો માલ એટલે બીજી કક્ષાનો અને 'ઇમ્પોર્ટેડ' પરદેશી માલ જ ઉત્તમ એવી ભાવનાને અહીં સ્થાન ન હતું. મુંબઈમાંના ગોરા સાહેબો સુધ્ધાં 'નેટિવ' લોકો પ્રત્યે નમ્રતાથી વર્તતા હતા; કારણ કે તે માણસોની પછવાડે એક સામર્થ્યશાળી રાષ્ટ્ર ઊભું છે તેની તેમને ખબર હતી.

પંતને સમ્રાટ અશોકના સમયના ભારતની યાદ આવી. અને પછી યાદ આવ્યો પોતાનો જાણીતો ભારતદેશ--અનેક સૈકાઓની ગુલામીમાંથી હમણાં જ સ્વતંત્ર થએલો ભારતદેશ. રાષ્ટ્રના આયુષ્યમાં અઠ્ઠાવીસ વર્ષ એ નાનોશો સમયગાળો કહી શકાય. વધારે પડતો આત્મવિશ્વાસ કે વધારે પડતી લઘુતાગ્રંથિ – એમ એકકે બાજુની ખાઈમાં ફસડી ન પડવાની કાળજી લેતાંલેતાં વચલી કેડીએ ચાલ્યા કરે તો આપણો દેશ પણ બીજાં સાઠ-સિત્તેર વર્ષમાં આવી પરિસ્થિતિ નક્કી પ્રાપ્ત કરે. માત્ર એ માટે ભારતીયોમાં શિસ્તબદ્ધતા અને જવાબદારીનું ભાન હોવું ઘટે...ગંગાધરપંત ભવિષ્ય અંગે આશાવાદી હતા.

પોતાના ભટકતા વિચારોને સંભાળી લઇને તેમણે બીજાં પુસ્તકો-દસ્તાવેજો, ડાયરીઓ વગેરે જોવાની શરૂઆત કરી. તેમને પરિચિત હતી તે ભાઉસાહેબની ડાયરી અલગ જ દૃષ્ટિકોણથી લખેલી જોવા મળી. લડાઈનું વર્ણન વાંચતાંવાંચતાં તેમની નજર એક ઉતારા ઉપર પડી:

'...તે વખતે વિશ્વાસરાવે હુજુરાતના માણસો વચ્ચે થઈ ઘોડો દોડાવ્યો અને હુમલો કર્યો. અને જાણે ઈશ્વરકૃપા થઈ! એકાએક તેમના કાન પાસેથી જ બંદૂકની ગોળી પસાર થઈ ગઈ. તલભરનો ફરક પડત તો નાનાસાહેબ ઠાર મરાયા હોત....'

રાતના આઠ વાગ્યા અને હવે લાઇબ્રેરી બંધ થાય છે એમ લાઈબ્રેરિયને નમ્ર સૂચના આપી. પંત પોતાની અભ્યાસતંદ્રામાંથી ઝટપટ ઊઠયા. 'આ બધા દસ્તાવેજો મારે કાલે સવારે પણ જોવા માટે જોઇશે' —એવી સૂચના આપીને તેઓ બહાર નીકળ્યા. ભુલકણાપણાને લીધે ભાઉસાહેબની ડાયરી તેમના ગજવામાં રહી ગઈ.

એક ગેસ્ટહાઉસમાં જઈ, રાત માટે ઓરડી ભાડે રાખીને, જમી પરવારીને પગ છૂટા કરવા માટે તેઓ આઝાદ મેદાન ભણી રવાના થયા. મેદાનમાં એક બાજુએ મંડપ બાંધેલો હતો અને ત્યાં પુષ્કળ ભીડ દેખાતી હતી. કોઈકનું ભાષણ ચાલતું હતું. વ્યાસપીઠ ઉપર એક જ ખુરશી હતી અને તે ખાલી હતી. સામેના ટેબલ પર ફૂલોથી સજાવેલી ફૂલદાની હતી.

વ્યાસપીઠ...ખાલી ખુરશી...ભાષણ...દીવા ભણી જેમ ફૂદું આકર્ષાય એમ ગંગાધરપંત તે ખુરશી તરફ તણાતા ગયા. પોતાની વિચારતંદ્રામાં જ તે ખુરશી પર જઈને બેઠા. એ જોઈને વક્તાનો વાણીપ્રવાહ બંધ પડયો; અને શ્રોતા સઘળા બૂમો પાડવા લાગ્યા.

'ખુરશી ખાલી કરો—'

'આ વ્યાખ્યાનમાં કોઈ પ્રમુખ નથી હોતો.'

'Get off the chair.'

'The chair is symbolic..'

'ખુરશી પર કોઈએ બેસવાનું નથી.'

પ્રમુખ વિનાની સભા? કેવું બેહૂદું? ગંગાધરપંતનું લોહી ઊકળી ઊઠયું. માઈક આગળ જઇને વક્તાને બાજુ પર ખસેડીને તેઓ બોલવા લાગ્યા, 'સજ્જનો અને સન્નારીઓ! પ્રમુખ વિનાની સભા એટલે જાણે ડેન્માર્કના રાજપુત્ર વગરનું હૅમ્લેટ નાટક—'

પણ શ્રોતાઓએ તેમને આગળ બોલવા ન દીધા. 'બસ કરો, બસ કરો. સ્વાગતનાં ને પ્રમુખનાં ને આભારનાં ચીલાચાલુ ભાષણો સાંભળવાનો અમને કંટાળો આવ્યો છે.'

'અમારે ફક્ત વક્તાઓનાં ભાષણ જ સાંભળવાં છે.'

'પ્રમુખની જૂનવાણી પ્રથા ન જોઇએ.'

૯૯૯ સભાઓ ગજાવી ચૂકેલા ગંગાધરપંત આ સઘળા ગર્જનાઓ ગણકાર્યા વગર બોલતા રહ્યા. તેમના શરીર પર ઇંડાં, ટમાટાં, બટાકાં, શાકભાજી વગેરે ચીજવસ્તુઓનો ધોધમાર શરૂ થયો. તોપણ જ્યારે તે બોલતા જ ગયા, ત્યારે પછી શ્રોતા સમુદાયે વ્યાસપીઠ પર આક્રમણ શરૂ કર્યું.

અને એ ભીડાભીડમાં ગંગાધરપંત એવા અદૃશ્ય થઈ ગયા કે કોઇને દેખાયા જ નહિ!

'ત્યાર પછીની હકીકત તને ખબર છે, બીજે દિવસે હું આઝાદ મેદાનમાંથી મળી આવ્યો!' પોતાનું વૃત્તાંત આટોપતાં પ્રાધ્યાપક ગાયતોંડે બોલ્યા, 'રાજેન્દ્ર આ બધું મેં માત્ર તને જ કહ્યું છે. કદાચ તું આ બધી બાબતોની કાર્ય-કારણ મીમાંસા કરી શકશે.'

'પંત, આ અનુભવ થયો તે અગાઉ તમે શું કરતા હતા?'

'હું કૅટૅસ્ટ્રોફી પરનો પરિસંવાદ પતાવીને ઘેર આવતો હતો. તે વખતે હું તારા જ ભાષણના વિચારોમાં હતો.' પંત બોલ્યા.

'તે પરિસંવાદમાં રજૂ થએલા વિચાર તમારા મનમાં ઘોળાતા હશે, તમે પાણિપત વિષે પણ વિચાર કરતા હતા કે?' રાજેન્દ્રના ચહેરા પર મજાકનો ભાવ હતો.

'હા, અને તે જ અરસામાં ટ્રકના ધક્કાથી મારી સ્મૃતિ ચાલી ગઈ અને મારા અજાગૃત મનમાં આ સઘળા વિચારો હોવાથી જ મેં જે આ કહી તે બધી વાત ખરેખર બની તેમ મને લાગે છે. તું શું કહેવા માગે છે તેની પણ મને ખબર છે. મને પણ પહેલાંપહેલાં તો એ જ ખયાલ આવેલો — સ્મૃતિભ્રંશ થયો અને તેના લીધે હું કોઈક રીતે મુંબઈ ગયો હોઈશ એમ મને શરૂઆતમાં લાગતું હતું. અને બીજાંઓ હજુ તેમ જ ધારે છે. માત્ર તેટલું જ હોત તો તારી પાસે ન હોત. પરંતુ મને થએલો અનુભવ સત્ય સૃષ્ટિનો હતો એની મને ખાતરી છે. આ જો એનો પુરાવો.' તેમણે ખિસ્સામાંથી કાગળનો એક ટુકડો બહાર કાઢ્યો.

ભાઉસાહેબની ડાયરીમાંનું એ એક છાપેલું પાનું હતું. તેમાંનું લખાણ વાંચતાં જ, ઇતિહાસનો બહુ અભ્યાસ ન હોવા છતાં રાજેન્દ્ર ગંભીર વિચારમાં પડ્યો.

પંત આગળ બોલ્યા, 'આ કાગળ મને મારા સૂટના અસ્તરમાંથી જડ્યો. એ ડાયરી ભૂલથી મારા ગજવામાં જ રહી ગઈ હતી. બીજે દિવસે હું તે પરત કરવાનો હતો; પણ આઝાદ મેદાન પરની ધક્કામુક્કીમાં તે ગુમ થઈ અને આ એક પત્તું બાકી બચ્યું !'

રાજેન્દ્ર વિચાર કરતો હતો. ડાયરીના પાનાની ફેરવી ફેરવીને ચકાસણી કરીને પછી, ગળું ખોંખારીને તેણે બોલવાની શરૂઆત કરી. પંત ધ્યાન દઇને સાંભળી રહ્યા :

'હું તમારી વાત પર અવિશ્વાસ નથી લાવતો. તમને થએલો અનુભવ ખરો હતો એમ સ્વીકારી લઇને જ હું તેની કાર્ય-કારણ-મીમાંસા કરીશ—અને તે કરીશ બે દલીલોના આધારે. પરંતુ તે દલીલો એટલી અસામાન્ય છે કે પ્રત્યક્ષ અનુભવમાંથી પસાર થયા છતાં તમને એ ગળે ઊતરશે જ એવી મને ખાતરી નથી. તો ય હું પ્રયત્ન કરી જોઉં. થોડા દિવસ પહેલાં મેં તમને કૅટસ્ટ્રૉફી વિષે થોડું કહ્યું હતું.'

'હા, પરિસંવાદમાં મેં તારું ભાષણ ધ્યાન દઇને સાંભળ્યું હતું.' પ્રમુખ હોવા છતાં બીજા વક્તાનાં ભાષણો ધ્યાનપૂર્વક સાંભળવાનો પંતનો નિયમ હતો.

'હવે તે સિદ્ધાંતનો આપણે પાણિપતના યુદ્ધ સંબંધે ઉપયોગ કરીએ.' રાજેન્દ્ર બોલ્યો, 'હું ઇતિહાસ-સંશોધક નથી. એટલે પાણિપતના યુદ્ધમાં મરાઠાઓ શાથી પરાજિત થયેલા તેનું પોસ્ટમોર્ટમ કરવા નહિ બેસું. પણ યુદ્ધ-પહેલાંના જમાનાનું રણસંગ્રામમાં સામસામું ખેલાયેલું યુદ્ધ તે કૅટસ્ટ્રૉફી થીઅરીનું એક ઉત્તમ ઉદાહરણ ગણાય. યુદ્ધસામગ્રી, સૈન્યબળ વગેરે પૂરેપૂરાં હોવા છતાં યુદ્ધનું પરિણામ નેતૃત્વ ઉપર ઘણો જ આધાર રાખતું હોય છે. પહેલેથી જ થાકી ચૂકેલા મરાઠાઓ માટે 'વિશ્વાસરાવ ગોળી વાગીને ઠાર થયા' એ ઘટના એટલે કૅટસ્ટ્રૉફીની સીમા હતી ! એ સીમા વટાવ્યા પછીની પરિસ્થિતિ ઝપાટાભેર બદલાતી હોય છે એવો સિદ્ધાંત છે. ભાઉસાહેબ ભીડમાં ઘૂસ્યા અને બચ્યા નહિ. ઈતર સરદારો હતબદ્ધ થયા. સૈન્યમાં શિસ્ત વેરણછેરણ થઈ. અને છેવટે મરાઠાઓનો સર્વનાશ થયો.'

'ખરી વાત, આપણો ઇતિહાસ એમ જ છે.'

'પરંતુ તમે બતાવ્યું તે ડાયરીનું પાનું કંઈક જુદું જ બોલે છે. શત્રુની ગોળી વિશ્વાસરાવને ઇજા કર્યા વગર કાન પાસેથી પસાર થઇ ગઇ ! એમ બનવાથી પરિણામ વિપરિત આવ્યું. એ ઘટનાને ઇશ્વરકૃપા માનીને મરાઠાઓ નવા જોમથી લડ્યા અને તેમણે અબ્દાલીનો પરાભવ કર્યો. ઇતિહાસમાં એવાં અનેક યુદ્ધ મળી આવશે કે જેમાં વિપરિત પરિણામ આવવા માટે નાનું અમથું કારણ પણ બસ થઇ પડ્યું હોય. માત્ર તે કૅટસ્ટ્રૉફીની વિશિષ્ટ સીમા આસપાસ બન્યું હોવું જોઇએ. વૉટરલૂના યુદ્ધ અંગે પણ આવું કહેવાય છે.'

'હા, એ સઘળું કબૂલ કરીએ. પરંતુ પાણિપતના યુદ્ધનું પરિણામ ખરેખર શું આવેલું તે તો આપણને ખબર જ છે ને ! એટલે તે બાબતમાં 'આમ બન્યું હોત તો' એવી ચર્ચા અવાસ્તવિક ઠરે છે.' ગંગાધરપંત બોલ્યા.

'અવાસ્તવ કોને કહીશું ? અહીં મારી બીજી દલીલ આવે છે. પ્રત્યક્ષ સૃષ્ટિમાં જે બધું બને છે તે આપણે આપણા અનુભવથી નક્કી કરીએ છીએ. અને આ અનુભવ, તે આપણી ઇન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ કે પછી યંત્રોના ઉપયોગ દ્વારા પરોક્ષ, એમ બે રીતે આપણે મેળવીએ છીએ. આપણે દર્શક ખરા, પરંતુ આપણે જે જોઇએ છીએ તે જ પ્રત્યક્ષમાં બની રહ્યું છે કે પછી તેનાં અન્ય વિવિધ સ્વરૂપો અસ્તિત્વમાં છે ?'

પોતાના સવાલનો પોતે જ જવાબ આપતાં રાજેન્દ્ર આગળ કહેવા લાગ્યો, 'વૈજ્ઞાનિકોને આવી અનેકરૂપતાનો અનુભવ અતિસૂક્ષ્મ પદાર્થોના વર્તનમાં થઇ ચૂક્યો છે. પરમાણુ અથવા તેમાં વસનારા ઇલેક્ટ્રૉન્સ-પ્રૉટૉન્સ જેવા મૂળકણો તેમના વર્તનમાં બહુરૂપીપણું દર્શાવતા હોય છે. એક દિશામાંથી ફેંકવામાં આવેલો, નિશ્ચિત વેગથી જતો દડો, ભીંત પર અથડાઇને પછી ક્યાં જશે, તે આપણે ચોક્કસ રીતે ગણિત ગણીને કે પછી વારંવાર પ્રયોગ કરીને, કહી શકીએ છીએ. પરંતુ સૂક્ષ્મ પદાર્થો બાબત તેવું કંઇ હોતું નથી. એક પ્રોટૉનની દિશામાં નિશ્ચિત વેગથી છોડવામાં આવેલો ઇલેક્ટ્રૉન આગળ ક્યાં જશે તે ચોક્કસપણે કહી શકાતું નથી. એટલું જ નહિ, અમુક વેગ ધરાવતો ઇલેક્ટ્રૉનકણ અમુક સ્થાને છે એવું વિધાન પણ ચોક્કસાઇપૂર્વક કરી શકાતું નથી. આનો અર્થ એવો નથી કે પરમાણુ અંગેનું ગણિત અપૂર્ણ છે; પરંતુ અનિશ્ચિતતા એ સૃષ્ટિનો એક મૂળભૂત નિયમ છે એમ હવે સાબિત થયેલું છે.' રાજેન્દ્ર સંભાળપૂર્વક કહેતો હતો.

'મારા જેવા વિજ્ઞાનના વિષયોથી અજાણ્યાને તો આ બધું નવાઇ ભરેલું લાગે છે? પણ આ બધાને મારા અનુભવ સાથે શું લાગેવળગે?'

'તે હવે આગળ આવશે. મેં જણાવ્યો તે સિદ્ધાંત પચાવતાં ૧૯૨૦-'૩૦ દરમિયાનના મોટામોટા વૈજ્ઞાનિકોને બહુ કષ્ટ પડેલું. અત્યારે જેને ક્વૉન્ટમવાદ કહીએ છીએ તે આ જ સિદ્ધાંત પર આધારિત છે. તેમાં પહેલું એ શીખવું પડે છે કે કોઇ પણ વસ્તુ એક ચોક્કસ સ્થિતિમાં જ હોય છે તેવું નથી. તેની એકથી વધારે સ્થિતિઓ હોઇ શકે છે; ખાસ કરીને અતિસૂક્ષ્મ પદાર્થો બાબતમાં જુદીજુદી પરિસ્થિતિઓ અને તેમાં થયા કરતું પરિવર્તન એ ખૂબ મહત્ત્વની વાત છે. પરમાણુ અંદર રહેલા ઇલેક્ટ્રૉન કેન્દ્રબિંદુની આસપાસ જુદીજુદી ભ્રમણકક્ષામાં ફરે છે. પણ તે અમુક ભ્રમણકક્ષામાં અમુક સ્થાને છે [જેમ પૃથ્વી સૂર્યની આસપાસ ચોક્કસ ભ્રમણકક્ષામાં, ચોક્કસ સમયે, ચોક્કસ ઠેકાણે હોય છે] તેવું વિધાન કરી ન શકાય. તેની ભ્રમણકક્ષા બદલાતી રહે છે. કેટલીક વાર ઇલેક્ટ્રૉન પોતાની ભ્રમણકક્ષા પોતાની મેળે બદલે છે અને આવે વખતે પરમાણુમાંથી ઉર્જા બહાર ફેંકાય છે. આમ પોતાની મેળે કક્ષા બદલવાનું અને ઉર્જા બહાર ફેંકાવાનું ક્યારે બનશે અને ઉર્જા કઇ દિશામાં બહાર ફેંકાશે તે અંગે બહુમાં બહુ તો સંભાવના માત્ર કહી શકાતી હોય છે.'

'મતલબ કે રેસમાં અમુક ઘોડો પહેલો આવશે એવી સંભાવના આંકડાઓમાં વ્યક્ત કરે છે તેવી જ રીતે કે?' પંતે વચમાં જ પૂછ્યું.

'હા, પણ ક્વૉન્ટમવાદના ગણિતે દર્શાવેલી સંભાવના રેસના ઘોડા અંગેની સંભાવના કરતાં વધારે ચોક્કસ હોય છે.' રાજેન્દ્ર મરકતાંમરકતાં બોલ્યો, 'પણ હું ક્વૉન્ટમવાદ વિષે હવે વધારે નહીં બોલું, એ ખાલી લૅક્ચર બની જશે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે ક્વૉન્ટમવાદના અનેક નિયમો પ્રયોગો દ્વારા સિદ્ધ થએલા છે. મારી કલ્પના એવી છે કે સૂક્ષ્મસૃષ્ટિની જેમ આવા નિયમો વિરાટ સૃષ્ટિને પણ લાગુ પડતા હોય તો? તેનો અર્થ એવો થાય કે આપણે જોઇએ છીએ તે સૃષ્ટિ એ એક ખાસ પરિસ્થિતિમાં વસેલી છે. સૃષ્ટિની અન્ય પરિસ્થિતિઓ પણ હશે અને ઇલેક્ટ્રૉનમાં જેમ સ્થિતિપલટો થાય છે તેમ વિરાટ કક્ષાએ પણ એક સ્થિતિમાંથી અન્ય સ્થિતિમાં સંક્રાંતિ સંભવી શકતી હશે.' પોતાનો મુદ્દો પંતને ગળે ઊતરે છે કે નહિ તે જોવા રાજેન્દ્ર થંભ્યો.

'હવે મારા ભેજામાં કંઇક પ્રકાશ પડવા લાગ્યો છે.' પંત એકદમ ઉત્તેજિત થઇને ઓરડામાં આંટા મારવા લાગ્યા. 'મારો સ્થિતિપલટો થઇને હું આ પૃથ્વી પર, આ ભરતખંડની ઉપર જ અસ્તિત્વ ધરાવતી એક અલાયદી સૃષ્ટિમાં જઇને આવ્યો છું—ખરું કે નહિ?'

'બરોબર. અને તમે જોએલી સૃષ્ટિ તે પાણિપતના યુદ્ધમાં મરાઠાઓ વિજયી નીવડ્યા હોત તો કેવી હોત તેનો નમૂનો હતી. તે સૃષ્ટિમાં

વસતા લોકોને તે એટલી જ સાચી લાગે છે જેટલી આપણને આપણા ભૂતકાળની સૃષ્ટિ ખરી લાગે છે.'

'આવી કેટલીક સૃષ્ટિઓ અસ્તિત્વમાં હશે?

'સૃષ્ટિનાં અનેક, અસંખ્ય રૂપો હશે કૅટસ્ટ્રૉફીને પરિણામે એમાં વિભાગીકરણ થયા કરતું હશે. પાણિપતના યુદ્ધનાં બે સંભવિત પરિણામો પ્રમાણે રચાએલું વિભાગીકરણ તમને જોવા મળ્યું જ છે? તમારો સ્થિતિપલટો થયો તેમાં સ્થળ અને કાળ બદલાયાં ન હતાં. તે અન્ય સૃષ્ટિમાં જતાં તમારો સ્થિતિપલટો પૂનામાં ૩૧ ઑગસ્ટ ૧૯૭૫ના દિવસે થયો, ને આ સૃષ્ટિમાં પાછા વળતાં તેવો જ સ્થિતિપલટો મુંબઇમાં ૨જી સપ્ટેમ્બર, ૧૯૭૫ની રાતે થયો. તે બીજી સૃષ્ટિમાં સમગ્ર રાષ્ટ્રની પરિસ્થિતિ તમને જેવી રીતે બદલાયેલી જોવા મળી તેવી જ રીતે સર્વસાધારણ વ્યક્તિઓના જીવનમાં પણ ફરક જોવા મળ્યા. ઇતિહાસકાર ગાયતોંડે પહેલાં ગુજરી ગયા હતા. તેમના દીકરાના અસ્તિત્વ વિષે આપણને ખાતરીબંધ માહિતી નથી. શનિવારવાડો અખંડિત હતો, જ્યારે વિદેશ સંચાર ભવનનું અસ્તિત્વ ન હતું, કારનું મૉડેલ જુદું હતું. તમે જણાવેલી આ બધી વાતો તમારી પલટાએલી પરિસ્થિતિ દેખાડતી હતી.'

'મારો આવો સ્થિતિપલટો થવાનું કારણ શું હશે?'

'પંત, આ જો હું કહી શકતો હોત તો તો અનેક કોયડાઓ ઉકલી ગયા ન હોત?' રાજેન્દ્ર ગંભીરતાથી બોલ્યો. 'હજુ વિશ્વની અનેક ગૂઢ ઘટનાઓનો અર્થ વૈજ્ઞાનિકોએ પામવાનો બાકી છે. કેટલીયે બાબતોમાં તો વિચારવા જેવા યોગ્ય પ્રશ્નો કયા છે એ પણ તેમને ખબર નથી, તો પછી જવાબોની તો વાત જ ક્યાં રહી? પણ મારી કલ્પના એમ છે કે સ્થિતિપલટો થવા માટે બેઉ સ્થિતિને જોડનાર કડીની જરૂર પડે છે. તમારી બાબતમાં તમારું કૅટસ્ટ્રૉફી થીઅરીનું અધ્યક્ષસ્થાન તે એક, અને તમે જ્યારે પાણિપતના યુદ્ધ અંગે વિચાર કરતા હતા ત્યારે જ ટ્રકનો ધક્કો વાગ્યો તે બીજી, એમ બે કડી હોઇ શકે, ટ્રકનો ધક્કો અને આઝાદ મેદાનની ધક્કામુક્કી એ બે બનાવો સ્થિતિપલટામાં નિમિત્તમાત્ર હશે.'

'એટલું સાચું કે હું પાણિપતના પરિસંવાદના પ્રમુખ તરીકે આપવાના ભાષણનો મુસદ્દો જ તૈયાર કરતો હતો. તે યુદ્ધનું પરિણામ વિપરિત જ આવ્યું હોત તો આગળ ઇતિહાસ કેવો બદલાયેલો હોત એવી કલ્પના હું કરતો હતો.' પંત વિચાર કરતાં બોલ્યા. 'તે મારું હજારમું અધ્યક્ષીય ભાષણ થયું હોત!'

'અને હવે તો તમે પ્રત્યક્ષ અનુભવના આધારે તે ભાષણ કરી શકશો? હું જરૂર સાંભળવા આવીશ.' રાજેન્દ્ર બોલ્યો. પરંતુ પંતે ડોકું ધુણાવ્યું :

'ના રાજેન્દ્ર! મારું હજારમું અને છેલ્લું અધ્યક્ષીય ભાષણ ૨જી સપ્ટેમ્બરે રાત્રે આઝાદ મેદાનમાં થઇ ચૂક્યું! 'સભામાં અધ્યક્ષ હોવો જરૂરી છે' એવા વિચારનું સમર્થન કરતાંકરતાં ત્યાંની ભીડમાં અદૃશ્ય થએલા ગાયતોંડે હવે કોઇ પણ સ્થળે વ્યાસપીઠ પર દેખાવાના નથી. મેં પરિસંવાદના આયોજકોને ગઇ કાલે જ મારી ના જણાવી દીધી છે.' □

[મૂળ મરાઠી વાર્તા 'ગંગાધરપંતાંચે પાણિપત'ના અનુવાદની પરવાનગી માટે પ્રો. નારળીકર તથા 'મૌજ પ્રકાશન'નો આભારી છું.—અનુવાદક]

અમીરખાન (અનુ. પૃ. ૪૧થી) જનરલ લેક સામે, અને સિંધિયા તથા ભોંસલેએ જનરલ વેલેસ્લી સામે લડવાનું નક્કી થયું. યુદ્ધમાં સિંધિયા ને ભોંસલેએ હારી જઈ ઈ. ૧૮૦૩માં અંગ્રેજો સાથે અલગ સંધિ કરી લીધી.

ઉત્તરમાં જનરલ લેકનો મુકાબલો કરવા ઊપડેલા અમીરખાન અને હોળકરે ભરતપુરના રાજા રણજિતસિંહના અંગ્રેજો સામે સાથ માગેલો. પણ તેણે ખાનગીમાં અંગ્રેજો સાથે સંધિ કરી લેતાં બંનેએ સિંધિયાનો ફરી સાથ માગ્યો. ઈ. ૧૮૦૫માં ત્રણે વચ્ચે સામલગઢ મુકામે મૈત્રી કરારો થયા, પણ સિંધિયાએ બ્રિટિશો સાથે ખાનગી સંદેશા શરૂ કરતાં આ મૈત્રી તૂટી પડી હતી.

પરંતુ આ ભૂમિ પરથી અંગ્રેજોને હાંકી કાઢવાના અમીરખાન અને હોળકરના નિશ્ચયમાં આથી કશો ફેર ન પડ્યો. તેઓ પંજાબના મહારાજા રણજિતસિંહને મળ્યા અને ત્રણે વચ્ચે સંધિ થઈ. શીખ, પઠાણ અને મરાઠા ત્રણે અંગ્રેજોને હાંકી કાઢવા એક થયા. જનરલ લેકને આની જાણ થતાં જલંધર પહોંચ્યો. પરંતુ ત્રણેની સંયુક્ત તાકાત પામી જઈ તેણે યુદ્ધને બદલે ફૂટ નીતિનો આશ્રય લીધો. તેણે સૌપ્રથમ એક મુસ્લિમ શેખ દ્વારા અમીરખાનને ફોડવાનો પ્રયાસ કરી જોયો. એમાં નિષ્ફળ જતાં તેણે શીખો અને મરાઠાઓને પઠાણો સામે ઉશ્કેરવા માંડ્યા. જશવંતરાવ હોળકરે જાતે અમીરખાનને કહ્યું કે, શીખો આપણને કંઈ કામ લાગે તેમ ન હોઈ બ્રિટિશો સાથેનો મુકાબલો પડતો મૂકવો.

અમીરખાને જવાબ આપ્યો, 'તમારી પાસેના ઝવેરાતમાંથી દસ-પંદર લાખનું ઝવેરાત મને આપો. કાબૂલનો અમીર એટલાથી માની જશે અને આપણે સાથે મળીને અંગ્રેજોને હિન્દુસ્તાનમાંથી હાંકી દઈ શકીશું. જો કાબૂલનો અમીર દાદ નહિ આપે તો મારી જાતના અને યુસફઝાઈ તાયફાના પઠાણોને ભેગા કરી હું દુશ્મનનો મુકાબલો કરીશ, અને એમાં શહીદ થવું પડે તોપણ હું મારુ લક્ષ્ય પડતું નહિ મૂકું.'

પરંતુ હોળકરે એવી બીક બતાવી કે અફઘાનોનો સાથ મેળવવાથી મરાઠાઓનો સાથ ગુમાવવો પડશે; અને તેણે ખાનગીમાં બ્રિટિશોને સંધિનાં કહેણ મોકલાવ્યાં. અમીરખાનને આ વાતની જાણ થતાં તેણે હોળકરની આવી કાયરતા બદલ ઠપકો આપ્યો. છતાં હોળકરે બ્રિટિશો સાથે સંધિ કરી લીધી. આ સંધિ ખુદ હોળકરના જ કેટલાક સરદારોને પણ ગમી ન હતી એટલે અને તેઓ પણ હોળકરથી છૂટા પડ્યા.

આ સંધિ છતાં અમીરખાનની હોળકર પ્રત્યેની લાગણીમાં કશો ફેર ન પડ્યો અને બંને રજપૂતાના ભણી વળ્યા. ઈ. ૧૮૦૬થી ૧૮૧૭ સુધી અમીરખાન જ રજપૂતાનાનો કર્તાહર્તા થઈ પડ્યો. અંદરોઅંદર લડતાં રજપૂત રાજ્યો વચ્ચે એણે સંધિ કરાવી આપી. પરંતુ હોળકર એના અંતિમ દિવસોમાં પાગલ બની જઈ ૧૮૧૧માં અવસાન પામતાં અમીરખાન એકલો પડી ગયો. સાથે ૧૭૯૯માં એના સાથમાં અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાના તેના સ્વપ્નનો પણ અંત આવી ગયો.

જનરલ લેકને પોતે હરાવે નહિ ત્યાં સુધી માથે પાઘડી ન પહેરવાની એણે લીધેલી પ્રતિજ્ઞા ઈ. ૧૭૯૮માં તેને હરાવી તેણે પૂરી કરી હતી. જનરલ લેકે તેના ખુલ્લા માથા પર પોતાની હૅટ પહેરાવી લાંબો થઇને એના પગે પડેલો. આવો મર્દ યોદ્ધો વખત જતાં તદ્દન અટૂલો પડી ગયો. એને એનું લક્ષ્ય સિદ્ધ કરવામાં કોઇએ સાથ ન આપ્યો, એના પરમ મિત્ર જશવંતરાવ હોળકરે પણ નહિ. એટલું જ નહિ, એના સેનાપતિઓ ફૈઝુલ્લાખાન બંગશ, નવાબ અબ્દુલ ગફુરખાન વગેરે પણ બ્રિટિશોનાં પ્રલોભનોમાં આવી એનો સાથ છોડી ગયા. બીજી બાજુ, બ્રિટિશ સૈન્ય સંખ્યામાં અને શસ્ત્રોમાં ખૂબ શક્તિશાળી બની ચૂક્યું હતું. બ્રિટિશો તરફથી ત્રણ સેનાપતિઓ ડંકન, એલફિન્સ્ટન અને ઑક્ટરલોની તેને ઘેરી લેવા ત્રણે બાજુથી આગળ વધી રહ્યા હતા. આ તબક્કે દિલ્હીના રેસિડન્ટ ચાર્લ્સ મેટકાફે તેને સંધિની શરતો મોકલી આપી. વિના પરાજયે મળતી આવી માનભરી સંધિ સ્વીકારવા સિવાય અમીરખાનને હવે છૂટકો નહોતો. બ્રિટિશોએ તેને ટોંકના નવાબ તરીકે તેના પાંચે જિલ્લા સહિત માન્ય રાખ્યો, તેના પર ખંડણીની એક પાઈ પણ લાદી નહિ. બ્રિટિશોએ દેશી રાજ્યો સાથે કરેલી સંધિઓમાં ટૂંકામાં ટૂંકી સંધિ આ અમીરખાન સાથેની હતી. □

બ્રિજ અને શતરંજ

—સુરેશ મોદી—

ગયા અંકમાં આપણે નિચોડ (સ્ક્વીઝ)નું એક અનોખું દૃષ્ટાંત જોયું. તેની માફક આ વખતના દૃષ્ટાંતમાં પણ બીજા જ હાથે નિચોડની સ્થિતિ આવે છે. આ રમતની ખૂબી એ છે કે નિચોડને લીધે અહીં ચાર વધુ હાથ મેળવીને કરાર પૂરો કરવામાં આવે છે:

	♠ A K Q 10 4 3 2 ♥ 3 2 ♦ A 2 ♣ A K	
♠ — ♥ 9 ♦ 3 ♣ Q J 10 9 8 7 6 5 4 3 2	ઉ ઉત્તર પશ્ચિમ પૂર્વ દક્ષિણ દ	♠ J 9 8 7 6 ♥ K Q J 10 ♦ Q J 10 ♣ —
	♠ 5 ♥ A 8 7 6 5 4 ♦ K 8 7 6 5 4 ♣ —	

કરાર: દક્ષિણનો 6 NT

ઊતર: પશ્ચિમની ♣ Q (કુલ્લીની રાણી)

પહેલી ઊતર પર તો પૂર્વ અને દક્ષિણ બન્ને લાલનાં પાનાં ફેંકે છે, અને ઉત્તર હાથ લઈ લે પણ પછીછે. ઉત્તર કુલ્લીનું પાનું ઊતરી બીજો હાથ લે ત્યારે પૂર્વએ શું ફેંકવું તે મૂંઝવણભર્યો પ્રશ્ન છે. હજી પૂર્વ દરેક ભાતમાં કાબૂ તો જાળવી શકે છે, પરંતુ એ હવે જે ભાતનું પાનું ફેંકે તે ભાતમાં તેનો કાબૂ નબળો પડે છે. આ બીજી ઊતરમાં પૂર્વ જો લાલ ફેંકે તો દક્ષિણ ચોકટ ઊતરે, અને ત્રીજી ઊતરે લાલના એકાનો હાથ લઈ પૂર્વના બાકી બચેલાં પાનાંનો હાથ આપી દે. હવે જો પૂર્વ કાળી રમે તો ઉત્તરને તેમાં તુરત ચાર હાથ મળતા હોઈ એમનો કરાર સહેલાઈથી પૂરો થઈ જાય. પૂર્વ ચોકટ ઊતરે તો દક્ષિણ એના પર રાજાનો હાથ લઇને પછી લાલના ત્રણ હાથ કરી લે. તેમાંના પહેલા બે હાથ પર તો પૂર્વ એક ચોકટ અને એક કાળી ફેંકી શકે, પણ લાલના ત્રીજા હાથ પર પૂર્વ જે ભાતનું પાનું ફેંકે તે ભાતમાં ઉત્તર કે દક્ષિણનો એક વધુ હાથ થાય.

બીજી ઊતરે પૂર્વ ચોકટ ફેંકે તો દક્ષિણ લાલ ફેંકે, પછી ઉત્તર તુરત ચોકટના એકાનો હાથ લઈ તે ભાત ચાલુ રાખે. દક્ષિણના રાજા પછી પૂર્વનો છેલ્લો બાકી રહેલો ચોકટનો હાથ આપી દે. પૂર્વ લાલ રમે (ઉપર દર્શાવેલા કારણે કાળી નહિ). દક્ષિણ એકાનો હાથ લઈ ચોકટના ત્રણ હાથ લઈ લે. ચોકટના ત્રીજા પાના પર પૂર્વ ફરી નિચોડમાં સપડાય અને તે રીતે દક્ષિણનો કરાર પૂરો થાય.

બીજી ઊતરે પૂર્વ કાળીનું પાનું ફેંકે તો ઉત્તર તુરત કાળીનો એક્કો, રાજા અને રાણીના હાથ લઇને પૂર્વને કાળીના ગુલામનો હાથ આપી દે. પૂર્વ લાલની વળતી ઊતર કરે તો દક્ષિણ એકાનો હાથ લઇને ચોકટના એકાથી ઉત્તરને ઊતર આપી કાળીના ત્રણ હાથ લઈ લે. અહીં પણ કાળીના ત્રીજા પાના પર ફરી પૂર્વ નિચોડમાં સપડાય

આવી રીતે એકથી વધુ તબક્કે વપરાતી નિચોડને Progressive Squeeze કહે છે. Progressive Squeezeના ઘણાખરા દૃષ્ટાંતમાં બન્ને ભાગીદાર જુદેજુદે તબક્કે સપડાય છે. Maurice Weherના રચેલા આ સુંદર કોયડામાં બન્ને તબક્કે એક જ ખેલાડી સપડાય છે. આને Repeated Squeeze પણ કહેવાય છે.


આ કોયડામાં ઉત્તર-દક્ષિણને ભારે પાનાંના આઠ જ હાથ દેખાય છે. તેમની પાસે જે ભાતનાં વધુ પાનાં છે તેનો હાથ મેળવવો હોય તો તે ભાતમાં પૂર્વને બે હાથ આપે તો બે વધુ હાથ મળે તેવું લાગે છે, પણ છનો કરાર હોવાથી પૂર્વને બે હાથ આપતાં તો તુરત જ કરાર તૂટે છે. આના ઉકેલ રૂપે નિચોડના પહેલા તબક્કાના પરિણામે એક હાથ આપી ત્રણ વધુ હાથ મેળવાય છે. આ ત્રણ હાથ લેતાં નિચોડનો બીજો તબક્કો આવે છે, જેને પરિણામે એક વધુ હાથ મળે છે. આ રીતે આ સુંદર કોયડામાં નિચોડને લીધે ચાર વધુ હાથ મેળવીને દક્ષિણ 6 NT નો કરાર પૂરો કરી લે છે. □

અહીં દર્શાવેલી સ્થિતિમાં બન્ને પક્ષે વજીર, બે હાથી અને એકએક ઊંટ છે. સફેદ પાસે એક પ્યાદું વધારે છે. તેના જોર પર લાંબી અંતની રમતમાં તેની જીત થઈ શકે. પણ સફેદની ચાલ છે અને તે એવી સુંદર ચાલ શોધી કાઢે છે કે કાળો તરત Resign કરે.

1 Q-N4!

સફેદ વજીરનો ભોગ આપે છે. કાળો તે સ્વીકારે તો શું થાય તે આપણે જોઇએ:

Pugatschov



Belussenco

સફેદે રમવાનું અને જીતવાનું

1..., Q×Q; 2 R×Rch, K-N2; 3 R-N8ch, K-R3; 4 R-R6 mate. કાળો હાથી અને વજીરનો ભોગ આપી આ મ્હાત બહુ તો બે ચાલ જેટલી દૂર ઠેલી શકે: 1..., Q×Q; 2 R×Rch; R-K 1, 3 R×Rch, Q-B1, 4 R×Qch, K-N2; 5 R-N-8ch, K-R3; 6 R-B6 mate.

જો કાળો વજીરનો ભોગ ન સ્વીકારે તો સફેદ પાસે કઈ ધમકી છે? 2 Q×B અને 2 Q-Q4ch, અને પછી તુરતમાં મ્હાતની ધમકી છે. આની સામે કાળા પાસે કયા બચાવ છે તે પણ આપણે જોઇએ.

1..., B-R6; 2 Q-Q4ch, Q-N2; 3 R×Rch, R-K1; 4 R×R mate, અથવા 1..., B-Q2; 2 R×B. હવે કાળો હાથીને મારી ન શકે, કારણ 2..., R×R પછી 3 Q×Q mate થાય છે.

આ રમત પત્ર દ્વારા રમાતી હોઈ, સફેદની પહેલી ચાલ 1 Q-N4! જોતાં કાળો ઉપર જણાવ્યા પ્રમાણે વિકલ્પો વિચારી જવાબ આપે છે, અને તે જવાબ છે: 1..., Resigns. □

સાહિત્યસંપર્ક

ફદિયા

'ખિસ્સામાં એક ફદિયું'ય નથી...' એમ ઘણી વાર કોઈ ફાંકાબાજ મુફલિસ માટે તુચ્છકારમાં બોલાય છે. આ ફદિયું એટલે પૈસો એવો એક અર્થ પ્રચલિત છે. પણ મૂળ તો એ રાજસ્થાનનું એક જૂનું ચલણ હતું, જે 'ફદિયા' કહેવાતું. મેવાડમાંથી આ સિક્કા મળી આવ્યા છે. અકબરના આક્રમણ પર્યંત આ ચલણ વિશેષ પ્રચલિત હતું. ડૉ. માંગીલાલ વ્યાસ સંપાદિત 'મારવાડ કે અભિલેખ' (પૃ. ૭૮-૭૯, લેખાંક ૨૨૮) રાવ જૈતાના રજલાની અભિલેખમાં પણ તેનો ઉલ્લેખ થએલો છે. આ અભિલેખના આધારે 'ફદિયા'નું મૂલ્ય રૂપિયાના આઠમા ભાગ (જૂની બે આની) બરાબર થતું હતું. આ જ રીતે મહારાણા મોકલના સમયના સં. ૧૪૮૫ના શ્રૃંગી ઋષિ અભિલેખમાં પણ રજત 'ફથકા'નો ઉલ્લેખ છે. એક અનુમાન છે કે ફથકા (ફદિયા) માળવાના પરમાર શાસકોની એક મુદ્રા હશે, પરંતુ આ અનુમાન યથાર્થ લાગતું નથી. રાજસ્થાનના પ્રસિદ્ધ ઇતિહાસકાર મુંહતા નૈણસીએ તેની 'મુંહંતા નૈણસીરી ખ્યાત'માં આ રીતે તેનો ઉલ્લેખ કર્યો છેઃ

'ચ્યાર ફદિયા લેઈસ.' (ભા. ૩, પૃ. ૪૫) અને 'તાહરા મેલે સેપહૈ નવ ફદિયા પડહીમાં હૈસ કાઢિ નૈ દિયા.' (ભા. ૩, પૃ. ૨૬૦)

—હસમુખ વ્યાસ

સંક્ષિપ્ત અવલોકનો

દ્રુમપર્ણ : મૂર્ધન્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આ દળદાર લેખસંગ્રહમાં એમના સાહિત્ય, શિક્ષણ, સમાજ, રાજ્ય એમ વિવિધ ક્ષેત્રોને લગતા નાનામોટા ૮૬ લેખો રજૂ થયા છે. સાહિત્યમાં તત્ત્વ વિચારણાની સાથે અવલોકનો અને પ્રસ્તાવનાઓ પણ છે. શિક્ષણમાં પણ વિદ્યા, વિદ્યાર્થી, વિદ્યાધાત્રી અને વિદ્યાદાતા એ સૌને કેન્દ્રમાં રાખી વિવિધ નિમિત્તોએ લખાયેલા લેખો છે તો આજના સમાજના અને રાજ્યના કેટલાક પ્રશ્નોને ચર્ચતા લેખો પણ અહીં છે.

આ બધા લેખોમાં શ્રી વિષ્ણુભાઈની સ્વસ્થ વિચાર અને ભાવસૃષ્ટિ રજૂ થઈ છે તો શૈલી પણ એટલી જ સ્વસ્થ રહી છે. વિષ્ણુભાઇનો લેખ નાનો હોય કે મોટો હોય એમાં એઓ પોતાની માન્યતાઓને મક્કમતાથી મૂકી આપે છે. ચર્ચ્ય વિષયની ઉભય બાજુને તપાસી પોતાનો અભિપ્રાય ઉચ્ચારીને જ વિષ્ણુભાઈ રહે છે. પોતાને જે સાચું લાગે તે નિર્ભીકપણે એઓ વ્યક્ત કરે છે. 'યુગસંધ્યા' ૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના ટાણે લખાયો છે. આ નિબંધનું પ્રથમ વાક્ય જ જુઓ : 'ગુજરાતની રાજ્યરચના ઐતિહાસિક પ્રસંગ હોવા છતાં ઉત્સવનો પ્રસંગ નથી'. શિક્ષણમાં પ્રયોગશીલતાને નામે આડેધડ થતા ફેરફારોને ધ્યાનમાં રાખી વિષ્ણુભાઇએ 'માધ્યમિક શિક્ષણ પ્રયોગોનું ક્ષેત્ર' નામક નિબંધમાં હિમ્મતપૂર્વક ચીમકી ઉચ્ચારી છેઃ 'પ્રયોગો થયા કરવાથી શિક્ષણમાં સ્થિરતા નથી રહેતી. વિદ્યાર્થીઓ, શિક્ષકો ને સમાજને કેળવણીના સ્વરૂપ ઉપર શ્રદ્ધા ઘટે છે, અને કેળવણીમાં વિવેક, તારતમ્ય કે મૂલ્યની દૃષ્ટિ ટકતી નથી'. એમની સ્વસ્થતાનું એક ઉદાહરણ 'કવિતાની વાત ન્યારી' નામક નિબંધમાંથીઃ 'ચલણી લક્ષણ ઘણીવાર કાવ્યતત્ત્વને વણસાડે અને વાચકની અરુચિ જન્માવે એ ખરુ, પણ ઉગ્ર રોષ કે આક્રોશ માત્રથી કાવ્ય કરવું કે વિરસ થઈ ગયું એમ કહેવું ઉચિત નથી.'

શ્રી વિષ્ણુભાઇની ઘૂંટાયેલી ગદ્યશૈલી અને સ્વસ્થ ઘૂંટાયેલું ચિંતનમનન આ લેખસંગ્રહ દ્વારા ગુજરાતી વાચકને માણવા મળે છે. એમની બહુશ્રુતતાથી આ લેખો વિચારસમૃદ્ધ બન્યા છે અને તર્કપૂત વિચારસરણીથી એ વિચારો પ્રતીતિકર બન્યા છે. લેખસંગ્રહની પ્રસ્તાવના રૂપે મુકાયેલો શ્રી યશવંત શુક્લનો 'આંતર સત્ત્વની અનોખી શબ્દસૃષ્ટિ' નામક સુદીર્ઘ લેખ આ લેખસંચયની આંતરસંપત્તિને સુપેરે ખોલી આપે છે, એ રીતે આ અભ્યાસનિષ્ઠ લેખ પણ આ સંગ્રહની મૂલ્યવાન વાચન-સામગ્રી બની રહે છે. (પ્રકાશકઃ ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મજીઠિયા ચેમ્બર્સ, ૨૭૬, ડૉ. ડી. એન. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૧, પાકું પૂઠું, પૃ. ૫૦૪, રૂ. ૬૦)

ફૂલ ઝરે ગુલમહોર: આપણા નીવડેલા વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓનું આ સંપાદન ડૉ. રમણલાલ જોશીએ કર્યું છે. 'લતા અને બીજી વાતો', 'ઊભી વાટે', 'માણસનાં મન', 'પ્રેમ પદારથ' અને 'સૂર્યા' એમ પ્રકટ વાર્તાસંગ્રહોમાંથી ૧૩ અને અન્ય ૫ અગ્રંથસ્થ વાર્તાઓ મળી અહીં ૧૮ વાર્તાઓ સંગૃહીત કરવામાં આવી છે. અહીં એક પ્રશ્ન થાય કે 'પ્રકાશનું સ્મિત' જેવા સંગ્રહમાંથી કેમ એક પણ વાર્તા નહિ લેવાઈ હોય! સંપાદકે આ પુસ્તકની આગળ ૮ પૃષ્ઠનો 'નિરાળું એ કશુંક' નામક અભ્યાસલેખ જોડચો છે તે એમની અભ્યાસનિષ્ઠાનો દ્યોતક છે અને બ્રોકરની વાર્તાઓના ભાવનમાં ઉપકારક છે. (પ્રકા. કુમકુમ પ્રકાશન, માણુનાયકની પોળ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૨૪૫, રૂ. ૨૭).

મરાઠી કવિતાઃ ઇન્દિરા સંત- સન્માન્ય મરાઠી કવયિત્રી ઇન્દિરા સંતનાં કેટલાંક કાવ્યોનો આ ગુજરાતી અનુવાદ શ્રી શકુન્તલા મહેતાએ કર્યો છે. પુસ્તકના આરંભમાં 'મારી કવિતા' નામક પોતાની કેફિયતમાં કવયિત્રી જણાવે છે; 'મારી કવિતા તો વિશિષ્ટ અભિરુચિવાળા ભાવકો માટે જ છે.' કવયિત્રીની આ પ્રતીતિ ત્યાર પછીનાં પૃષ્ઠો પર રજૂ થયેલાં એમનાં કાવ્યોના અનુવાદ જોતાં સાચી લાગે જ છે. આમે ય કવિતા માત્ર વિશિષ્ટ અભિરુચિવાળા ભાવક માટે જ છે, જેનું તેનું એ કામ નહિ. અહીં વિવિધ મનોદશા અને વિવિધ શૈલીએ લખાયેલાં કાવ્યો જે આસ્વાદ આપે છે તે તો ઇન્દિરા સંતની કાવ્યસૃષ્ટિમાં માત્ર ડોકિયું જ છે. પણ આ સંતર્પક ડોકિયું છે, જે એમની વધુ રચનાઓ વાંચવા ઉદ્યુક્ત કરશે. (વિક્રેતા : સદ્‌ભાવ પ્રકાશન, ૫૭/૬૨, કાપડિયા એસ્ટેટ, રતનપોળ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૭૦, રૂ. ૫) —ધી. ૫.

અનુસંધાન] **કળાવાર્તા** [પૃષ્ઠ ૪૪થી

કમળવેલ તો જાણે કલ્પલતા છે, કમળફૂલ નિત્ય નવુંનવું રૂપ ધરી પ્રકટ થાય છે. ગુપ્તકાલીય શોભનોમાં કમળવેલ પાણીના વહેણ સાથે એવી તો ભળી જાય છે કે તેના વળાંકો જાણે જલપ્રવાહનો જ ભાગ હોય. પીપળપાન કે બોધિવૃક્ષનું બૌદ્ધોમાં આગવું મહત્ત્વ રહ્યું છે, તો આમ્રફળ કે દાડિમ આદિ ફળોના આકારનો પણ શોભનાર્થે બહોળો ઉપયોગ થયો છે.

ભરતકામ, ચિત્રકામ, શિલ્પાંકન, કાષ્ઠકોતરણી, જડતર, માંડણાં, સાંઝી, આલ્પના વગેરે કંઈ કેટલાંયે ક્ષેત્રનાં અનેકવિધ માધ્યમોમાં આ શોભનસમૃદ્ધિ વિસ્તરી છે. આ સંગ્રહમાં વિવિધ વિભાગોમાં ૨૦૦૦ જેટલાં વિધવિધ શોભનો સમાવીને સંપાદકે આપણી સમક્ષ ભારતીય શોભનસમૃદ્ધિની એક અનોખી ઝલક રજૂ કરી છે. અધ્યયન ઉપરાંત એ અન્ય અનેક રીતે પણ ઉપયોગી હોઈ આ પ્રકાશન આવકાર્ય જ નહિ, સંગ્રહણીય બન્યું છે.

(શ્રી રાય કૃષ્ણદાસજીના પ્રાક્કથનના આધારે. –સં.)

'રૂપસંહિતા': એક આવકાર્ય રૂપકલા-કોષ

કોઈ પણ રાષ્ટ્રનું જીવન કેટલું કલાપૂર્ણ છે તેની ઓળખ તેના રોજિંદા વ્યવહારમાં વપરાતી વસ્તુઓ પરથી મળી રહે છે. સિંધુ ઘાટીના સંસ્કૃતિના લોકો પોતાના માટીના ઘડાઓ ઉપર પણ ભાતભાતનું શોભન આલેખતા. જીવનની સાધારણમાં સાધારણ વસ્તુઓ પણ કલાત્મક બનાવવાની આપણી પરંપરા આમ હજારો વર્ષથી છેક હમણાં સુધી જારી હતી. અનેક પ્રકારનાં માધ્યમોથી આ કલાચેતના અભિવ્યક્ત થતી. રંગ પકડી શકે તેવી સપાટીઓ ઉપર ચીતરામણ થતું તો કાષ્ઠ, ધાતુ કે પથ્થરમાં અવનવી ભાતની કોતરણી યા ઉભારવાળી નકશીથી અલંકરણ થતું. ધાતુપાત્રોમાં અન્ય ધાતુનું જડતર પણ થતું. કાપડ ઉપર ચિત્રકામ, હાથે ઘડેલાં કાષ્ઠનાં બીબાં વડે છપાઈ, સોનેરી-રૂપેરી તારવાળી જરદોજી ને રંગબેરંગી ભરતકામ થતું, યા વણાટમાં જ વિધવિધ શોભન-આકારોની ગૂંથણી થતી. યંત્રયુગના આગમન પૂર્વે આવાં અલંકરણોથી યુક્ત એકેએક ચીજને કારીગરની કલ્પના અને તેના હાથનો કલાસ્પર્શ મળતો. ક્રમશઃ તૈયાર થતી એ વસ્તુ પૂર્ણ થતાં સુધીમાં તો કારીગરના મનમાં અન્ય અનેક પ્રકારનાં આકાર-અલંકરણો પ્રકટતાં જતાં અને આમ કલા તથા સર્જનાત્મકતાની એક પરંપરા વહેતી.

કેટલાંક અલંકરણોનો તો માંગલ્યસૂચક અર્થ પણ હતો. જેમ કે કમલપુષ્પમાં લક્ષ્મીનો વાસ હોઈ કમળનું શોભન શુભ ગણાતું. શંખ, સ્વસ્તિક, મુચકુંદ આદિ પણ આવાં શુભ પ્રતીકો ગણાતાં. આ ભાવનાથી કારીગરોએ તેનાં અસંખ્ય આલંકારિક રૂપ સર્જ્યાં. કેવળ કમળનો જ હિસાબ કરીએ તો માત્ર તેનાં શોભનોનો જ એક સમૃદ્ધ કોષ રચાય.



વળી, અલગઅલગ માધ્યમોમાં એનાં ભિન્નભિન્ન રૂપ જોવા મળે. કારણ, જે આકાર પથ્થરમાં કોતરી શકાય તે ધાતુઓમાં ઢાળીઉતારી શકાય નહિ. એના માટે નવું જ રૂપ વિચારવું પડે. અને આમ, એનું રૂપ-વૈવિધ્ય વિસ્તરતું જ રહે.

આ રીતે આપણી કલા-પરંપરામાં આલંકારિક આકૃતિઓનો એક બહુ જ મોટો ભંડાર છે. એનું અધ્યયન થવું ઘટે. એ બધાં રૂપ-સ્વરૂપ અનંત અને કાલાતીત હોઈ સદૈવ પ્રેરણાદાયી બની રહે તેમ છે. પશ્ચિમના પ્રભાવે તેની સસ્તી સજાવટોનું અંધ અનુકરણ કર્યા બાદ સ્વાતંત્ર્ય પછી પુનઃ આપણે આપણી સઘળી અભિવ્યક્તિઓ માટે શુદ્ધ ભારતીય અલંકરણોની જ્યારે હવે શોધ આદરી છે ત્યારે તેમાં સહાયક બની રહે તેવું 'રૂપસંહિતા'નું આ પુનઃ પ્રકાશન વધુ આવકાર્ય બની રહેશે. અખિલ ભારતીય ખ્યાતિ ધરાવતા કલાકાર શ્રી વાસુદેવ સ્માર્તથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. ભારતીય કલા-પરંપરાઓની એમને ઊંડી સૂઝ છે. અનેક પ્રાચીન ભીંતચિત્રોની એમણે સ્થળ પર જઈને પ્રતિકૃતિઓ કરી છે. કલાના અનેક ઘરાનાઓનો એમને અભ્યાસ છે. ભારતીય કલાના ઇતિહાસને ઉથલાવવા સાથે જ્યાં ક્યાંય સંગ્રહણીય આકારઆકૃતિ કે અલંકરણો એમને દેખાયાં તેની તેઓ વર્ષોથી ચિત્રનોંધો કરતા રહ્યા છે. એમના એ વિપુલ સંગ્રહમાંથી ઐતિહાસિક તબક્કાવાર અને જરૂર લાગી ત્યાં વિષયવાર તારવીને એમણે આ સંગ્રહમાં પ્રકટ કરી છે. મૂળ તો બારેક વર્ષ પહેલાં 'રૂપસંહિતા' પ્રકટ થએલું. અનેકવિધ ઉપયોગિતાને કારણે એ આવૃત્તિ વેચાઈ ગયાને પણ સમય થયો, ત્યાર બાદ આ બીજી આવૃત્તિમાં એમણે નવાં ઉમેરણો કરીને લગભગ ૨૦૦૦ જેટલાં અલંકરણો આપ્યાં છે. આમાંની મોટા ભાગની રૂપાકૃતિઓ એમણે મૂળ અલંકરણો જાતે જોઇને તેના પરથી સ્વહસ્તે રેખાંકિત કરી હોઇ કેવળ યાંત્રિક પ્રતિકૃતિઓના બદલે તેની સાથેનું તેમનું આત્મીય સંધાન એ આ શોભનસંગ્રહ તૈયાર થવા પાછળની વધુ મહત્ત્વની હકીકત છે.

ચૌદ જેટલા વિભાગોમાં વહેંચાએલાં આ અલંકરણોનો એક વિભાગ છે ભૌમિતિક શોભનોનો. દુનિયાભરમાં આ પ્રકારનાં શોભનો જોવા મળે છે. પરંતુ આ ભારતીય અલંકરણોમાં કેવળ સરળ રેખાઓ ને વર્તુળો કે બહુકોણીય આકારો જ નહિ, મનોહર પુષ્પગૂંથણીનાં પણ સંયોજનો છે. સદીઓજૂનો ઇતિહાસ તેની સાથે સંકળાએલો છે. અને આ આદિમ પરંપરા હજીયે જીવંત છે, વિકસતી રહી છે. આમાંથી અનેક ધાર્મિક પ્રતીકો રચાયાં છે. સીધી કે ગોળ રેખાઓને આલંકારિક રૂપ આપીને માનવે પોતાની અમૂર્ત કળાનો પહેલો પરિચય કદાચ આ રીતે જ આપ્યો છે. ક્રૉસ, સ્વસ્તિક, તાંત્રિક યંત્રો આદિના આકારો પાછળની ધાર્મિક ભાવના કદાચ આવી આકૃતિઓ સાથે મૂળથી સંકળાએલી હશે.

બીજા એક વિભાગમાં પશુપક્ષીઓ પર આધારિત સુશોભનો છે. એમાં યે કેટલાંક શોભનો પાછળ મંગલકારી ભાવનાઓ પ્રચ્છન્ન છે. વસ્ત્રોથી માંડી સ્થાપત્યો સુધીનાં બધાં માધ્યમોમાં આવાંઆવાં અલંકરણો પણ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે, જેમાં હંસાકૃતિઓ મુખ્ય કહી શકાય. કાલિદાસે સ્ત્રીઓનાં ઉત્તરીય કે દુકુલ પર હંસની આકૃતિઓ વર્ણવી છે. ઈસ્લામી પ્રભાવ પ્રસર્યા પૂર્વે તો વસ્ત્રો પર પશુ-પક્ષીઓની આકૃતિઓનું જ જાણે આધિપત્ય હતું, જે આગળ જતાં માત્ર સ્થાનિક શૈલીઓમાં સીમિત બની રહેલું.

આવી જ રીતે વનસ્પતિનો—પુષ્પપત્રોનો પણ ભારતીય અલંકરણોમાં બહોળો ઉપયોગ જોવા મળે છે. સિંધુ ઘાટીની સંસ્કૃતિમાં માટીનાં પાત્રો પર આવાં સંખ્યાબંધ શોભનો જોવા મળ્યાં છે, કદાચ એનું વિશિષ્ટ સાંકેતિક મહત્ત્વ પણ હશે. કમલપુષ્પ, કમળવેલ, પીપળપાન આદિની આમાં ગણના થઈ શકે. આમાં યે કમળનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. અનેક દેવદેવીઓનું એ આસન, એમના હસ્તમાં પણ તેનું સ્થાન ખરું જ. ભારતીય કલામાં હજારો વર્ષથી કમલનો આત્મા પ્રકટ થતો રહ્યો છે. અને એથી બધાં જ પ્રકારનાં ભારતીય અલંકરણોમાં તેનું આગવું સ્થાન રહ્યું છે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૩)

(સંપાદક: વાસુદેવ સ્માર્ત, પ્રકાશક: શ્રીમતી પ્રમીલા વા. સ્માર્ત. પ્લાસ્ટિકના આવરણ સાથે પાકું પૂઠું, કદ ૨૨×૨૮·૫ સે.મી. પૃષ્ઠ સંખ્યા ૨૭+૧૯૯. કિંમત: ૨૦૦ રૂપિયા. પ્રાપ્તિસ્થાન: કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ તથા Smt. Pramila V. Smart, 23, Behind Central School, B. H. University, Varanasi – 221 005.)







ખંખેરી નાખ ખામી, વર વપુ વળગી ક્ષુદ્રતાની રજોટી;
ગર્વે માથું ઉછાળી ગગન ગજવતી પાડ તું વીરહાક;
લજ્જા સ્નેહીજનોની હર સમર વિષે શત્રુસેના પલોટી,
વેગે ને તેજી તેગે ચકિતચખ કરી નાખ: સૌને અવાક.
ઝેરી ફુત્કારવંતી પકડ રિપુતણી દાઢને નાખ ચીરી,
આવે તો આવતું લો મરણ, અમર છે આત્મકેરી અમીરી.

—પૂજાલાલ

ડૉર્સન—લોકવિદ્યાનો વડલો

લોકવિદ્યા (Folklore)નો ગમે તે દેશનો અભ્યાસી રિચર્ડ ડૉર્સનના નામથી અજાણ્યો નહિ જ હોય. આજથી બે દાયકા પહેલાં, વિશ્વના આ ક્ષેત્રના કેટલાક વિદ્વાનો અને તેમનાં કાર્યોનું, ખાસ કરીને યુરોપ-અમેરિકાના અનુસંધાનમાં એક ઝડપી સ્મરણ ટ્રિસ્ટ્રેમ પોટર કૉફિને, ૧૯૬૮માં ન્યૂયૉર્કથી પ્રસિદ્ધ થએલા એમના પુસ્તક 'અવર લીવિંગ ટ્રેડિશન'માં (પૃ. ૨૩ ૫૨) કર્યું છે. એમાં ડાર્સનને તેઓ 'વીસમી સદીનો વિલિયમ ટૉમસ' કહે છે. આજે તો એમનું નામ આ ક્ષેત્રે અનામિકાધિષ્ઠિત છે. 'ન્યૂયૉર્ક ટાઈમ્સે' એમને અંજલિ આપતાં ૨૩-૯-'૮૧ને રોજ લખેલું કે રખ્યાખડ્યાના શૉખના વિષયમાંથી લોકવિદ્યાશાસ્ત્રને (Folkloristicsને) ઉચ્ચ અભ્યાસના ક્ષેત્રનું ગૌરવ અપાવ્યું તે ડૉર્સને. લોકવિદ્યાશાસ્ત્રને એમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકી આપ્યું; આંતરરાષ્ટ્રીય આપલેને સુલભ કરી, તુલનાત્મક અધ્યયનનાં સાધનો અને ધોરણો ઘડવામાં મદદ કરી; આ વિષયમાં સૂઝ-ઊંડાણ અને શાસ્ત્રીયતાપૂર્વકનો જેટલો રસ ડૉર્સને જગાડ્યો છે એટલો આજ સુધી કોઈ એક વિદ્વાને આ ક્ષેત્રમાં જગાડ્યો નથી. હકીકતે, આ ક્ષેત્રમાં કોઈ કામ કરવા માગતા હોય તો, તેવાઓને માટે તાલીમની વ્યવસ્થા પણ ઈંડિયાના યુનિવર્સિટીમાં કરી હતી. ડૉર્સને. ડૉર્સન દર ચાર વર્ષે ત્યાં લોકવિદ્યાશાસ્ત્રની તાલીમશાળા યોજતા. તેમાં તાલીમ પામેલા લોકવિદ્યાના સવાસોક દીક્ષિતો આજે જુદાજુદા દેશોમાં કામ કરે છે.

લોકવિદ્યાનું અધ્યયન-અધ્યાપન જાણે એમનું જીવનકાર્ય. નહિ તો, હૃદયરોગથી પીડાતો – બે ઑપરેશનો પછીના ત્રીજા 'ઇસોફેગસ' (esophagus–અન્નનળી)ના ઑપરેશન બાદ જ, હૉસ્પિટલમાં પથારીએ પડેલો માણસ, ત્યાં પડ્યોપડ્યો વર્ગો લે ખરો? એપ્રિલ ૧૯૭૯માં એ વ્યાખ્યાન-પ્રવાસે હતા. મિનીએપોલિસના વિમાનગૃહે હૃદયરોગનો હુમલો થયો. પટકાયા. બચ્યા. કામે ચડ્યા. પણ ઇસોફેગસની તકલીફ. એટલે ઑપરેશન કરાવ્યું ત્યારે શિબિર ચાલે લોકવિદ્યાશાસ્ત્રની, ને વિદ્યાર્થીઓ એમની પાસે ભણવા ઉત્સુક. ભણાવ્યા. પણ, તબિયત લથડેલી રહી. છતાં તે પછી એ ૧૯૮૧ના જૂન સુધી તેઓ કાર્યરત હતા; અમેરિકામાં જ નાના-મોટા પ્રવાસો પણ ખેડતા. ૧૯૮૧ના જૂનની ૨૮મીએ રમતાં-રમતાં, ટેનિસકોર્ટ ઉપર જ બેભાન થઈ જે ઢળ્યા તે છેક સપ્ટેમ્બરની ૧૧મી સુધી બેભાન જ રહ્યા! ૧૧મી સપ્ટેમ્બરે દેહ પડ્યો. ત્યારે એમનાં પત્ની (નાટ્યક્ષેત્રે જાણીતાં ગ્લૉરિયા હુસ્કી), ત્રણ પુત્રો, એક પુત્રી (લીલી), બે બહેનો, માતા ગર્ટ્રુડ – એ પરિવારને જ નહિ, સમગ્ર લોકવિદ્યાશાસ્ત્રના ક્ષેત્રને મોટો વડલો પડ્યાની લાગણી થઈ.

વિષયક્ષેત્રની અચોક્કસતાના ખયાલથી કંટાળેલા વિલિયમ ટૉમસે ૧૮૪૬માં 'ફૉકલોર' શબ્દ આપી, ક્ષેત્ર નિશ્ચિત કરી આપ્યું; તેમ લોકવિદ્યાને ક્ષેત્રે, ખાસ કરીને લોકસાહિત્યમાં બજારુ બનાવટો જોઇને ચેતવણી આપતો શબ્દ આપ્યો છે ડૉર્સને: 'ફેઇકલોર' (Fakelore). એ માત્ર ચીડ નથી, ચેતવણી જ નથી, શાસ્ત્રીયતાનો દૃઢ આગ્રહ છે. આજે લોકકથા, લોકસંગીત વગેરેને નામે જે સિનેમા-રેડિયો-ડાયરા વગેરે દ્વારા રેલાય-ફેલાય છે તે અસલી નથી, નકલી માલ છે – Fakelore. એની ઓળખવિધિ, ભેળસેળની કરામતો વગેરે પણ એમણે ('ફૉકલોર ઍન્ડ ફેઈકલોર' નામના એમના પુસ્તકમાં) ચર્ચી છે. એ જેમ એમનું એક તરત યાદ આવતું પ્રદાન, તેમ લોકવિદ્યાશાસ્ત્રમાંના અભ્યાસ અભિગમોમાંનો એક તે ડૉર્સનનો સિદ્ધાંત–Hemispheric Theory. અમેરિકા ઑસ્ટ્રેલિયા વગેરે કેટલાક એવા મુલકો છે જ્યાં, યુરોપના જુદાજુદા દેશોમાંથી જુદીજુદી ભાષાના લોકો ગયા, એકબીજા સાથે હળ્યા-મળ્યા; વળી, ત્યાં આફ્રિકન ગુલામોને લાવ્યા. તેમની સાથે પણ કાળાન્તરે હળ્યાભળ્યા, ને છેવટે રહ્યાસહ્યા મૂળ વતનીઓ સાથે પણ ભળ્યા. પણ આને પરિણામે આવા દેશને સ્વકીય સુદીર્ઘ એક 'રાષ્ટ્રીય' લોકપરંપરા જ ન હોય, એમને કોઈ 'દેશજ' લોકસાહિત્ય જ નહિ હોવાનું; જે હોવાનું તેની તાસીર જુદી હોવાની, તે તારવવાની પદ્ધતિઓ પણ અલગ હોવાની. મૂળ વતનીઓની પરંપરા ને વસાહતીઓની પરંપરા જ્યાં જુદીજુદી હોય ત્યાં 'અમેરિકન ફૉકલોર' એમ કહેવું પણ શાસ્ત્રીય નથી ત્યાં તો ઇતિહાસ વત્તા પ્રજાતિ-જાતિને ધોરણે જ લોકવિદ્યાનું પૃથક્કરણ કરવું રહ્યું. આ દૃષ્ટિએ જગતના દેશોના બે ભાગ પાડવા પડે–નવી પરંપરાવાળા ને જૂની પરંપરાવાળા. 'રાષ્ટ્રીયતા'ની વિભાવના, 'રાષ્ટ્રીયલોકસાહિત્ય'ની વિભાવના પણ એ બે વિભાગોમાં ભિન્નભિન્ન રહેવાની. આ એમની હેમિસ્ફીઅરિક થીઅરીથી છંછેડાયા અમેરિકાના ધંધાદારી લોકસાહિત્યધરો! તેમ જ રશિયાના ઝેમ્લાનોવા (Zemljanova) જેવા વિદ્વાનો. પણ આ ક્યાં ક્યારેય કોઇને રીઝવવા કે ખીજવવા કશું લખતા હતા? ખુદ એમના જ દેશમાં, એમના આંતરરાષ્ટ્રીય લોકવિદ્યા-તાલીમના પ્રૉજેક્ટ પર તવાઈ આવી. એને અનુમોદન આપતો અગ્રલેખ ૧૯૬૧ના મેમાં 'વૉલસ્ટ્રીટ જર્નલ'માં આવ્યો ત્યારે ડૉર્સન જવાબ વાળવામાં ન મોડા પડ્યા કે ન મોળા પડ્યા: 'તુર્કીથી ને ઇજિપ્તથી, ઇઝરાયલથી ને જાપાનથી, થાઇલૅન્ડથી ને પાકિસ્તાનથી આજે તો અહીં લોકવિદ્યાના ઉપાસકો આવ્યા છે જ, ને ભારત-કોરિયા-ફિલિપાઈન્સવાળાઓની અરજીઓ આવી પડી છે. જ્યારે, નવાનવા દેશોને એમની પૂર્વ પરંપરા અને અસ્મિતાના અભ્યાસના ઓરતા જાગ્યા છે ત્યારે આપણો દેશ એની આગેવાની લેવાને બદલે પારોઠનાં પગલાં

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

દિલ્હીના સુલતાન ગ્યાસુદ્દીન તુગલક (ઈ. ૧૩૨૧ થી '૨૫) અને શેખ નિઝામુદ્દીન વચ્ચે ઊંચાં મન ચાલ્યાં કરતાં. સુલતાન જો કે સંતની કોઈ પજવણી ન કરતો પણ દિલ્હીમાંની તેમની હાજરીથી ખૂબ નાખુશ રહેતો. આ નાખુશી એટલી હદે વધી ગઈ કે બંગાળથી પાછા ફરતી વખતે તેણે તેણે ખાસ ખેપિયા સાથે સંતને કહી મોકલાવ્યું કે તેના આગમન પહેલાં એમણે દિલ્હી છોડી જવું.

સંત નિઝામુદ્દીન ત્યારે માંદગીની પથારીએ હતા. ખેપિયા સાથે તેમણે સુલતાન પર વળતો સંદેશો મોકલ્યો કે, 'દિલ્હી હજુ દૂર છે'. એને થયું પણ એવું. દિલ્હી સુલતાનથી દૂરનું દૂર જ રહ્યું. તુગલકાબાદ નજીક જ એક મકાન તૂટી પડતાં તે એની નીચે દટાઇને અવસાન પામ્યો.

સંતના શબ્દો ત્યારથી ભારતમાં એક કહેવતરૂપ બની ગયા છે.

ગુલબર્ગના બાહ્મણી સુલતાન 'મુહંમદશાહ (ઈ. ૧૩૭૮ થી ૧૩૯૬) ફારસી અને અરબી કવિતાનો જબરો શૉખીન હતો. ઈરાનના મહાન કવિ હાફિઝની કવિતા પર તે એટલો મુગ્ધ થઈ ગએલો કે તેને એણે પોતાના દરબારમાં નિમંત્ર્યો. નિમંત્રણ મળતાં હાફિઝ પણ ગુલબર્ગ આવવા માટે ઓર્મઝ મુકામેથી એક જહાજ પર ચડી બેઠો.

જહાજ થોડે સુધી આગળ વધ્યું હશે ત્યાં દરિયામાં તોફાન નડતાં તે વહાણ જયાં રોકાયું ત્યાં કાંઠે જ ઊતરી પડયો, અને જહાજ પાછું હંકારાતાં પોતે ગુલબર્ગ જવાને બદલે એક કવિતા લખી તે નાખુદા સાથે મુહમદશાહને મોકલી આપી. કવિતામાં તેણે એક વિદેશી દરબારની રોનકથી અને તેનાં સુવર્ણ રત્નાદિથી મોહિત થઇને પોતાના દેશનો, સ્નેહી જનોનો અને શિરાઝના દ્રાક્ષોદ્યાનોનો ત્યાગ કરવાને તત્પર થઈ જવા બદલ પોતાની જાતને ગુનેગાર દર્શાવેલી.

સુલતાન મુહમ્મદશાહે તેની આ કવિતાથી ખૂબ પ્રભાવિત બની હાફિઝને ભેટ આપવાની વસ્તુઓ માટે ૧૦૦૦ સોનામહોરો સાથે પોતાના વિશ્વાસુ દરબારીઓને મોકલ્યા હતા.

ભરશે? ના, એ નહિ બને. મધ્ય પૂર્વ ને એશિયાના કેટલાય દેશો પોતાના લોકવિદ્યાના વારસાના અભ્યાસ માટે ઉત્સુક છે. આફ્રિકાના દેશો પણ જરૂર અહીં જ આવવાના છે, ત્યારે આવું કેન્દ્ર ચલાવવામાં પૈસાની ગણતરી કરવી એ વિદ્યાકીય દૃષ્ટિએ ખોટનો ધંધો છે.'

આવી વિદ્યાકીય દૃષ્ટિ લઇને જ એ ફર્યા. એટલે, એવાના જીવનનો નકશો કેવો હોય? એમાં અધ્યાપન–અધ્યયન-સંશોધન અને એ નિમિત્તે પ્રવાસ-પ્રવચન-લેખનનો ધોરી માર્ગ જ કંડારાયેલો દેખાય. ન્યૂ યૉર્કમાં જન્મ ૧૨-૩-૧૯૧૬ને રોજ. ત્યાં જ સોળ વર્ષના થયા ત્યાં સુધીનું માધ્યમિક શિક્ષણ. પછી ગયા ઉચ્ચ શિક્ષણ માટે હાવર્ડ યુનિવર્સિટીમાં. અઠ્ઠાવીસની ઉમર સુધીમાં–૧૯૩૩થી ૧૯૪૪–ત્યાં રહ્યા. એ અગિયાર વર્ષોમાં ઇતિહાસ વિષયમાં એમ.એ.-પીએચ.ડી. થયા. ત્યાં જ એક વર્ષ અધ્યાપનકાર્ય કર્યું; પછી તેર વર્ષ (૧૯૪૪થી ૧૯૫૭ સુધી) મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં. આમ, ચૌદેક વર્ષ સાંસ્કૃતિક ઇતિહાસના અધ્યયન–અધ્યાપનને આપ્યાં; જાણીતા થયા. ત્યાં બ્લૂમિંગ્ટનની ઇન્ડિયાના યુનિવર્સિટીનું તેડું આવ્યું.

ઇન્ડિયાના યુનિવર્સિટી, એટલે ત્યારે તો લોકકથાના જગપ્રસિદ્ધ અભ્યાસી ને 'મોટિફ ઇન્ડેક્સ'ના છ ભાગોવાળા મહાગ્રંથથી જગતભરને ઋણી બનાવનાર સ્ટિથ ટોમ્પસનનું થાણું! એમનું આદર્યું પૂરું કરવુંય આકરું લાગે; પણ આમણે તો, જે બે તપ (૧૯૫૭થી મૃત્યુ સુધી) ત્યાં ગાળ્યાં એમાં એ કેન્દ્રને, ચાર મોટા વિભાગોની ચતુર્વિધ કામગીરીથી લોકવિદ્યાશાસ્ત્રનું એક આકર્ષક તીર્થક્ષેત્ર બનાવી દીધું. એ ચાર વિભાગો અને એમની કામગીરી એટલે (૧) લોકવિદ્યાશાસ્ત્રની અધ્યાપનશાખા; (૨) સંગ્રહસ્થાન ને સંશોધનશાખા; (૩) લોકસંગીતની સામગ્રીનું વિશાળ સંગ્રહસ્થાન; તથા (૪) અરધોક માઈલ લંબાયે જતી છાજલીઓ પરનાં લોકસાહિત્ય પરનાં અરધા લાખેક જેટલાં પુસ્તકોનું વિશાળ ગ્રંથાલય. આમ ચોપાસ ચારે દિશાએ આ વિદ્યાનાં વારિને એમણે એવાં ફેલાવ્યાં કે ત્યાંથી છલકાઇને એ દેશદેશ રેલાયાં! ડોર્સનમાં વ્યુત્પત્તિની સાથે વ્યવસ્થાશક્તિ પણ હતી. એ બન્નેનો લાભ લોકવિદ્યાશાસ્ત્રને મળ્યો. એમની વ્યુત્પત્તિને કારણે અનેક પદો, ક્યાંક અધ્યક્ષ, ક્યાંક ઉપાધ્યક્ષ, ક્યાંક પ્રમુખ, જર્નલના મુખ્ય સંપાદક, અનેક પ્રવાસ - અનુદાનો, શિષ્યવૃત્તિઓ, પ્રવાસી કે મુલાકાતી પ્રાધ્યાપક તરીકેનાં નિમંત્રણો, માન અકરામો વગેરે પણ એમને મળ્યે ગયાં; એને ગણાવવાનો કોઈ અર્થ નથી! એ બધાં એમને કારણે શોભ્યાં ને સાર્થક બન્યાં, ને એનો લાભ તો લોકવિદ્યાશાસ્ત્રને જ મળ્યો.

ઈ. ૧૯૭૮માં તેઓ ભારત પણ આવેલા. કલકત્તાની દસમી નૃવંશ-પ્રજાતિશાસ્ત્રની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ (ICAES)ના તેઓ અધ્યક્ષ હતા. ત્યારે દિલ્હી, કલકત્તા, ગૌહાતી બૅંગલોર-મૈસૂર વગેરે સ્થળોએ ફરેલા, ને વ્યાખ્યાનો આપેલાં. ચકોર નજરે અહીંની કામગીરી જોયેલી-નોંધેલી. રોજનિશિ રાખતા, ને ભારત વિષેની એમની ડાયરીની સામગ્રી પ્રસિદ્ધ કરવાનો પણ ખયાલ હતો. વિશ્વની લોકકથાઓની શ્રેણીમાં 'ભારતની લોકકથાઓ' એ પુસ્તક સંપાદિત કરીને પ્રસિદ્ધ પણ કર્યું છે.

એમની વ્યુત્પત્તિ માત્ર વર્ગો–વ્યાખ્યાનોમાં ન સમાતાં, સંપાદનો–ગ્રંથો–લેખો દ્વારા પણ વિસ્તરણ પામતી રહી છે. પચ્ચીસેક પુસ્તકો, વિશ્વ લોકકથાસંપાદનની શ્રેણીના ડઝનેક ગ્રંથો, સેંકડો સામયિકો–પુસ્તકોમાં લખેલા સેંકડો અગ્રંથસ્થ લેખો એ બધાંમાં ડોર્સન મુદ્રિત થઈ, કાયમી શબ્દરૂપે હજી બોલે છે. લોકસાહિત્યના અભ્યાસમાં પ્રવેશ કરનાર કોઇને ય તે એમના સંપાદિત કરેલા લેખસંગ્રહ 'ફોકલોર ઍન્ડ ફોકલાઈફ' વિના નહિ જ ચાલે. તો, આ ક્ષેત્રે કામ કરનારાઓનો વિગતે ઇતિહાસ જે એમણે લખ્યો છે, તેના વિના પણ નહિ જ ચાલે. એમની ભાષા સરળ ને સચોટ છે, છતાં ક્યાંય આવેશ નથી, કશું કાચું-ફિસ્સું નથી આવવા દેતા. સ્ટિથ ટોમ્પસન પછી, એમણે આ ક્ષેત્રે જે કામ કર્યું એ એવું છે કે આ આખા ગાળાને ૧૯૫૭થી આજ સુધીનાને—'ડોર્સન યુગ' કહેવો પડે. એમની ષષ્ઠીપૂર્તિવેળા, ૧૯૭૬માં એમને ૫૩૭ પાનાંનો એક અભ્યાસગ્રંથ અર્પણ કરાયો હતો. ('Folklore Today: A Festschrift for Richard M. Dorson') એ પહેલાં પણ એમનાં વિદ્યાર્થીઓએ ૧૯૭૫માં આવો એક અભિનંદન-ગ્રંથ સમર્પેલો. એમના હાથ તળે ૭૧ જણ ડૉક્ટરેટ પામેલા; એમાંના ઘણા વિદ્વાનો છે. એમના લખાણમાં ઇતિહાસકારની ચોકસાઈ, વૈજ્ઞાનિકની સત્યનિષ્ઠા ને તત્ત્વશોધની તાલાવેલી તથા કલાની સંવેદન સભરતા છે. એ કહેતા : We are all scientists as we strive for knowledge; we are all artists as we seek moral truths. જ્ઞાનતરસથી આપણે સૌ વૈજ્ઞાનિકો છીએ; તો મૂલ્યપરસ્તીથી આપણે જ કહેવાઇએ કલાકારો. આવો એક મૂલ્યપરસ્ત માનવધર્મી યુગપ્રવર્તક લોકવિદ્યાવિદ્ અત્યારે વિદ્યમાન નથી તેનો વસવસો રહ્યા જ કરશે.

કનુભાઈ જાની

જિંદગીનો સાર જો પાણી મહીં:
એક પરપોટો થયો, ફૂટી ગયો.
—'શયદા'

અબ્રાહમ લિંકનને એક મિત્રે કહ્યું: 'તમે તમારા દુશ્મનોને માથે ચડાવો છો. એમને જડમૂળથી ઉખેડી નાખો અને જુઓ કે કોણ તમારી સાથે દુશ્મનાવટ રાખી શકે છે?'

આછું સ્મિત કરીને લિંકને ઉત્તર દીધો: 'પ્રેમથી દુશ્મનોનું દિલ જીતી લઇને તેમને હું મિત્ર બનાવું છું. એમાં જ હું મારા દુશ્મનોનો નાશ નથી કરતો શું?'

કહેવતોના અર્થ: ગાડું નાવમાં, ને નાવ ગાડા પર'—પરિસ્થિતિ અનુસાર માણસને વારાફેરા આવે છે અથવા હાલત કે પ્રસંગ બદલાઈ જાય છે, માટે અભિમાન તજીને મન મોટું રાખવું, અથવા પોતાની તક આવે ત્યાં સુધી ધીરજ ને તકેદારીથી રાહ જોવી એવી શીખ આપતી આ કહેવતના મૂળમાં અનેક હિન્દી-કચ્છી દોહરા મળી આવે છે. જેમાંના સૌથી વિશદ આ મુજબ છે:

અપની અપની દૌરમેં સબકો લાગત દાવ,
જલમેં ગાડી નાવ પર, થલ ગાડી પર નાવ.

અથવા

કભુ બડાઈ ન કીજિયે, મન રખિયે દરિયાવ,
કબહુક ગાડી નાવ પર, કબહુ ગાડી પર નાવ.

અનેકાર્થી શબ્દ: ખોટું=જૂઠું, અસત્ય; ભૂલચૂકવાળું; ખરાબ; નઠારું, અનૈતિક; ફૂટી જાય એવું, બેવફા, બેઈમાન; કામ ન દે એવું, જડ, નકામું(જેમ કે અંગ); નુકસાન, અન્યાય; ખોટું-કામ (કોઈનું ખોટું કરવામાં આપણને શો લાભ?); ખોટી ચાલ—બદચાલ, વ્યભિચાર; ખોટી-નજર—કુદૃષ્ટિ; વગેરે.

ગણિત-ગમ્મત: તમારા મિત્રને દસ કરતાં ઓછા એવા કોઈ પણ બે આંકડા ધારવાના કહો. એ બેમાંથી એકને પાંચ વડે ગુણાવો. એ ગુણાકારમાં સાત ઉમેરાવીને આવેલા સરવાળાને બમણો કરાવો. હવે તેમાં ધારેલો બીજો આંકડો ઉમેરાવો. જે આવે તે પૂછી લઈ તેમાંથી તમે ૧૪ બાદ કરશો તો જે રકમ રહેશે તેના બંને આંકડા એ જ એના ધારેલા આંકડા હશે.

દક્ષિણ ફ્રાંસમાં લૅસ્કોક્સ તથા ઉત્તર સ્પેઈનમાં અલ્ટામેરની પ્રાચીન ગુફાઓમાં ભીંત ઉપર પ્રાગૈતિહાસિક માનવીએ કરેલાં પ્રાણીચિત્રો પ્રાચીનતમ ગણાય છે. આ સુંદર ચિત્રો ઈ. પૂર્વે ૩૦૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ પહેલાંના હોવાનો અંદાજ છે.



ટિકિટકથા ૧૮૭૮માં તુર્કસ્તાન જીતાયા પછી બર્લિનમાં મળેલી યુરોપની રાજસત્તાઓની કૉંગ્રેસમાં રશિયાએ ડાન્યુબથી માંડી એજીઅન સમુદ્ર સુધીના તુર્કી બલ્ગેરિયાને સ્વાતંત્ર્ય આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આમ કરતાં ઑટોમન સામ્રાજ્ય વહેલું ખતમ થઈ જશે એમ સમજીને ડિઝરાએલીએ બલ્ગેરિયાના ત્રણ ભાગ પાડવાનું સૂચન કર્યું, જેમાં ઉત્તર તરફનો પ્રદેશ સ્વતંત્ર બને, તથા મધ્ય ને પૂર્વ તરફનો પૂર્વ રૂમેલિયાનો પ્રદેશ ક્રિશ્ચિયન ગવર્નરની સત્તા તળે તુર્કી રહે અને દક્ષિણનો ત્રીજો ભાગ-મેસિડોનિયા તુર્કીને પાછો સોંપાય તેવો પ્રસ્તાવ હતો. આ રીતે વિભાગો થયા પછી પૂર્વ રૂમેલિયાએ પોતાની જે નવી ટપાલટિકિટો બહાર પાડી તેમાં તેણે તે કાળની તુર્કી ટિકિટોના નમૂનાનો આધાર લીધો હતો. એમાંની એક ટિકિટ અહીં દર્શાવી છે. આ ટિકિટોમાં ફ્રેંચ, ગ્રીક, તુર્ક અને બલ્ગેરિયન ભાષામાં લખાણ હતું. ઈ. ૧૮૮૫માં બલ્ગેરિયાએ પૂર્વ રૂમેલિયા પર આક્રમણ કર્યું તે પછી ત્યાંની વધેલી ટિકિટો તેણે ટિકિટવિક્રેતાઓને વેચી દીધી જેમાંની કેટલીક આજે યે નજીવી કિંમતે મળી શકે છે.

નાનુ: 'તમે નાના ફોટોગ્રાફો પરથી મોટા કરી આપો છો, તે કેવડા, અસલ જેવડા કરી આપી શકો?'

ફોટોગ્રાફર: 'હા જરૂર.'

નાનુ: 'તો મેં હિમાલયની એક છબી પાડી છે તે એના જેવડી કરી આપશો?'

'અલ્યા, તું અત્યારથી જૂઠું બોલતાં શીખ્યો? તારી ઉંમરે તો હું કદી જૂઠું બોલતો નહિ.'
'તો ક્યારથી શરૂ કર્યું?'

મનુ: દોસ્ત, તું થીએટરમાં કામ કરે છે, તો આજના ખેલની બે ટિકિટ ના લાવી આપે?

કનુ: જરૂર; અને તું બૅંકમાં કામ કરે છે, તો પાંચપાંચની બે નોટ મને લાવી આપને!